આ ભયકર વિશ્વ-વિગ્રહ દુનિયાના સર્વ દેશોમા પ્રસરતા અને અસાધારણ રીતે લબાતા મુબાઈ જેવા શહેરોમાથી કેટલાક ભાઈઓ ત્રણ-ચારથી પણ વધારે વખત ગામડામા જઈ આવીને-ઉચાટ થઈને પાછા મુબઈ ભેગા થઈ જાય છે આવા સમયે પોતાના અમુક પ્રકારના નિર્ણયને ક્યા સુધી વળગી રહેવુ તે કહેવુ મુશ્કેલ છે એટલુ જ નહિ પરતુ આપણા પોતાના સાધન-સામગ્રી અને આર્થિક અનુકૂળતા ઉપર આધાર રાખે છે એનામાથી

ચુલામા ન ફસાઇ જવાય તેની ખાસ સભાળ રાખવી જોઇએ—ઘેરથી નીકળી વનમા-વગડામા જઇને વસીએ અને ત્યા આગ લાગે તો ચિંતિત વધારે મોટી થઇ પડે નીડરતા-હિંમત-નિશ્ચયમન બરાબર કેળવ્યા હોય તો જ કઇક શાતે અને મનોબળપૂર્વક જીવી શકાય અને દુકુબીજનો પ્રયેની જવાબદારી બરાબર અદા કરી શકાય

હાલમાં ચાલતા વિશ્વવિગ્રહે પ્રત્યેક વ્યક્તિને-સમાજના જવાબદાર આગેવાનોને અને રાજ્યના સત્તાધીશોને અપૂર્વ અને અવનવા ધાડ્યા બોધપાઠ પૂરા પાડ્યા છે એનો તેનો બરાબર ઉપયોગ કરતા અને લાભ લેતા થઇ જવાય એ જ જરૂરનુ છે મુશ્કેલીના કાળમાથી નિર્વિઘ્ન પાર ઉતરવાની ગણતરી જ લાભકારક જણાય છે માણુસની ખરી કસોટી પણ આવા અવસરે જ આપોઆપ થઇ જાય છે પરિણામે અમુક પરિસ્થિતિ લાભકારક થઇ પડશે કે કેમ તે કહી શકાય નહી પાછળથી સૌ કોઇ પોતાનુ ડહાપણુ આગળ કરી તે માટે અભિમાન અને ગૌરવ ધારણુ કરવા બહાર પડે પરતુ ભવિષ્યના ગર્ભમા કેવા પ્રકારના ઉત્પાતો-ગુચવણો ભરેલી સ્થિતિઓ ભરેલી પડી છે તે કોઇ કહી શકે તેમ નથી આવી બાબતોમાં વ્યવહારકુશળ અનુભવી અને દીર્ઘદર્શી સજ્જનોનુ અનુકરણુ કરવુ તે જ આપણો પરમ ધર્મ અને પવિત્ર ફરજ થઇ પડે છે કહેવત, હરીનાઇ કે ભોગીધમાન મમ લાર ાગી 'સૌની સાથે મરવુ એ વિવાહ જેવુ ગણાતુ' એવી કહેવતને માની પણ સાર વસ્તુ વિવેક અને સમજુ જનો મેળવી શકે છે જ ;

દુર્ભિક્ષ-દુષ્કાળ અને અસાધારણ મોંઘવારી જેવા પ્રસગે અર્વાચીન સમયમા રેલ્વે, મોટર અને અન્ય વાહન-વ્યવહારના સાધનોથી કેટલીક રાહત મેળવી શકાય છે, નજીકના અન્યગામોનો લાભ લઇ શકાય છે પરંતુ એવી મહાન આફતો-એક સાથે સુરક્ષિત કરવી હોય ત્યારે કઇ દિશા સૂઝતી નથી-કેવળ શૂન્ય

પડે છે અને કયો રસ્તો લેવો-ક્યાં જવું-શું કરવું ? વગેરે પ્રશ્નો તરેહ તરેહની મુંઝવણો ઉભી કરે છે પ્રાચીન સમયમાં હાલના જેટલાં ઝડપી અને વિપુલ વાહન વ્યવહારનાં સાધનો હતાં નહીં અને તેથી જ તેવા દુભિક્ષ-દુષ્કાળગ્રસ્ત સ્થળેથી ખસી જવાની શાસ્ત્રકારોની સલાહ અને ફરમાન આવકારદાયક લેખી શકાય પરંતુ દુષ્કાળગ્રસ્ત પ્રદેશનો વિસ્તાર વધો વિશાળ હોય ત્યારે હીમતપૂર્વક તેના સામનો કરવાનું જ રહે છે સાધનસંપન્ન ભાઈઓએ આવા કટોકટીના પ્રસંગે પોતાના સાધનહીન અને ગરીબ ભાઈઓ માટે કંઈ ને કંઈ કરી છુટવું જોઈએ તેમાંજ તેમની શોભા અને કૃતવ્યશીલતા રહેલ છે આવા પ્રસંગે જ ખરા અને સાત્વિક સ્વામિવાત્સલ્યની તક સાંપડે છે મધ્યમ વર્ગના પ્રતિષ્ઠિત અને ખાનદાન કુટુંબના સ્વામિ ભાઈઓને અને અન્ય બંધુઓને ટકાવી રાખવા માટે ગુપ્ત-દાન વગેરેની અનેક પ્રકારની યોજનાઓ ઘણી આવકારપાત્ર થઈ પડે છે વિશાળ દૃષ્ટિથી વિચાર કરતા ગતાનુગતિક ધોરણે કેવળ કીર્તિ અને નામની ખાતર થતા સ્વામિવાત્સલ્યની પરમાર્થ દૃષ્ટિએ ઘણી જ અલ્પ કીમત છે

રોગ આવે તેવા ઉપદ્રવવાળા સ્થાનનો પણ ત્યાગ કરવાની સલાહ ઘણી જ કીમતી અને અમૂલ્ય છે ખાસ કરીને ચેપી રોગોથી બહુ ચેતતા રહેવાની જરૂર છે પ્લેગ-કોલેરા જેવા અનેક પ્રકારના ભયંકર રોગચાળા પ્રસંગે સાવચેતીપૂર્વક કામ લેનારા એ તરફનું દિશા-સૂચન ભૂતકાળના અનેક પ્રસંગોના અનુભવથી તદ્દન સ્પષ્ટ અને સુતર જણાય છે શરૂઆતથી જ ચેતતો રહેનાર કફોડી સ્થિતિ-માંથી બચી જાય છે "ચેતતો નર સદા સુખી" એ સૂત્ર આવા આફતકારક પ્રસંગોએ ખાસ કરીને માર્ગદર્શક થઈ પડે છે

ચેપી રોગચાળાનો ઉપદ્રવ શરૂ થવાના ચિહ્નો જણાય કે તરત જ ખાન-પાનની બાબતમાં તેમજ રહેણી-કરણીમાં સંયમપૂર્વક વૈદ્યકીય

સનાદ મુજબ જીવનમાં જરૂર પૂરતો પનેટો લાવી શરૂઆતથી જ દરેક પ્રકારના સાવચેતીના ઉપાયો અને સાધનોની સગવડતા કરી લેવી જોઈએ આવો ઉપદ્રવ ભયંકર સ્વરૂપ ધારણ કરે તે પહેલાં જ સ્થળાંતર કરી લેવું જોઈએ અને તેમાં પણ અન્ય સ્થળે ચેપી રોગના જંતુઓ વધારે જોર કરે તેની હદ સુધીની તપાસ કરવી જોઈએ નહિ પ્રતિકાર-ઉપાય તરીકે તેને રોગનું એન્ટી-ઈન્જેકશન લઈ લેવું જોઈએ આરોગ્યના અને શરીરસુખાકારીના સામાન્ય નિયમો મુજબ વર્તવામાં ખાન-પાન અને રહેણી-કરણીમાં વધારે કાળજી રાખવી જોઈએ કોહી ગયેલાં-સડેલાં શાક-ભાજી ફેંકી દેવાં તથા ઉકાળેલું પાણી પીવાનો નિયમ રાખવો તે આવા રોગચાળા પ્રસંગે ઘણો જ ફાયદાકારક જણાય છે

આવા રોગચાળા પ્રસંગે-ગરીબ અને અજ્ઞાન પ્રજાવર્ગના સમૂહ વચ્ચે સેવાભાવી સજ્જનો તન મન અને ધનના સદુપયોગથી પરમ ઉપકાર કરી શકે છે અને લોકોપકાર કાર્યક્ષેત્રમાં ઘણો સારો ફાળો આપી શકે છે આવા જીવન-મરણના પ્રસંગે અન્ય જનોને હરકોઈ બાબતમાં યોગ્ય મદદ આપવી તે આપણી પવિત્ર ફરજ છે-પુનિત જીવનની સાર્થકતા છે

માર્ગાનુસારીના જણાવવામાં આવેલ તમામ આવશ્યક ગુણોના અનુશીલન અને પરિશીલનથી માર્ગાનુસારીપણામાં વધારે મજબૂત અને દૃઢતર થતા જઈએ તો સાધ્ય કંઈક નજીક આવતું જણાય છે અને ગુણસ્થાનકમારોહમાં ઉન્નતિ થતી જાય છે

જે (દેશ, કાળ અને જાતિની અપેક્ષાએ) નિંદ્ય ગણાતી, પ્રવૃત્તિ ન કરતો હોય,(૧૧)

अप्रवृत्तश्च गर्हिते-એ શબ્દોથી શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય મહારાજ માર્ગાનુસારીના ધર્માધિકારી-યોગાધિકારી ગૃહસ્થના લક્ષણો (ગુણો)-ના વર્ણનમાં આગળ વધતાં નિંદ્ય કાર્યને તજવા યોગ્ય ગણાવે છે

અને યોગશાસ્ત્રને ભાષાનુવાદ કરનાર પંડિત ખુશાલદાસ નિંઘ પ્રવૃત્તિથી દેશ-કાળ અને જાતિની અપેક્ષાએ જણાતી હોય તેવી પ્રવૃત્તિથી મહાનુભાવોને દૂર રહેવા આગ્રહ કરે છે આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે વ્યવહારિક તેમજ ધાર્મિક કાર્યોમાં પણ દેશ કાળ અને જાતિની અપેક્ષાએ જ કર્તવ્ય-અકર્તવ્યનો નિર્ણય કરી લેવાનો રહે છે જાણીજોઈને કે અણજાણતા પણ નિંદા-ગર્હા-તિરસ્કારને પાત્ર થવાનુ અને તેવુ કઈપણ કાર્ય વિચારશીલ-સમજદાર પુરૂષ હાથ ધરશે નહિ ઉપલક નજરે-તાત્કાલિક પોતાને કઈ ફાયદો થતો હોય-સામાન્ય લાભ પ્રાપ્ત થતો હોય તો પણ દેશ, કાળ અને જાતિની અપેક્ષાએ-જે જે કાર્યોની ગણના નિંદ્ય કાર્ય તરીકે થતી હોય તેવા કોઈ કાર્યમાં ગુણાનુરાગીની પ્રવૃતિ હોય જ નહિ दृष्टिपूत न्यसेत्पादं-એ સૂત્ર અનુસાર સમજુ-ડાહ્યો માણસ નજરથી પવિત્ર થયેલ-શુદ્ધ-ચોખ્ખી જગ્યામાંજ પોતાનો પગ મૂકશે કે જેથી તેને કોઈ પ્રકારની ઈજા થવાનો કે હિંસાદિ દોષ વ્હોરી લેવાનો પ્રસગ કદી પણ ઉપસ્થિત થાય નહિ એ ગળણે ગળીને પાણી પીનારની માફક સાવચેત અને સાવધાન પુરૂષો પુખ્ત વિચાર કરીને જ દેશ-કાળનો બરાબર ખ્યાલ રાખીને જ પોતાની પ્રવૃત્તિ હમેશા સત્કાર્યોમાં જ કરતા હોય છે કે જેથી તેને પશ્ચાત્તાપનો કે કોઈના તરફથી નિંદાવાનો પ્રસગ આવી પડે નહિ

यद्यपि शुद्ध लोकविरुद्धं नाकरणीय नाचरणीय એ સૂત્ર એટલુ બધુ અર્થગંભીર અને મહત્વપુર્ણ છે કે તેના ઉપર સ્વતંત્ર લેખ લખી શકાય તેમ છે પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ ઉભા કરી બન્ને પક્ષો તરફથી મજબૂત-અકાટ્ય-ધ્યાનમાં લેવા જેવી દલીલો અને વિચારપૂર્વકનો 'વિવેચનો' આગળ કરી શકાય તેમ છે છતા આ લેખમાં પ્રસગોપાત એટલુ જ-કઈક ભારપૂર્વક કહેવાનુ રહે છે કે સામાન્ય કોટીમાં રહેલા 'મનુષ્યોએ' ઉપરના સૂત્રના ભાવાર્થને

બરાબર વળગી રહીને જ પોતાનું યોગ્ય કાર્યક્ષેત્ર અને કાર્યપ્રણાલિકા નક્કી કરી લેવી જોઇએ અસાધારણ શક્તિના ધણી-સમાજની સામાન્ય લેવલથી કઇક ઉચ્ચ ભાગે પહોંચેલા મહાનુભાવો જ પરમ પુરૂષો જ-અવધૂત યોગી મહાત્માઓ જ ધાકતા કે સમાજબળની પરવા ન કરતાં સમાજના પ્રવાહથી વિરૂદ્ધ સામા તરવાની હીમત કરી શકે

સામાન્ય જનોના પુરતા માટે તો ઉપરનું સૂત્ર જ સર્વાંગે અનુકરણીય અને આદરણીય છે દેશ, કાળ કે જાતિની અપેક્ષા રાખ્યા સિવાય નિદ્ય પ્રવૃત્તિમાં ઉતરી જવાથી નથી જાળવી શકાતું આપણું પોતાનું હિત કે નથી જાળવી શકાતું અન્ય જનોનું હિત ઉલટા તેવી પ્રવૃત્તિથી આપણા અન્ય સદ્‌ગુણોને હાનિ પહોંચે છે જનસમાજમાં આપણી કીમત ઘટી જાય છે અને ક્લેશ તથા કષાયવૃદ્ધિને કારણ મળે છે

એક અસત્ય (જુઠાણું) અનેક અસત્યોને જન્મ આપે છે તેમ એક વખત નિંદ્ય કાર્યમાં પ્રવૃત્તિ કરવા જતા-સામાન્ય જનસ્વભાવને અનુરૂપ-સાચી યા ખોટી દલીલો આગળ કરી પોતાનો બચાવ કરવાની વૃત્તિ હમેશા સતેજ રહેતી હોવાથી, અનેક નિંદ્ય કાર્યમાં સરી પડાય છે અને તેમ થતાં જીવન જ અમારું થઇ જાય છે તથા લોકપ્રિયતા અને સમાજનો સદ્‌ભાવ ગુમાવી દેવાય છે

દેશ, કાળ અને જાતિની અપેક્ષાએ નિંદ્ય પ્રવૃત્તિ કોને કહેવી તે કઇ રીતે નક્કી કરવું-એ તદ્દન સહેલું નથી છતાં પણ વ્યવહારકુશળતાપૂર્વક લોકસમૂહની પ્રવૃત્તિઓનો બરાબર અભ્યાસ કરી જનસ્વભાવ બરાબર પીછાની લેવામાં આવે, અને અનુભવ-મિત્રની મદદથી સારાસાર વસ્તુનો વિવેકપૂર્વક નિર્ણય કરવામાં આવે, તો કર્તવ્ય-અકર્તવ્ય વચ્ચે લીટી દોરી લેવાનું મુશ્કેલ

[illegible]

[illegible]

સમાજ સાથેનો સંબંધ [illegible] વ્યક્તિની [illegible] આપણે [illegible] સમાજમાં [illegible]

સમાજ એ તો [illegible] આપણા [illegible] અને તેથી [illegible] વ્યક્તિના [illegible] યથાર્થ પ્રતિબિંબ [illegible] તેની [illegible] પ્રવૃત્તિઓ [illegible] અને વ્યક્તિનો પૂરેપૂરો [illegible] સમાજના [illegible] જતાં આપણે [illegible] સમાજને [illegible] એક કોઈ પણ વ્યક્તિની નિજ પ્રવૃત્તિ [illegible] સમાજ [illegible] કરશે નહિ [illegible] જીવનની [illegible] જીવનથી જ થાય.

જુદાજુદા પ્રદેશોમાંના રીત-રિવાજો [illegible] રહેણી-કરણી [illegible] સામાન્ય નિયમો ખાન-પાનની પ્રવૃત્તિઓ સર્વત્ર એક સરખા [illegible]

હોતા નથી પ્રત્યેક પ્રદેશની આબોહવા રાજકીય સ્થિતિ અને ન્યાય-નીતિના સિદ્ધાંતોને અનુરૂપ તેનુ બંધારણ હોય છે અને તેથી જ આપણી પ્રવૃત્તિ નક્કી કરવામાં જે જે દેશની પરિસ્થિતિનો પૂરેપૂરો ખ્યાલ રાખવો જોઇએ આમ છતા પણ નિંદ્યની કોટીમાં મુકવા યોગ્ય પ્રવૃત્તિ માટે જુ દાજુ દા દેશોમા બહુ મતભેદ હોવાનુ સભવતુ નથી તો પણ દેશ-રિવાજને કદીપણ બાજુ ઉપર મૂકવો જોઇએ નહી આવા સિદ્ધાતોને અનુસરીને જ હજુપણ કાઠીયાવાડ લાજ કાઢવાના રીવાજને ચીટકણથી વળગી રહેલ છે

આવીજ રીતે કાળની પણ અપેક્ષા રહેલી જોઇએ અગારમા કે ઓગણીસમા સૈકાના રીત-રિવાજને અનુસરતી જુ ાજૂની પ્રવૃત્તિ આ નવયુગના વીસમા સૈકામા નિંદ્ય ગણાતી હોય તો તેનો એકદમ ત્યાગ કરી દેવો જોઇએ કાળના પ્રભાવની જેને કંઇ કીમત નથી તે ઘણી વખત બીત જ બુને છે પ્રાચીન કાળના-જૂના જમાનાને અકડાઇથી-અજ્ઞાનતાથી કે અધશ્રદ્ધાથી વળગી રહેનાર મનુષ્ય નવયુગના પ્રવાહને રોકી શકતો નથી અને વળી-વા ા બાબતમા પાછળ પડી જાય છે નવયુગના અવનવા સાધનોનો-વાહનોનો-વૈજ્ઞાનિક પ્રયોગોનો અને પ્રવૃત્તિઓનો લાભ લેવા તૈયાર થઇ જઇએ છીએ તો પછી આ જીદગીની અ ય બાબતોમા તેમજ વ્યવહારિક કાર્યોમા યુગબળને યોગ્ય સ્થાન કેમ ન આપવુ તે સમજી શકાતુ નથી

આ ગુણ માર્ગાનુસારીપણાને જેટલો આવશ્યક છે તેથી અનેક-ગણો આવશ્યક સાધુદશામા જીવન ગુજારનારને પણ છે અને તેથી જ ખેદ સાથે કહેવુ પડે છે કે કેટનાક સાધુમુનિરાજો અને આચાર્ય મહારાજાઓ પણ હજુ જમાનાને પીછાની શકયા નથી અને ગત સૈકાની પ્રવૃત્તિઓ જ આગ્રહપૂર્વક ચાલુ રાખી રહ્યા છે તેથી સમાજ જોઇએ તેટલો લાભ મેળવી શકતો નથી આ જમાનો જ્ઞાન યુગનો છે તેમાં ધામધૂમ, આડબર કે ખાની દાંભિક દેખાવને સ્થાન નથી

રાખ્યે જવામાં આવે તો ટૂંક મુદતમાં જ આફત આવી પડનારી રીતનો દાવાનો પ્રસંગ ઊભો થાય અને જનમેની આબરૂ-પ્રતિષ્ઠા ગુમાવવા પડે. એકાદ વરસ કઇ કારણવશાત્ અણધાર્યો ભારે પડતો ખર્ચ આવે અગર તો ધંધામાં ધાર્યો નફો ન મળતાં ઓછો નફો મળે અગર તો ખોટ જાય તો તેનો બોજો પછીના વરસોમાં લાગી શકાય પરંતુ સતત આવક કરતાં ખર્ચ વધારે થતો જતો હોય તો આખર પાઘડીનો વળ છેડે જ આવીને ઊભો રહે તેમ નાદારીનો જ પ્રસંગ આવી પડે

આ જમાનામાં ભોગોપભોગના સાધનો અને સગવડો વધી જવાથી જિંદગીની જરૂરીયાતોમાં ગણાતી વસ્તુઓનું વર્તુળ હદ ઉપરાંત વિસ્તરતું જતું હોવાથી પુરતી સાવચેતી અને સંયમપૂર્વક જોઇ વિચારીને કામ લેવામાં ન આવે તો ખર્ચ વધી જતા વાર લાગતી નથી પોતપોતાના સાધનસંયોગોનો પુરેપુરો ખ્યાલ રાખીને જ સમજુ માણસે પોતાનો જીવનવ્યવહાર ઓછી લાઇન ઉપર ચલાવવો તે નક્કી કરી લેવું જોઇએ સામાન્ય બાબતમાં પણ કરકસરથી કામ લેવાની ટેવ પાડવામાં આવે તો પ્રત્યેક બાબતના આ જ વરસ આખરના ખર્ચના સરવાળામાં ઘણોજ ફેરક પડી જતો માલમ પડે દુઃખ ખર્ચમાં જેમને નભાવી લેવાનું હોય છે તેમને દરેક બાબતમાં બહુજ સાવચેતી અને સંભાળપૂર્વક કામ લેવું જોઇએ આ વિષયમાં પરમ સમ્યકત્વધારક અને ઉત્કૃષ્ટ મનોબળવાળા અકિંચન પુણીયા શ્રાવકનું જીવન ઘણો ઉત્તમ બોધપાઠ પુરો પાડે છે તેને માટે કહેવાય છે કે તે એટલી બધી ગરીબાઇમાં પોતાનુ જીવન પસાર કરતો હતો કે તેની રોજની કમાણી બે મનુષ્યના ખોરાકખર્ચ પુરતી જ હતી અને હમેશાના ધોરણ મુજબ અતિથિ સંવિભાગ વ્રતના પાલનમાં-એક મનુષ્યના ભોજન ખર્ચમાં કમાણીનો અડધો ભાગ ખર્ચાઇ જતો હતો જેને તેણે અને તેની ધર્મ પત્નીએ

જાય્રૂની એકેક દીવસ ઉપવાસ કરી લેવાનુ ધોરણ રાખેન પરતુ પોતાના મતના પાલનમા જરા પણ ઉણપ કે ઢીલીનતા આવવા દીધેન નહી તેમજ આવક કરતાં ખર્ચ વધારી દેઇ મુશીબત ઉભી થવા દીધેલ નહી આવા તાખના આજ કાલ તો ફક્ત ધર્મપુસ્તકોને શોભાવવા પુરતાજ માની લેવામાં આવે છે પરતુ તેનુ અનુકરણ-ઓછા વધતા અરો પણ કરવાનુ મન ઉપર લેવામા આવતુ નથી અને તેનુ પરિણામ કોઈ કોઈ વખતમા એટલ બધુ અનિષ્ટ અને સતાપજનક થઇ પડે છે કે આધિક મુઝવણ વધી જતાં જતાં ક્વચિત્ નીતિભ્રષ્ટતા વ્હોરી લેવાનો અગર આપઘાત કરવાનો પ્રસગ આવી પડે છે અને આશ્રયભૂત કુટુમ્બી જનોને ઘણી ખરી સ્થિતિમા મુકી દેવામાં આવે છે સતો નર સ ! સુખી' એ સૂત્ર અનુસાર પ્રથમથીજ જો ખર્ચના પાના ઉપર યોગ્ય કાબુ રાખવામા આવે અને સતોષ પૂર્વક નભી જી લવામા આવે તેમજ કુટુમ્બી જનોને પણ તેમા અગાઉ સામી રહે તો કઈ પણ મુશ્કેલી અનુભવવાનો પ્રસગ આવી પડે નહિ આવી બાબતની બાબતમા 'દેખા જાયગા' 'જોવુ જાશે કે થઈ રહેશે' એવા વિચારોને જરાપણ અવકાશ આપવો જાઇએ નહિ

સાધારણ સ્થિતિના કુટુમ્બના અનેમરોને આરી તીન મોટ વરીના-કટોકટીના વખતમા દરેક માણસના ખર્ચો ક ઉપરાન વધી જવાથી ઘણા પ્રકારની મુઝવણો ઉભી થાય છે અને તેમને માટે જ્યારે કઇ રસ્તો કાઢવાનુ આગત્ય થઇ પડે છે ત્યારે સમાજના હીતચીતક આગેવાનોએ યોગ્ય વિચાર કરવાનો રહે છે નગરશેઠ પ્રેમાભાઇ ત્યા શેઠ નીરચદ દીપચદ જેવા ધનેશ્વરી સદ ગ્રહસ્થો પોતાના સમયના ખાનદાન કુટુમ્બના સદગ્રસ્થોને શુભ દાનની યોગ્ય મદદથી યાતો-પોતાની નજર તળે રાખી કમાણી કમાવી આપવા માટે હમેશા ઉત્સુક અને તૈયાર રહેતા હતા તે હકીકત

તેમના સંસર્ગમાં આવનારાઓ હજુ પણ થા કરે છે

જેન સમુદાયમાંથી આજ ઘણી મ્હોટી કમાણી કરાવી આપતા ધંધા અને ઉદ્યોગો ઓછા થતા જાય છે અને મ્હોટો ભાગ સટ્ટાના ધંધા તરફ જ વધતો જાય છે અને તે વર્ગ એટલો બધો અનિશ્ચિત અને પાયમાલી તરફ દોરી જનારો છે કે તે ધંધામાં રોકાયેલના ભાગે જ કમાણી તદ્દન અસ્થિર અને અનિશ્ચિત હોવાથી આવકના પ્રમાણમાં જ પોતાનું ખર્ચ ગોઠવી રાખે છે ઘણાના ભોગ તેઓમાંના કોઈ ભાગ્યશાળી કમાય છે તે તેની કમાણી સતત ચાલુ રહેતી નથી આવા સંજોગોમાં ઉપર જણાવેલ નીયમને વળગી રહેવાનું તેમનાથી બનતું નથી વીના વિચારી વ્યવહાર કુટુંબ વગેરે આવા નિયમોની યથાર્થ ઉપયોગીતા સમજી શકે છે અનુભવ સિદ્ધ સિદ્ધાંતના ખ્યાલ આવા નીયમો જીવનમાં ઉતાર ખોવાની જરૂર છે અને તેને સમજણ પૂર્વક અનુસરવાનું હોવું જોઈએ ઉપાધિથી બચી જાય છે ખર્ચનો નિયમ પૂર્વક અનુસરનારને કરકસરથી પોતાની સાથે કમાણીમાં ભાઈ જેટલી મદદગાર છે કરકસરથી ... ગાડી ઉતારતામાં રચ્યા પચ્યા રહેનાર ભાઈઓ કંજુસ ... ઉતારી પાડે છે અને તેમને માટે ... તૈયાર થઈ જાય છે પરંતુ તેમાં તેમનું ... થતી હોવાનું તેમને જણાતું નથી કરકસર અને કંજુસાઈ વચ્ચે ક્વચિત બહુ ઝીણી પાતળી લાઈન ગોઠવવાનું મુશ્કેલ પરંતુ અશક્ય તો નથી જ

આવક સારી હોય છતાં પણ ખાનપાનમાં—પહેરવેશના રંગરાગમાં—અન્ય વ્યવહાર બાબતોને દરેક પ્રસંગે યોગ્ય ... કરવામાં સંકુચીત વૃત્તિથી પાછી પાની કરે તેને કંજુસ અને બખીલનું ઉપનામ સાર્થક છે અને તેથી જ સંપત્તિ પ્રમાણે પહેરવે

રાખવાનુ ખાનપાન માટે ખચ કરવાનુ તેમજ નિવૃત્તિને ઉદ્દેશા-વવાનુ માર્ગાનુસારી માટે આવશ્યક જણાવવામા આવેલ છે પંડિત શ્રી વીરવિજયજી મહારાજ પણ ભોગોપભોગ વ્રતની પૂજામાં એવુ જ કહી ગાઈ ગયા છે કે "અતિ ઉદ્ભટ વેશ ન પ્હેરીયે રે લો । નવિ ધરીએ મલીનતા વેશ જો—મને મમારી ગોરી વીનતી રે લોલ

મલીન વેશધારી માટે પોતાની માન-પ્રતિષ્ઠા કે આબરૂ જાળવી રાખવાનુ બનતુ નથી સમાજમાં તે હલકો પડે છે અને નિર્ભ-ત્સના પામે છે સજ્જનના મંડળમાં કે સભામાં પોતાનુ યોગ્ય સ્થાન ગુમાવી બેસે છે અને હાંસી પાત્ર થઈ પડે છે ગૃહસ્થને છાજતો યોગ્ય પ્હેરવેશ તેના આદર-માનમા વધારો કરવા ઉપરાંત તેના નુ-તેજમા પણ વધારો કરે છે આમ છતા પણ ટાપ-ટીપ કે ફેશનની ફીશીયારીમા ફસાઇ જતા તેથી બચી જવુ જોઈએ

રાજ્ય દરબારમા કે ન્યાયની કોર્ટમા, ઉપવન સમારંભો કે સેરીમાં જે રીતે full dress યાને પૂર્ણ પોશાકમા જવાની જરૂરીયાત છે તેજ રીતે દેવભુવન-ઉપાશ્રય કે પૌષધશાળાએ જનાર યોગ્ય પોશાક ઉપરાંત અન્ય જનો ઉપર સારી છાપ પાડવા શાસનની પ્રભાવના વધારવા યોગ્ય ઠાઠમાઠ સાથે જવુ જોઈએ પંડિત શ્રી વીરવિજયજી નવમાં સામાયિક વ્રતની પૂજામા ઉપદેશે છે કે —

" રાજા મંત્રી ને વ્યવહારી-ઘોડા રથ હાથી શણગારી
વાજીંત્ર ગીત આગળ પાળાં પરશમે દ્રવ્યદર્શનવાળા હે સુખકારી "

યોગ્ય પ્હેરવેશ-અને રહેણી કરણીથી આપણો પોતાનો માન-મરતબો અને મોભો સાચવી રાખવાની આપણા હાથની જ-બાજુની જ બાજુ છે અને તે તરફ પ્રવૃત્તિ [illegible]

જે આઠ બુદ્ધિ ગુણોથી યુક્ત હોય અને જે પ્રતિદિન ધર્મ શ્રવણ કરતા હોય

(૧૮-૧૫)

શુશ્રૂષા શ્રવણ ચૈવ ગ્રહણ ધારણ તથા
ઉહા-પોહોડર્થ વિજ્ઞાન તત્ત્વજ્ઞાનં ચ ધીગુણા

શાસ્ત્ર-સારીવાત સાભળવાની ઇચ્છા, તેને સાંભળવુ, તેનો અર્થ સમજવો-તેને યાદ રાખવુ-સમજેલ અર્થના આધારે તેવાજ બીજા અર્થોને સમજવા તર્ક વિતર્ક કરવા, વિરૂદ્ધ અર્થોનેદૂર કરવા, અર્થનુ સમ્યગ્જ્ઞાન કરવુ અને તત્ત્વનો નિર્ણય કરવો એ બુદ્ધિના આઠ ગુણો છે

ઉપર જણાવ્યા મુજબ બુદ્ધિના આઠ ગુણોજણાવતા શુશ્રૂષા અને શ્રવણ ને અનુક્રમે પ્હેલુ બીજુ સ્થાન અપાયાથી અને પ્રતિ દિન ધર્મ શ્રવણ કરવાની જરૂરીયાત માર્ગાનુસારી માટે જણાવવામાં આવ્યાથી બ ને ગુણોની ભેગી ચર્ચા આ લેખમાં હાથ ધરેલ છે પોતાના ક્ષયોપશમ મુજબ-યથાશક્તિ યોગ્ય પ્રયાસ કરતાં ઉપર જણા વ્યા મુજબના બુદ્ધિના ગુણો ધીમે ધીમે ખીલતા જાય છે અને તત્ત્વજ્ઞાન થતુ રહે છે

તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિથી સારાસાર વસ્તુ સમજાય છે, વિવેક વૃત્તિ ખીલે છે અને હેય-ઉપાદેય વસ્તુનુ યથાર્થજ્ઞાન થતાં-છોડવા યોગ્ય અને ગ્રહણ કરવા યોગ્ય વસ્તુ સ્વરૂપ મહિનો નિર્ણય દ્રઢ થતાં-તે માટે યોગ્ય પ્રવૃત્તિ કરવાનુ બની શકે છે

વસ્તુના સ્વભાવનું તત્ત્વના સ્વરૂપનુ આમા યજ્ઞાન માત્ર સાધ્ય -વસ્તુની સિદ્ધિમાં પૂરતુ મદદગાર થઇ શકતુ નથી પરંતુ તત્ત્વજ્ઞાનના પરિણામે યથાયોગ્ય પ્રવૃત્તિ-આચરણ અને સમજણ અને વિવેક પૂર્વકની ક્રિયા કરતા રહેવાથીજ મોક્ષ પ્રાપ્તિ સુલભ થતી જાય છે

એકવા જ્ઞાનને જ્યારે પાંગળુ કહેવામાં આવેલ છે ત્યારે યથાર્થ જ્ઞાન વિહીન ક્રિયાને અંધ ગણવામાં આવેલ છે અને તેથી જ ज्ञान क्रियाभ्याम् मोक्ष એ સૂત્રની યથાર્થતા સિદ્ધ થાય છે ' જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં કઠણ કર્મ કરે દૂર (નાશ) ' વગેરે ઉક્તિઓથી જ્ઞાનની ઘણી જ મહત્તા શાસ્ત્રકારો પ્રતિપાદન કરી ગયા છે છતા પણ ક્રિયા માટેનો યોગ્ય આદરભાવ ન ઉદ્ભવે તો પછી જ્ઞાન એનું શુષ્ક જ્ઞાનનું સ્વરૂપ ધારણ કરે છે અને તેવું શુષ્ક જ્ઞાન જન મન રંજન માટે કંઈક ઉપયોગી થઈ પડતું હોય બીજાને છેતરવામાં તે સહાયભૂત થતું હોય વાદ-વિવાદમાં મદદગાર થતું હોય તો પણ આત્મકલ્યાણની દૃષ્ટિએ તેની કીંમત એક બદામની પણ નથી જે જ્ઞાનનું ફળ શાસ્ત્રીય દૃષ્ટિએ વિરતિ બતાવવામાં આવેલ છે તે જ્ઞાન જ આપણને ખરું ઉપયોગી અને જીવનને સાર્થક કરવામાં મદદગાર થઈ પડે છે

બુદ્ધિના ઉપર જણાવ્યા મુજબના આઠ ગુણો યથાર્થ સ્વરૂપે ખીલતા જતા હોય તો જ ઉપર જણાવેલ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે પ્રતિદિન ધર્મ શ્રવણ કરવાની પ્રવૃત્તિ આ ગુણો ખીલવવામાં ઘણી મદદગાર થઈ પડે છે પરંતુ તેની પ્રવૃત્તિમાં ખરેખરો રસ હોવો જોઈએ અને તે રસની બરાબર જમાવટ થવી જોઈએ " કથા સાંભળી ફુટ્યા કાન, તોય ન આવ્યું બ્રહ્મ જ્ઞાન " એવી જે અનુભવસિદ્ધ કહેવત હંમેશા કથા શ્રવણ કરનાર હૃદય શૂન્ય કેવલ ભક્તોનો કથા શ્રવણનો અનુભવ આગળ કરે છે તેવી સ્થિતિ આપણી થવી જોઈએ નહિ

ધર્મ કથા કરનાર જ પોથીમાંના રીંગણા અને બજારમાં વેચાતા રીંગણા વચ્ચે ભેદભાવ પ્રતિપાદન કરવાની વૃત્તિ ધરાવતો હોય તેની કથા આપણને કેટલી બોધદાયક થઈ પડે તે એક પ્રશ્ન છે આમ છતાં પણ તેનાં ગુણ-દોષ તરફ દૃષ્ટિ ન રાખતા કથા

માની સાર વસ્તુ ગ્રહણ કરવા તરફ ધારણ કરવા તરફ મનન કરવા તરફ અને તેના નિદિધ્યાસન તરફ લક્ષ્ય જેનુ હોય તો રહેજે આત્મક ગણુ આ રીતે અને માર્ગાનુસારીપણામાં આગળ વધી શકાય

જે અજીર્ણ જણાતા ભોજનનો ત્યાગ કરતો હોય ત્યા' કાળે-ભુખ લાગે ત્યારે શાંત ભાવે પ્રકૃતિને અનુકૂળ ભોજન કરતો હોય

(૧૬-૧૭)

માર્ગાનુસારીના ઉપરના બન્ને ગુણ પરસ્પર સબંધવાળા અને ભોજનને લગતાજ હોવાથી તેનુ ભેગુ વિવેચન કરવામાં આવેલ છે ખાનપાનની બાબતમા આરોગ્ય, શરીરની સુખાકારી અને તદુરસ્તીને પ્રથમ સ્થાન આપવુ જોઇએ **શરીર માદ્યસ્તુ ધર્મસાધન**—તદુરસ્ત અને કોઈપણ પ્રકારના રોગથી મુક્ત શરીર હોય તો ધર્મ-સાધનામા, તપ-જપ-જ્ઞાન-ધ્યાનમા તેમજ સેવા-પૂજા અને ભક્તિમા દરેક પ્રકારની અનુકૂળતા અને જાગૃતતા સદા જળવાઇ રહે છે ખરી રીતે આ અસાર સસારમા ખરૂ સુખ છે જ નહિ બાહ્ય નજરે સુખી જણાતા મનુષ્યની આતર પરીક્ષા કરવાનુ બને અને તેના હૃદયમાં ઉદ્યોગતા ભાવ-ઉર્મિઓ અને વિચાર-વમળ તે તપાસવામા આવે તો અનેક બાબતમા-તેને ભોગવવા પડતા દુઃખ પ્રસંગોજ તરી આવતા જણાય છતા પણ સામાન્ય રીતે-ઉપરની નજરે સસારમાં રચ્યા-પચ્યા રહેતા મનુષ્યો અનેક પ્રકારના સુખની ગણના કરવા બેસે છે ત્યારે પ્રથમ સ્થાન શરીર-સ્વાસ્થ્ય-સુખાકારી અને તદુરસ્તી નેજ આપે છે અને તે ઉપરથીજ ' પહેલુ સુખ તે જાતે નર્યા એ કહેવત સમાજમા રૂઢ થયેલ છે ધન-ધાન્ય સપત્તિ વગેરે દરેક પ્રકારના અનુકૂળતા હોય પડિત શ્રી વીર

વિજાણના રાત્રીમા—"મેવન ફળ સમાનમા કરે રીના રમણી—અત સુદર માળા ની યોગ પ્રાપ્તિ થઈ હોય છતા પણ શરીરની આરોગ્યતા બરાબર જળવાની ન હોય અથવા નવાર અન્નની નાડિઓ ખેંચાયા કરતી હોય, જેમ ગોગનુ સાત્વન થવાની તૈયારી હોય ત્યા ભી કરોડ ગર્ભિત થવાની તયારી કરતો હોય કાછઆત જેવા બાચી હમેશના માટે ચિતા કરાવી ગયા ત્યાર તેને સસારી જીવનમા કેવી ભી ગયના સ્વાતો જ મેવવાના રહે છે તેને રગનરા—ભોજ-ખ ક રનવ-દિ ગમા જગપણુ આન ક સુખ—સતોષ જણાતા નથી તેનો મના સમર ગમગીનીમા લાગણીના તરંગો ચારમા ભો માનોપય રોમા જ પમાર થાય છે-ધમ ધ્યાન ઉ કે આત ત ન નથી આત્મ ગણ પરહિત ધીનનની ભાવના તરફ રુચિ જ થતી ધી મને સ્મો દુખ ન ન કરવામા જ નિમો ઘોના વા પડે કે અને આ ુખ સમાગમા પગ ક આશ્વા-સન રૂપ ખારા સમુદ્રમા મીઠી વીરડીઓ ઉર છે તેમ તર કિચિત્ સુખના સાધનો ત્યાર છે તેનો લાભ તેનાથી લઈ શકાતો નથી

અને પ્રકારના ગગ અને દુખ-દૈથી બચવા માટે શરીર રક્ષાના નીયમો સામર પાળવાનો આમાન્ય રીતે કુદરત (nature) શરીર સ્વાસ્થ્ય જાળવી રાખવામા ચાતરાને મદદગાર થઈ પડે છે છતા શરીર-સુખાકારીના નીયમો વિરુદ્ધ જઈને કે કુદરત વિરુદ્ધ કરીને આપણ જીવન ગુજારીએ તો સ્વભાવિક રીતે જ કઈને કઈ વિના ભોગ બની જઈએ અજીર્ણ અપચો જમાન હેર છતા પણ ખાવાની લાલસાને અકુશમા ન રાખીએ એમ-એ વખતના ભોજનનો ત્યાગ કરવા તૈયાર ન થઈએ તો અજીર્ણમા જ વધારો થવાનો અને શરીરમા રાગનુ જોર વધી જવાનુ અર્વાચીન વિજ્ઞાન શાસ્ત્રોએ વ્યાધિ નિર્મુળ કરવાના ઉપાય તરીકે અનેક પ્રકારના ઉપચાર બતાવે છે તેમાં ઉપવાસ-અનશન

વ્રત-ભોજનના ત્યાગને પણ એક પ્રકારનો સગીન ઉપચાર ગતા વવામા આવેલ છે આ કુ રતી ઉપચારથી ઘણી વખત અણધાર્યો તાત્કાલિક-સગીન લાભ મળી જાય છે અને તેથી તે અવશ્ય અજમાવવા યોગ્ય છે

અમુક કોઇ વ્યાધિનો ઉપચાર ગોધવા જવુ પડે તેના કરતાં તે વ્યાધિને ઉપસ્થિત જ ન થવા દેવો તે વધારે ડહાપણભરેલુ છે એટલે તે નજરે અજીર્ણ થતુ અટકાવવુ તે જ જરૂરનુ છે અને તે માટે શાસ્ત્રકારોએ બાહ્ય તપના ૭ પ્રકારના ભેદ ગતાવેલ છે તેમાથી ઉણોદરી વ્રતનો હમેશા આશ્રય લવામા આવે-જમતી વખતે બે ચાર કવલ ઓછા લેવામા આવ તો-અજીર્ણ થવાનો કદીપણ પ્રસગ જ ન આવે

આપણે સમજવુ જોઇએ કે શરીરને ટકાવી રાખવા માટે ફક્ત નિર્વાહની આવશ્યકતા છે બહાને પુછીને ખાવને બ ને હમેશાં પોતે જ પુછીને ખાવાની પ્રથા પા ડી જાઇએ છીએ બહાને કોઇ વસ્તુ વધારે સ્વાદિષ્ટ મધુર અને રૂચિકર લાગે તે કારણેજ શરીરની સ્થિતિનો-પાચન શક્તિનો કઇપણ વિચાર કર્યા સિવાય તે વસ્તુ વધારે પ્રમાણમા લેવામા આવે તો તે વ્યાધિને આમત્રણ આપ્યા બરાબર છે કેવળ ખાવાને જ ખાતર રસનેન્દ્રિયની તુષ્ટિ ખાતર જ ખાવાનુ નથી પરતુ શરીરને ટકાવી રાખવા-ક્ષુધાને શાત પાડવા ખાતર જ પ્રમાણસર ખોરાક લવો જોઇએ અન્ન પારકુ છે પરતુ પેટ પારકુ નથી એ વસ્તુ સારી રીતે સમજ્યા છતા પણ જ્ઞાતિ જમણ પ્રસગે અકરાતીયા થઇ જતા વાર લાગતી નથી ખાવાની બાબતમા ગમા ય રીતે મનુષ્ય પોતાનુ સ્વાતત્ર્ય ગુમાવી બેસી રસનેન્દ્રિયના ગુલામ થઇ જાય છે અને રસનેન્દ્રિયની ગૃદ્ધિ એટલી બધી સતેજ હોય છે કે જમતી વખત તે સ્વાદિષ્ટ વસ્તુની લાલચમાં

ફસાઈ પડે છે અને સબધીક મિત્રના આગ્રહ-આમંત્રણ નમતુ મુકી ભાન ભૂલે છે અને મિતાહારીપણુ જાળવી શકતા નથી આવી સ્થિતિ પરિણામે દુ ખદાયક થઇ પડે છે

માત્ર એટલે ભૂખ લાગે ત્યારે જ શાંત ભાવે પ્રકૃતિને અનુકૂળ પરિમિત ભોજન કરનારને કદીપણ શારીરિક મુશ્કેલી ઉભી થતી નથી કેમ ખાવુ-ક્યારે ખાવુ-કેવી રીતે ખાવુ-શુ ખાવુ-એ બધા પ્રશ્નોનો અભ્યાસ વૈદકીય નજરે કરી લેવાની જરૂર છે અને એ બધા પ્રશ્નોનો યોગ્ય વિચાર પૂર્વક શરીર સ્વાસ્થ્યની નજરે નિર્ણય કરી હમેશને માટે તે નિર્ણયને જ વળગી રહેવુ જોઈએ શાસ્ત્રકારોએ માર્ગાનુસારીના અત્તરમા ગુણની જે વ્યાખ્યા આગળ કરી છે તે ઘણી જ અર્થગભીર રહસ્યપૂર્ણ અને બોધદાયક છે અને તેમા તદ્દન નિસ્વાર્થ વૃત્તિથી શારીરિક તદુરસ્તીને જ અગ્રસ્થાન આપેલ છે અને તેથી ધર્મ સાધનામા જોઈતી અનુકૂળતા અને જરૂરી પ્રોત્સાહન મળી રહે છે

બેદરકારી કે નોકરી યા ધધાના ગેરાણને કારણે પણ ઉપરના નિયમમા શીથીલતા આવતા દેરી જોઈએ નહિ કારણ જરા પણ શીથીલતા આવતા-જો શરીર લથડે તો હારમા તારવાનુ મુશ્કેલ થઇ પડે છે ધમાવિકારી માર્ગાનુમારીને ભક્ષ્યાભક્ષ્ય-પેયા-પેયનો વિચાર અને વિવેક અવશ્ય હોવાજ જોઈએ પરતુ તે ઉપરાત-ભોજનની બાબતમા નિયમિતતા-પરિમિતતા અને યોગ્ય સયમ પણ અવશ્ય જાળવવા જોઈએ આ બધી બાબત જાળવી લેનારને વૈદ્ય-ડૉક્ટરના બીલ ચુકવવાનો પ્રસગ આવતો નથી તેમજ નીરોગીપણાથી જીવન વ્યવહારના માર્ગોમાં પણ જ સરલતા પડે છે એટલુ જ નહિ પરતુ જીવન-નગીમા ઉચ્ચ સ્થાન મેળવવા ભાગ્યશાળી થાય છે

યુવાવસ્થા કરતા પણ વૃદ્ધાવસ્થામા—જ્યારે શરીર ઘણુ ક્ષીણ થઈ ગયુ હોય—જઠરાગ્નિ મંદ પડી ગયો હોય—સઘળી ઇન્દ્રીયોની શક્તિ દિન પ્રતિદિન ક્ષીણ થતી જતી હોય—ત્યારે આહારમા મદદ આપતા દાંત પણ ઘણા ખરા પડી ગયા હોય—તેવી સ્થિતિમાં ઉપર જણાવેલ નિયમોના પાલનમા ઘણી જ સભાળ રાખવાની જરૂર છે

શરીરની અસ્વસ્થતા કુટુમ્બી જનોને પણ ચિંતા આદિ વિષાદનુ કારણ થઈ પડે છે અને તેથી તે જાળવી રાખવા માટે પ્રત્યેક મનુષ્યે પુરેપુરા ઉદ્યમશીલ રહેવુ જોઈએ ખાન-પાનના વિષયમા જેટલી લોલુપતા ઓછી કરી શકાય તેટલી ઓછી કરી તે આપણા લાભનીજ બાબત હોઇ તેના તરફ પુરતુ ધ્યાન આપવુ જોઈએ

રસનાની વૃદ્ધિ અને લાલસા મનુષ્યને ઉચ્ચ કોટીમાથી એટલો બધો નીચે લાવી મુકે છે કે તે વિનય-વિવેક કે ભાન તદ્દન ભૂલી જાય છે અને જીવનુ જોખમ વહોરી લે છે અને તેથી જ કહેવામા આવે છે કે ડાગનો માર્યો ઉચુ જુએ અને અન્નના માર્યો નીચુ જુએ જૈન શાસ્ત્રકારો ઉણોદરી વ્રત ઉપરાંત વૃત્તિ સક્ષેપ વાને પ્રતિદિન પ્રાત કાળે નિયમ ધારવાનુ—અમુક અમુક જ વસ્તુઓ વાપરવાના નિયમ લેવાનુ ફરમાવે છે તેમા શારીરિક સ્વાસ્થ્ય જાળવવા ઉપરાંત અનેક પ્રકારના પાપકર્મના બધનોથી પણ દૂર રહેવાનુ બને છે અને તેથી મોક્ષમાર્ગ તરફની કૂચ ઓછી તકલીફે સરલ અને સુગમ થઈ પડે છે તદ્દન નિઃસ્વાર્થ બુદ્ધિથી થતા શાસ્ત્રના ફરમાનો સુજ્ઞ વિચારકોને તો અવશ્ય આદરપાત્ર જ થવા જોઇએ તેમનો ઉપદેશ કદી નિરર્થક કે પોકળ પોથીમાના રીંગણાનો ત્યાગ કરવા જેવો હોતો નથી પરતુ ગંભીર વિચારણાથી પરિપક્વ અને અનુભવપૂર્ણ હોય છે

જે ધર્મ, અર્થ અને કામ એ ત્રણેનુ પરસ્પર બાધા ન પ્હોચે તે રીતે સેવન કરતો હોય

(૧૮)

ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચાર પુરૂષાર્થમા મોક્ષની ભાવના મુખ્યત્વે સાધુ- સમાજ સુલભ હોઇ બાકીના ત્રણના સેવન માટે માર્ગાનુસારી ગૃહસ્થ શ્રાવકને ખાસ સૂચના કરવામા આવે છે કે એ ત્રણે પુરૂષાર્થનુ સેવન એક બીજાને બાધા ન પ્હોચે તે રીતે કરવુ જોઇએ અર્થ અને કામના સેવનની બાબતે પરવા ન હોય પરતુ ગૃહસ્થ જીવનમા રહેનારને તેની ખાસ આવશ્યકતા છે

' ન્યાય સપન્ન વિભવ નામા પહેલા જ ગુણની ચર્ચા પ્રસગે આપણે જણાવી ચૂક્યા છીએ કે ન્યાય પૂર્વકના પ્રયાસથી જ અર્થની પ્રાપ્તિ મુમકિન છે એટલે ધર્મ વિરૂદ્ધના આચરણથી—કુડ કપટ કે દગલબાજીથી યા તો છેતરપીંડીથી તેમજ વિશ્વાસઘાતથી અર્થ પ્રાપ્તિ કરવામા આવે તે કોઇ પણ રીતે હીતાવહ નથી એ પ્રકારના અર્થ સેવનથી ગૃહસ્થ ના પુરતા મુખ્ય ગણાતા ધર્મને પુરૂષાર્થને ઘણી જ હાનિ પ્હોચે છે મહા મુશીબતે તપ જપ-ધ્યાન અને દાન પુણ્યથી સચીત કરેલ પુણ્યરાશી-જે ધર્મ પુરૂષાર્થને મજબૂત બનાવી રાખી રાખે છે તે ધર્મ પુરૂષાર્થ એકદમ અયોગ્ય અર્થ-પ્રાપ્તિના લોભુપતા વધી જતા, ગુમાવી બેસીએ છીએ

ધર્મ-પુરૂષાર્થના સેવન બાબતમા પણ ઉપરનુ સૂત્ર આપણને બીજા પુરૂષાર્થને બાધા ન પોચે તે રીતે વર્તવા ફરમાવે છે એટલે આર્થિક- શારીરિક સ્થિતિ, સાધન સામગ્રી વગેરેનો પુરતો વિચાર કરીને જ હરકોઇ ધાર્મિક પ્રવૃત્તિ આદરવી જોઇએ નહીં તો ઉપરાતનુ કંઇ કાર્ય હાથ ધરતામા અનેક પ્રકારની મુશ્કેલી ઉભી થાય છે તેમજ શક્તિ છતાં-શક્તિને ગોપવીને હિંમત હારી જઇને પુરૂષાર્થની સિદ્ધિમા પાછી પાની કરવી તે પણ ઠીક નથી. ધર્મ વિરૂદ્ધ

અર્થમાં લેતાં–ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ–મનમાં ઉપજતા અનેક પ્રમ-રના મનોરથોની સિદ્ધિ માટેના પ્રયાસમાં પણ આ સૂત્રને ખ્યાલ બ્હાર રાખવું જોઇએ નહિ સામાન્ય કાર્યની સિદ્ધિ માટે હદ ઉપરાંતનુ ખર્ચ કરી નાખવુ અગર તો પોતાનો ધર્મ હારી જવો કે ગુમાવી બેસવો તે કોઇપણ રીતે ઇષ્ટ નથી પ્રત્યેક વસ્તુનું મૂલ્ય તેની ઉપયોગીતાના પ્રમાણમાં જ આંકવું જોઇએ નકામી–માલ વગરની વસ્તુ માટે પોતાનું સર્વસ્વ હોમી દેવું તેનો કઈ અર્થ નથી કે તેમાં કંઇ ડહાપણ નથી

કામી પુરૂષ પોતાની મુગ્ધક વાસનાઓની તૃપ્તિ માટે કામાંધ બની પોતાના ધર્મ અને અર્થ ગુમાવી બેસે કે ફના કરી નાખે તેમાં પોતાનું જીવન હારી જવા જેવું થાય છે એટલું જ નહિ પણ પોતાને મહામુનિ–મુશ્કેલીથી પ્રાપ્ત થતો મનુષ્ય ભવ પણ હારી જવા જેવું થાય છે દ્રષ્ટાંતે દુર્લભ મનુષ્ય ભવ સદ્ભાગ્યે પ્રાપ્ત થયેલ છે તો તેમાં પુરેપુરો લાભ લેવામાં જ આપણું અગત હિત સમાયેલું છે અને ઉપરના ત્રણે પુરૂષાર્થની એક બીજાને કોઇ પણ રીતે બાધા પહોચાડવા સિવાય આધના કરવામાંજ માર્ગાનુસારી-પણાની સાર્થકતા છે ઉપરોક્ત રીતે ત્રણે પુરૂષાર્થોનું સેવન કરનાર મોક્ષાભિલાષી સજ્જનનું લક્ષ્યબિંદુ તો ખાસ મોક્ષ પ્રાપ્તિજ હોય છે અને ઉપરોક્ત ત્રણે પુરૂષાર્થો તેની વિશિષ્ટ સાધનામાં અનિવાર્ય રીતે ઉપયોગી અને સવારે મ ગાર થઇ પડે તેવા સાધનોની ગરજ સારે છે

જે અતિથિ સાધુ ને ગરીબોની યથાયોગ્ય સેવા–સત્કાર કરતો હોય

(૧૯)

ગ્રહસ્થ ધર્મ શ્રાવકના પાંચ અણુવ્રત ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત મળી બાર વ્રત પૈકી ચોથા શિક્ષાવ્રતને અતિથિ–

સવિભાગ વ્રત તરીકે જણાવવામા આવેલ છે તે વ્રતના કરતા પણ
ઉપરોક્ત ગુણનુ વર્તુલ કઇક વધારે વિશાલ અને વિસ્તૃત હોવાનુ
જણાય છે અતિથિ સવિભાગ વ્રતમા સામાન્ય રીતે આપણા
સાધુઓનો જ નિર્દેશ થતો હોવાનુ જણાય છે ત્યારે આ માર્ગાનુસા
રીના ગુણમા સાધુ ઉપરાંત અતિથિ અને દીન જનનો પણ સમા
વેશ થતો હોવાનુ જણાય છે આપણી ઉચ્ચતમ આર્યસસ્કૃતિ જ
આપણને અતિથિ–અભ્યાગતને દેવ સમાન ગણવાનુ શીખવે છે
હાલનો દેશ–કાળ અને આપણી નિર્ધન અવસ્થાના પ્રતાપે જ આપણી
ઉપર મુજબની ભાવનામાં કઇક મદતા આવી ગયેલી જણાતી
હોય તો પણ સદ્ભાગ્યે તે લુપ્તપ્રાય થઈ નથી એથી આનદ અને
ગૌરવ લેવાનુ કારણ ઉપસ્થિત થાય છે મિત્ર વર્ગ કે સગા સબધી
ઓની મહેમાનગતી કરવા આપણે અરસપરસના વ્યવહારની દૃષ્ટિએ
તૈયાર થઇએ તેમાં કઇ વિશેષતા કે નવાઇ નથી પરતુ હરકોઇ
અતિથિ અભ્યાગત આપણે આગણે આવી ચડે ત્યારે તેની શુશ્રુષા કે
આગતા–સ્વાગતા કરવાની આપણી ફરજનો ધ્યાન રહે તેને ઉત્તમ
આર્યસસ્કૃતિનુ સૂચક લક્ષણ ગણવુ જોઇએ આજ કાલ દેશભરમા
ઘણી જ ગરીબાઈ અને નિર્ધનતા વધી જતા અતિથિ અને અભ્યા
તોની સખ્યા એટલી બધી વધી પડી છે કે તેથી આપણી રહી
સહી શ્રદ્ધા ધીમેધીમે નષ્ટપ્રાય થતી જાય છે અને પ્રાયે મનોદશા
સકુચીત થતાં પ્રાચીન સસ્કૃતિની ભાવના અદ્રશ્ય થતી જાય છે
આવી પરિસ્થિતિ છતાં પણ ગ્રામ્ય જનોના ભાવભીના હૃદયમા
આર્ય ધર્મના રૂઢ સસ્કારો એટલા બધા જામી ગયેલા હોય છે કે
તેઓ અતિથિના આદર–સત્કારમાં કદી પણ પાછી પાની કરતા
નથી અને સદધર્મી બધુઓ તરફ આવી ભાવના વધારે વિકાસ
પામતી જણાય છે

આ વિષયમાં–ગુજરાતના વિદ્વદ્વર્ય સાક્ષર હીરાભાઇ

સદ્‌ગત ગોવર્ધનરામભાઈએ સરસ્વતીચન્દ્ર મારફત પ્રગટ કરેલ નીચેના કાવ્યનો રહસ્યાર્થ મનન કરવા યોગ્ય છે –

'ઘર તજી ભમુ હું દૂર સ્વજન દીન ઉભરાઈ આવે
નહિ ચગણું ઉપડે દુઃખી કોઈને માથે'
સુખ વસે, ત્યાં જ જ્યાં ભૂલે ૨ક નીજ દુઃખો
ત્યાં પામે આ સ્થાન પ્રવાસી ભુખ્યો

આપણે સત-આગુજનો તરફ પરમ આદર-માન અને ભક્તિ-ભાવ બતાવવા જોઈએ જે આધુનિકનો ઉપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી લિખિત કથન મુજબ બેતાલીસ દોષ વર્જીત આહાર-પાણીની ગવેષણા અને બીજી કોઈ પણ પ્રકારની બાધા કે પીડા ઉપજાવ્યા સિવાય કરતા હોય તેમની ભક્તિ કરવાથી આપણું આગમ મત ઉજ્જવળ થતા માર્ગાનુસારીપણાના અવસર છે અને મજબૂત થાય છે અને આત્મ કલ્યાણ સહેજે સાધી શકાય છે

'જેમ તરુ ફુલે ભમરો બેસે પીડા તસ ન ઉપાવે ॥
લેઈ રસ આતમ સંતોષે તેમ મુનિ ગોચરી જાવે રે ॥
ભાવિક –સિદ્ધચક્રપદ વંદો
×   ×   ×
સંજમ ખપ કરતા મુનિ નમિયે દેશ કાળ અનુમાને રે ॥
ભાવિક 'સિદ્ધચક્ર પદ વંદો

બારવ્રતધારી ગૃહસ્થ-શ્રાવકે અતિથિ સંવિભાગ વ્રતના પાંચ પ્રકારના અતિચાર કહ્યા છે તે ટાળીને એ શિક્ષાવ્રતનું ઉત્તમ પ્રકારે આરાધન કરવું જોઈએ

દીન-સાધનહીન નિર્ધન સ્વધર્મી બંધુઓ તેમજ જૈનેતર બંધુઓ પ્રત્યે પણ સાધન સંપન્ન ભાઈઓએ દયા-ભાવ પૂર્વકનો વર્તાવ રાખી પોતાની સુકૃતની કમાણીનો ઉપયોગ કરવા તૈયાર રહેવું જોઈએ

પ્રકટદાન કરતા ગુપ્ત દાનનું પુણ્ય અનેકગણુ શાસ્ત્રકારો કહી ગયા છે તેમાં કંઇક ગંભીર રહસ્ય રહેલું છે જમણા હાથથી થતુ દાન-પુણ્યનુ કૃત્ય ડાબા હાથથી પણ અજ્ઞાત રહેવુ જોઇએ આવા દાનમા જેટલી ગુપ્તતા વધારે જાળવી શકાય એટલો પુણ્ય ગરમા વધારો થવાનો કેવળ કીર્તિ-લોભથી થતુ પ્રકટદાન ખરૂ પુણ્ય અને મહત્વ ધણે અંશે ગુમાવી બેસે છે જ્યારે ગુપ્ત દાનમા એક બાજુ કીર્તિની મુદ્દલ અપેક્ષા હોતી નથી અને બીજી બાજુ દાન લેનાર કંઇક ખાનદાન કુટુબનો હોય તો તેના કુટુબનુ સ્વમાન અને ગૌરવ જળવાઈ રહેતા હોવાથી તે ઉત્તમ ફળદાયી થઇ પડે છે આવા દાન કરનાર તરફ દાન લેનારની ઉપર બુદ્ધિ કદરદાની અને અહેશાનમદીમા કંઇક અજનવાજ વધારો થતો રહે છે

આંખો મીચીને-છૂટે હાથે ફાવે ત્યારે દાનવૃત્તિનો ઉપયોગ કરવાને બદલે ખરે પ્રસગે-ખરે ટાકણે વિવેક અને વિચાર પૂર્વક દાન કરનાર વધારે લાભ મેળવી શકે છે 'વરસ ત્યારે વાડમા પણ વરસે' એનો કઇ અર્થ નથી તેમજ દાન મેળવનારમાં-મેકારી વધતી જાય કે તેની આળસુ વૃત્તિ જામતી જાય તે કોઈ રીતે ઇષ્ટ નથી તેવી પરિસ્થિતિને બદલે દાન લેનાર કંઇક ધધો રોજગાર તરફ વળતાં-પોતાની ગરીબાઇને નીર્મુળ કરવા ઉદ્યમશીલ થાય તે સ્થિતિ જ પસદ કરવા જેવી છે

ઉદાર વૃત્તિના-નેકદિલ ગૃહસ્થો-એકને હાથે છુપી છવાઈ મ ગરીબ-નિર્ધન ભાઇઓને કંઇક વિવેકશુન્યપણે કર્યે જાય તેના કરતા અનેક સદ્‌ગૃહસ્થો એકમ થઈ યોગ્ય વિચાર અને ચર્ચા કરી કોઇ સગીન યોજના સાધનહીન ભાઈઓના ઉદ્ધાર માટે ઘડી કાઢે અને તેનો સભાન પૂર્વક અમલ કરવાની તૈયારી સાથે પોતાનો ઉદાર હાથ લબાવે અને કંઇક સદ્દર-ધરખમ ફડ એકઠું કરી-ટ્રસ્ટ કરી હાલના સળગતા પ્રશ્નમાના મુખ્ય પ્રશ્નનો ઉકેલ શોધી

ક્યાં તો સમાજનો તે પરમ આશીર્વાદરૂપ અને સંગીન આશ્રયદાયક થઇ પડે જમાનાને વ્યવસ્થિત રીતે યોજના પૂર્વક કામ કરવાનો છે વળી હાલના ભયંકર વિશ્વવિગ્રહે-દુનિયાભરમાં ફેલાઇ ગયેલ યુદ્ધ કારણે સમાજના સાધારણ-સ્થિતિના મ્હોટા ભાગની સ્થિતિ તંગ અને હદ ઉપરાંતની મોંઘવારીને લીધે એટલી બધી કફોડી અને ચિંતાજનક કરી મુકી છે કે આ ખરી કટોકટીના પ્રસંગે-તેમને પુરતી મદદ કરવા માટેની કંઇક સંગીન યોજના તાત્કાલિક હાથ ધરવાની જરૂર છે

સદ્ભાગ્યે આપણા સમુદાયમાં પરોપકાર પરાયણ-ઉદાર વૃત્તિના હજારો ધનિકો છે ઉંડી નજરે-દીર્ઘ દ્રષ્ટિ પૂર્વક વિચાર કરતા ઘણી ઘણી અનુત્પાદક (unproductive) બાબતોમાં લાખો રૂપૈયા ખર્ચાતાં આપણે નજરે જોઇએ છીએ. સામાન્ય ખાજાં ડ જેવા ઉત્સવો પાછળ હજારો રૂપૈયા ખર્ચી નાખીએ છીએ. ધાર્મિક તીર્થો અને તેના ઝગડાઓમાં લાખો રૂપૈયાનો ધુમાડો થાય છે-તિથિ ચર્ચા જેવા મામુલી ઝગડાઓમાં હદ ઉપરાંતનો શક્તિનો સમયનો અને દ્રવ્યનો દુરૂપયોગ થઇ રહ્યો છે-'वादे वादे जायते तत्त्वबोध' જેવા ઉત્તમ સૂત્રોને બદલે वादे वादे जायते कण्ठशोष જેવા સૂત્રો આગળ આવતા થઈ રહ્યા છે છતાં પણ આપણી આંખ ઉઘડતી નથી અને જૈનોદ્ધાર માટેની કોઇ સંગીન યોજના સાથે કોઇ સેવાભાવી-પરમ માર્ગદર્શક પુરૂષ બ્હાર પડતો નથી એ કોમને માટે ઘણી જ કમનસીબીની અને અફસોસકારક બાબત ગણવી જોઇએ.

Soon or never એ શબ્દો ધ્યાનમાં રાખી વગર વિલંબે જૈનોદ્ધારનું કાર્ય સંપૂર્ણ ઉત્સાહ પૂર્વક હાથ ધરવામાં આવે તો પ્રાચીન સમયની આપણી જાહોજલાલી હાથ વેંતમાં જ દ્રષ્ટિગત થાય સ્વામિવાત્સલ્ય અને વિશ્વબંધુત્વની ભાવનાનું સાચું સ્વરૂપ યથાર્થ રીતે સમજાય, તેને અમલમાં મુકવા માટેની સહૃદયે પૂર્વકની

તમના અને તાણાવેલી જાો તો માગાનુસારીનો ઉપરોક્ત ગુણ પૂણ કલાએ વિકસિત થાય તો આત્મ કલ્યાણની સાધનામા અકલ્પ્ય ક પનાતીત અભિવૃદ્ધિ થાય અને અવનવા આત્મ સતોષના આસ્વાદનો લાભ મેળવવાનુ બને

જે કદીપણ અભિનિવેશ-પૂર્વગ્રહ-કદાગ્રહ ન રાખતો હોય (૨૦)

હરકોઇ મનુષ્ય કે વસ્તુની બાબતમાં પ્રત્યેક વ્યકિતએ ખુલ્લા અને શુદ્ધ દીલથી અભિપ્રાય બાધવાની ટેવ પાડવી જોઇએ કોઈ પણ પ્રકારના પ્રથમથી બાધી લીધેલા પૂર્વગ્રહ કે અભિનિવેશ પૂર્વક કામ લેવુ જોઇએ નહિ કોઇપણ પ્રકારના સબળ કારણ સિવાય-અમુક બાબતમા જ લાભ ધરાવતી વ્યકિતની દોરવણીથી એક જ બાજુના વિચાર પ્રવાહથી દોરવાઈ જઇ સર્વ બાજુનો સર્વગ્રાહી નજરથી વિચાર નહિ કરતાં-જે કઇ સારા અગર નરસો અભિપ્રાય બાધી દેવામાં આવે તે ઘણી વખત ભૂલ ભરેલો-અવિચારી અને અયોગ્ય થઇ પડે છે અને તેથી જ શાસ્ત્રકાર મહારાજા તરફથી ખાસ સલાહ અને શીખામણ આપવામાં આવે છે કે હરકોઈ બાબતમા-અભિનિવેશ-પૂર્વગ્રહ (prejudice) કે કદાગ્રહ પૂર્વક કામ લેવાની કદીપણ ટેવ પાડવા જોઇએ નહિ-તેવી કુટેવથી ઘણી વખત કર્તવ્ય-અકર્તવ્યની બાબતમાં જોઇએ તેટલો વિવેક જાળવી શકાતો નથી અને પાછળથી પસ્તાવાનો પ્રસગ ઉપસ્થિત થાય છે

પૂર્વગ્રહવશાત્ અમુક બાબતમા ચોકસ અભિપ્રાય બાધી લીધા પછી, મનુષ્ય સ્વભાવ સામાન્ય રીતે કઇક એવા જ પ્રકારનો હોય છે કે-પોતાના સ્વમાન (self-respect) ની

તીવ્ર અને ગાલુક હોવાના પ્રતાપે પોતે પ્રથમ કરી લીધેલા નિશ્
માટે ખોટેખોટા કદાગ્રહ રાખવામાં આવે છે કે અને કોઈ સજ્જ
મિત્રના ગમે તેટલા પ્રયાસ છતાં પણ–તે નિર્ણય ખોટો અગર ભુ
ભરેલો હોવા બાબતમાં ગમે તેટલી મજબૂત અભિપ્રાય નીં
આગળ કરવામાં આવતી હોય તો પણ તેવા ભોગ અ
ભુલ ભરેલા નિર્ણયને દ્રઢતાથી વળગી રહેવામાં આવે
સરળ સ્વભાવનો પુરૂષ જેટલી સહેલાઈથી સમજાવી શકાય
ઠેકાણે લાવી શકાય છે તેટલી સહેલાઈથી કદાગ્રહીને સમજાવી શકા
નથી કદાગ્રહી મારૂં તેજ સાચું અને ખરું એવી ભાવના કાય
માટે સેવતો રહે છે ત્યારે સરળ સ્વભાવી સજ્જન સાચું
ખરૂં તેજ મારૂં ' એવી ભાવના સેવતો રહે છે અને તેથી સ
વ્યવહારના કાર્યમાં તેમજ ધાર્મિક બાબતોમાં કદાગ્રહી પુરૂષો
સંપર્કમાં આવતાં ત્રાટકો અને તિરસ્કાર અને ઘૃણા ઉપજે
ત્યારે સરલ પુરૂષો સાથે કામ પાડતાં આનંદ અને સદ્ભા
લાગણી અનુભવાય છે

જૈન શાસ્ત્રકારોએ પ્રતિપાદન કરેલ અનેકાંત દષ્ટિ
સંસારના વ્યવહારમાં મડાગાંઠ અને જટીલ પ્રશ્નોના ઉકેલમાં ચર્ચા
વિચારોમાં ઘણીજ ઉપયોગી–માર્ગ અને સત્ય માર્ગ શ
પડે છે એકાંતદષ્ટિ તેજ ચીકણાઈથી વળગી રહેનાર એમજ
આગળ કરી વિચાર–શ્રેણી ગોઠવનાર ઘણા ભુલાવામાં પડે છે
જ નહિ પણ પોતે ઉભી કરેલ ભુલભુલામણીની જાળમાં અ
પડે છે–મુંઝવાઈ જાય છે જ્યારે સર્વ બાજુની નજરથી કાર્ય–
ભાવનો વિચાર કરી લેનાર પોતાના હરકોઈ બાબતના
માટે અભિમાન પૂર્વક કદાગ્રહ ન રાખનાર મુંઝવણના
બીજાની મદદથી પણ પોતાનો માર્ગ સરળ બનાવી લેનાર
પાછો પડતો નથી

કદાગ્રહી પુરુષ સ્વ-પર બન્નેના હિતનું નુકસાન કરી બેસે છે ધર્મની બાબતમાં પણ ખોટી ચર્ચાઓ અને વિતંડાવાદ ઊભા કરી સમાજના મ્હોટા ભાગના ધરાની સમૃદ્ધ શક્તિ, કીમતી સમય અનગળ દ્રવ્ય અને જરૂરી પુરુષાર્થનો તદ્દન દુરુપયોગ કરે છે અને એવી બધી વિનાશક રીતે તે વેડફી નાખે છે કે પરિણામે સમાજને ઘણુંય ખમવું પડે છે એટલું જ નહી પણ તેની કળ વળતાં વરસો વીતી જાય છે

સમાજની સામુદાયિક શક્તિ-સમય દ્રવ્ય અને પુરુષાર્થ એ ત્રણેનો સારો ઉપયોગ સમાજના પ્રગતિકાર્ય માટે થઈ શકે તેમ હોય તો તેનો ઉપર જણાવ્યા મુજબનો દુરુપયોગ નિરર્થક ચાલવા ન પામે એ કોઈપણ ઇચ્છી શકે નહિ આમ છતાં પણ સમાજનું પાનું જ ખા આવા કદાગ્રહી આગેવાનોના પનારે પડ્યું હોય ત્યાં લાચારી અને નિરૂપાયતા અનુભવવાની રહે છે

કદાગ્રહ ખરેખર રીતે સુમતિ કે સન્મતિની આડે આવી જતા પડદાની ગરજ સારે છે કદાગ્રહી પુરુષ પોતાના મત માટે એટલો બધો મુસ્તાક હોય છે કે તે મત સાચો છે કે ખોટો છે તે વિચારવાનું સમજન અશક્ય થઈ પડે છે

ઐશ્વર્ય—સત્તા-જ્ઞાન કે ધનના પ્રતાપે કદાગ્રહને પોષણ મળે ત્યારે તે કદાગ્રહ વધારે નુકસાન કરી બેસે છે આપણા વિદ્વાન જેવા સૂરિઓ કોઈ પણ પ્રકારની ધર્મચર્ચામાં કદાગ્રહ ધારણ કરે કે પૂર્વગ્રહ-એકપક્ષીય વિચારોથી વાદ-વિવાદમાં ઉતરી પડે ત્યારે સમાજને અનેક બાબતમાં કેટલું નુકસાન કરી બેસે છે-સમાજની પ્રગતિને કેટલી પાછળ ધકેલે છે અને સમાજની શક્તિ અને દ્રવ્યનો કેટલો દુર્વ્યય કરે છે તે આપણે દીક્ષા-પ્રકરણ તિથિ-ચર્ચા, દેવદ્રવ્ય વગેરે અનેક પ્રશ્નોની ચર્ચાથી સારી રીતે જાણી શક્યા છીએ

साक्षरा विपरीता राक्षसा भवन्ति -એ સૂત્રની યથાર્થતા અને અથગંભીરતા જ તેઓ પુરવાર કરી આપતા જણાય છે તેમને આવી ચર્ચાઓ અને વાદવિવાદ પાછળ ખર્ચાતા દ્રવ્ય માટે કંઇ પરસેવો ઉતારવો પડતો નથી અંધશ્રદ્ધાળુ ચેલા ભક્તો તેમને જ્યાં ત્યાંથી મળી રહે છે અને હઝારો રૂપીઆનો ધૂમાડો કરવા તૈયાર જ હોય છે દુનીયા ઝુકતી હૈ, ઝુકાનેવાલા ચાઈએ' શાસનદેવ આપણી જૈન સમાજને આવા અર્થહીન અને કલેશ જનક ઝગડાઓથી બચાવે એજ પ્રાર્થના કરવાની રહે છે

જે ગુણોનો પક્ષપાતી હોય

(૨૧)

गुणा पूजास्थानं गुणिषु न च लिङ्गं न च वय ।

ગુણવાનોમાં ગુણો જ પૂજાનું સ્થાન છે વેશ કે લિંગ (જાતિ) પૂજાનું સ્થાન નથી બાળક યુવાન કે વયોવૃદ્ધ પુરુષ યા સ્ત્રી કોઈ જાતિના ગમે તેટલી ઉમરના હોય તે કંઇ પૂજાને લાયક-પૂજ્ય નથી પરંતુ તેમનામાં જેમ જેમ સદ્‌ગુણોનો આવિર્ભાવ થયો હોય-તે વિકાસ પામતા જતા હોય તો તેઓ ગમે તે જાતિમાં કે ગમે તે ઉમરે પૂજવા યોગ્ય છે અને તેથી જ શાસ્ત્રકારો ગુણો માટે પક્ષપાત રાખવાનું કહે છે

ગુણો માટે પક્ષપાત રાખનાર-તેનો આદરસત્કાર કરનાર તેનો ઉપાસક અને પૂજક થઈ પડે છે **सत्र गुणा का उन आश्रय ते-** ગુણની જેને પરીક્ષા નથી-ગુણો માટે જો ખોજકબુદ્ધિ કે સત્ય શોધક વૃત્તિ ન હોય [illegible] સમજવા પૂરતી જેનામાં વિવેકશક્તિ વિકાસ પામેલી હોતી નથી તેવા સામાન્ય જનો તો વેશ [illegible] પુરુષોને જ ઉપરના સૂત્ર અનુસાર સર્વ ગુણોના ભજક માની લઈ તેમના પ્રશંસક અને પૂજક થઈ પડે છે

અને પરિણામ તેમની વખત ને વખત ખુશામત - વાની લાલચમાં ફસાઇ પડે છે આવી ખુશામતખોર વૃત્તિ આઇને કઇ લાભ કરવાને બદલે સ્વ-પરને હાનિકર્તા થઇ પડે છે અછતા ગુણોની પ્રશંસા કે ખુશામત પ્રસંગ આ પેઠ ને જેની ખુશામત કરવામાં આવતી હોય અને જે ખુશામત કરતો હોય તે બન્નેને તેઓ ઉઘાડા પાડે છે ત્યાર નુકશાનકારક થઇ પડે છે એ તેની કીંમત સજ્જન પુરુષો સહેજે આંકી શકે છે પોતાનામાં અમુક પ્રકારના ગુણો-સદ્ગુણોનો અભાવ છતાં આત્મવંચનાને વશ થઇ આવી ખુશામતખોરની પ્રશંસાથી કુલણજી બની તેવા સદ્ગુણો માટે અભિમાન કે ગૌરવ ધારણ કરવા જતાં-તેવા ખરા સદ્ગુણોથી દૂરના દૂર રહેવાનું બને છે અને ઉલટા દુર્ગુણોમાં ફસાઇ જતાં મનુષ્ય જીવન, જેનો અનેક રીતે સદુપયોગ કરવો જોઇએ તે ન કરતાં હારી જવાય છે

યથાર્થ ગુણોનો પક્ષપાત કરનાર-જે જે સદ્ગુણો માટે રાગ ધરે બુદ્ધિ ધરાવતો હોવાથી-ધીમે ધીમે તેના પોતાનામાં તે જ ગુણોનો આવિર્ભાવ અને વિકાસ થતા રહે છે અને સ્વાભાવિક રીતે એક ગુણ બીજા સદ્ગુણોને આકર્ષણ કરતો રહેતો હોવાથી ગુણોનો પક્ષપાત કરનાર સજ્જન આખરે સદ્ગુણશાળી બની જાય છે આથી ઉલટી રીતે દુર્ગુણનો પક્ષપાતી દુર્ગુણી બની જાય છે જીવન ક્રમમાં આગળ વધવાનો અભિલાષ ધરાવતા પુરુષ ગુણ અને ગુણી ગુણવાન-સદ્ગુણીના પક્ષપાતી રહેવું માજ તેના આત્માનું કલ્યાણ રહેલું છે ભવભ્રમણ ઓછા કરવાની ભાવના રહેતી હોય-અપ્રત્યો કે દુર્ગુણોથી દૂર રહેવા માટે હૃદયનો આદેશ ઝીલવાની તમન્ના હોય તેવા ભવભીરૂ સજ્જનો પ્રતિદિન ગુણનો પક્ષપાત કરતા હોવાથી-જે તે સદ્ગુણો તેનામાં વહેલા મોડા અવશ્ય પ્રકટ થાય છે અને ત્યારે જ ગુણના પક્ષપાતની સાર્થકતા સિદ્ધ થાય છે અને કે લેવડે છે અવગુણ - દુર્ગુણને ગુણ તરીકે

લેવાની કે ગુણ-ખરા સદ્ગુણને અવગુણ તરીકે માની લેવાની મ્હોટી પણ ભૂલ કરી જોઈએ નહિ આ વિષયમા સદ્ગુણાનુરાગી મુનિશ્રી કર્પૂરવિજયજી કે મહાત્માજી જેવા સતપુરૂષોના જીવન ઘણા જ નરણાહારી અને ઉત્તમ આદર્શરૂપ થઈ પડે છે ત્યારે મનુ ન સ્વભાવને સહજ નહ પડન ાભિકવૃત્તિથી આત્મવચનાના ભાજક બની ઘણા પુરૂષો પોતાને સદ્ગુણોમા ખપાવવા જતા ખરે વખતે ઉઘાડા પડી જાય છે ત્યારે આવા સ્વભાવે જગતીનીએ નચાવ્યા વગર રહેતા નથી તેમને માટે આ ખાનાની જ હું છે

જે નિષિદ્ધ દેશમા કે નિષિદ્ધ સમયે જતો ન હોય

(૨૨)

નિષિદ્ધ દેશમા કે નિષિદ્ધ સમય ન જવાની આજ્ઞા એક બાજુ નિપુણ શાસ્ત્ર રો ને નિપુણ જ્યોતિષશાસ્ત્રીઓ એ પરમાર્થ બુદ્ધિએ કહી ગયેલા હોય તે જ્યારે બીજી બાજુ રાજન સત્તાધીશો સુલેહશાન્તિના કે વિગ્રહના વખતમાં અમુક રાજકીય અપેક્ષાએ કરી દેલા હાય છે આ બે પ્રમારના આજ્ઞાકારકોમા આપણે પાછળના આજ્ઞાકારકોને તાબે થવાને વધારે ટેવાયેલા છીએ કારણ કે તેમણે આજ્ઞાભંગ કરનારની તપાસ રાખવા માટે તથા આજ્ઞાભંગ સાબીત થતા તે બદલ યોગ્ય સજા કરવાને પ્રથમથી પ્રબંધ કરેલા હોય છે જ્યારે શાસ્ત્રકાર વગેરેની આજ્ઞા મ્હોટે ભાગે શીખામણરૂપે-બોધપાઠરૂપે કે માગદર્શક તરીકે કરવામા આવતી હોવાથી-તેમા કેવળ આપણાજ લાભ અને હિતની ભાવના હોવા છતાં પણ તેના ભંગ માટે પ્રત્યક્ષ સજા થતી જોવામા ન આવતી હોવાથી તેમની આજ્ઞા તરફ જોઈએ તેવો સદ્ભાવ અને સત્કાર જોવામાં આવતા નથી પરંતુ તેમની આજ્ઞાના ભંગનુ પરિણામ-કાર્ય પરિણામ વિચારવાની તરફ લેવામા આવે તો

એનું બધું ભરડક આ પ્રાકૃતમાં કે જણાય કે ભાગ્યથી શુદ્ધ–
જનના મનુષ્યને પણ જ પરિતાપ અને પશ્ચાત્તાપ થયા વગર રહે નહિ

ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય [illegible] સંસ્કાર [illegible] કે ધર્મ-
ના દાન-પુણ્યની બાબતમાં [illegible] વિચાર કરવા બેસીએ તો તરત
જ જણાઈ આવે કે જૈનેતર શાસ્ત્રોએ શ્રુતિ-સ્મૃતિમાં યત્કિં-
ચિત્ અને પણ પોતાના [illegible] વારસાનું હિત [illegible] નજર પાસે
રાખીને જ [illegible] કરતાં પુણ્યને [illegible] જ [illegible]
શાસ્ત્રોની રચના [illegible] જણાઈ આવે [illegible] પ્રકારને
આરોપ જૈન શાસ્ત્રકારો પાસે મૂકી શકાય તેમ નથી [illegible] તો
કેવળ સર્વજ્ઞકથન આગમ કરીને જ [illegible] પરમાર્થ બુદ્ધિથી જ
વ્યક્તિ તેમજ જનસમુદાયના હિતને [illegible] શાસ્ત્રરચના [illegible]
જણાઈ આવે છે

આવા પરહિતચિંતક–ઉપકારી શાસ્ત્રકારોના કથનની જેમ
જેમ [illegible] તેટલી ઓછી [illegible] તેમના [illegible] વાણી વચનો મહામુ[illegible]
વિધાનશુદ્ધિ અને અમોઘ બોધદાયિના [illegible] જેમ
[illegible] પૂરા પાડે છે અને તેમના શુદ્ધ ભાવથી–મન [illegible]
શ્રદ્ધાપૂર્વક અનુસરવામાં આવે તો આત્મા [illegible] ઉજ્જવળ
અને પ્રકાશમય બની રહે છે અને [illegible] જ [illegible]
મૂકે છે હરકોઈ પ્રકારની આત્માના ગુણ–દોષનો [illegible] વિચાર
કરવામાં આવે તો [illegible] પરમ [illegible] આગમ [illegible] નહિ

સામાન્ય બુદ્ધિના ધણીને યથાર્થ [illegible] સિવાય કોઈ
આત્માનું [illegible] રહસ્ય અને [illegible] સમ[illegible] મુશ્કેલ છે
[illegible] અને [illegible] આગમના [illegible] કથનમાં
પરમ શ્રદ્ધા અને ભક્તિના આશ્રય [illegible] તેને નથી
આમ [illegible] નિપુણ શાસ્ત્રકારોના [illegible] જેમ

ક્રમ-છે -તાપ વગેરે સાધનોના ઉપયોગની અપેક્ષા રાખવામાં આવે છે તેમ પોતાના વચનોની તેની જ પરીક્ષામાંથી પસાર થવાવવાની કીમત રાખી રહ્યા હોય છે અને યુક્તિમત્ વચન કે કથનની જ પ્રબળતા સ્વીકારવા માટે આગ્રહ ધરાવતા હોય છે શ્રી હરિભદ્રસૂરિ મહારાજ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે **युक्तिमत् वचन यस्य तस्य कार्य परिग्रह** શ્રી તીર્થંકર ભગવાનની આજ્ઞા શાસ્ત્રોમાં ગુંથાયેલ છે તે ઉપરથી આપણે સમજી શકીએ છીએ કે તેમની ,ા કેવળ દીનદપણાથી ક ભક્તિ માત્રથી મેળવી શકાતી નથી વા તો તેમનુ આરાધન કેવળ તેમના સ્તુત્યાત્મક ગુણગાનથી યથાર્થ સ્વરૂપે થઈ શકતુ નથી પરંતુ તેમની આજ્ઞાનો હંમેશા અભ્યાસ . ા રહી ત અનુસાર વર્તન કરવાથી જ થઈ શકે છે અને તેથી જ આખરે ભવભ્રમણ બંધ થતા સંસારનો ક્ષય થાય છે આચાર્યશ્રી હરિભદ્ર-સૂરિજી પોતાના અષ્ટકમા આ જ વસ્તુનુ યથાર્થ પ્રતિપાદન કરે છે

> यस्य चाराधनापाय सदाज्ञाभ्यास एव हि ।
> यथाशक्तिविधानेन नियमात् स फलप्रद ॥
> सुवैद्यवचनाद्यद्वद् व्याधेर्भवति सक्षय ।
> तद्वदेव हि तद्वाक्यादेव ध्रुव स सारसक्षय ॥

ભાવાર્થ-વળી તેની આજ્ઞાનો-આગમોનો અભ્યાસ જ યથા શક્તિ આચરણમાં ઉતારવાથી અવશ્ય ફળ આપતો હોવાથી-(તેની) આરાધના-પ્રસન્નતા-કૃપા પ્રાપ્ત કરવાના એક માત્ર ઉપાય હેતુરૂપ છે

જેવી રીતે ઉત્તમ વૈદ્યના વચનથી અર્થાત્ તેના વચનાનુસારી વર્તનથી રોગનો નાશ થાય છે તેવી રીતે મહાદેવના વચનથી અર્થાત્ તેમના વચનાનુસારી વર્તનથી સંસારક્ષય નિશ્ચિત છે

ઉપર મુજબના પ્રાસંગિક વિવેચનથી સ્પષ્ટ થાય છે કે શાસ્ત્ર-[illegible] અધિકારીને [illegible] રીતે બતાવવું અને યથાર્થ [illegible]

દાવી જ નીવડે છે એ સિદ્ધાંત ધ્યાનમાં રાખીને નિષિદ્ધ દેશમાં નિષિદ્ધ સમયે જવાની અપેક્ષા માર્ગાનુસારી મદી પણ રાખે નહિ આવી એક સામાન્ય આજ્ઞાનો ભંગ કરવાથી તેના ઘણા જ માઠા અને ભયંકર ફળ ભોગવવા પડે છે શારીરિક પીડા અણુધારી રીતે ઊભી થાય છે અગર તો અપમાનિ વ.ની પડે છે, યાતો રાજ્યસત્તાના ઝપાટામાં આવી જતા પારાવાર ખુવારી હોરી લેવી પડે છે ભવિષ્યના ગર્ભમાં શું શું રહેલું છે તેની કલ્પના પણ થઈ શકતી નથી અને તેથી જ બીજી કોઈ દૃષ્ટિએ નહિ તો છેવટ નહીંસનાતન ર તે ભૂલ કરવાની ગણતરીથી પણ શાસ્ત્ર આજ્ઞાનું પાલન એ જ આપણો પરમ ધર્મ છે એમ તેને ચોક્કસ પણે વળગી રહેવું તે આપણી પવિત્ર ફરજ છે દેશ કે સમય પરત્વેના મનાઈ હુકમને ન્યાયની કોર્ટના મનાઈ હુકમથી પણ મહત્વ આપવામાં જ આપણું પરમ હિત અને આત્મકલ્યાણ રહેલા છે એ કદી પણ ભૂલવું જોઈએ નહિ

જે સ્વપરના બળાબળનો બરાબર જાણનાર હોય

(૨૩)

પોતાના અને બીજાના બળવાનપણાનો કે નિર્બળતાનો બરાબર જાણનાર હોય તે જ આ દુનિયામાં ફાવી શકે છે–આગળ વધી શકે છે દુશ્મની સાથે યુદ્ધમાં ઉતરતા પહેલા પોતાના કબજાનાં તેમજ સામાવાળાના કબજાના યુદ્ધમાં ઉપયોગી થઈ પડે તેવા શસ્ત્રો–સાધન સામગ્રી લશ્કરની સંખ્યા અને તેની લડાયક શક્તિની વિશિષ્ટતા, ટેંકો, એરોપ્લેનો વિમાનવાહક જહાજો–ડીસ્ટ્રોયરો–સબમરીનો–વિમાનવિનાશક શસ્ત્ર–સામગ્રી અને બીજા અનેક પ્રકારના સાધનો તેની સંખ્યા અને વિનાશક શક્તિ (Quantity & Quality) વગેરેનો પૂરેપૂરો બરાબર ખ્યાલ ધરાવતો હોય અને તેવા ખ્યાલના પરિણામે પોતે બળવત્તર હોવાનું જણાતું હોય તો જ

તેને યુદ્ધમાં ઝુકાવવાનું ગીમનામત અને સનાદમારક બળી રાખ્ય
તેથી વિપરીત સ્થિતિ જણાતી હોય તો તેમણે નમતું આપી સલાહ
કરી લેવી જોઈએ સમાન રીતે ઉપરનો સિદ્ધાંત હરેક રીતે અબા-
ધિત અને સર્વમાન્ય ગણી લેવો જોઈએ જો કે હાલના વિશ્વ-
વિગ્રહના અવનવા સમાચારોથી-જેવા કે ક્ષણે પલટાતા અનુકૂળ પ્રતિ-
કૂળ સંયોગોથી આપણને આ વિષયમાં ઘણું વધુ જાણવાનું
સમજવાનું અને તેના ઉપરથી ધોરણ બોધપાઠ લેવાનું ઘણું ઘણું
મળી રહે છે આવા જબરજસ્ત ભયંકર-સંહારક યુદ્ધસંગ્રામમાં
અસાધારણ બુદ્ધિના ધણી કે યુદ્ધકળાવિશારદ-વિરલ વ્યક્તિની
પણ ઘણી ઘણી ચોકસાઈપૂર્વકની અને દીર્ઘદૃષ્ટિયુક્ત આગાહી અને
અટકળોનીપૂર્વકની ગણતરી ખોટી પડે છે અને અણધાર્યા સંજોગો અણ-
ધાર્યા અને અણકલ્પ્યા બનાવો તથા કુદરતી વાતાવરણ અકસ્માતો,
ભયંકર ભૂલો અને માફ ન થઈ શકે તેવી ગફલતો તેમાં ભાગભૂત
હોય છે આવા પ્રતિદિન હજારો મનુષ્યોના જીવનનો અને લાખોની
કીમતના માલ મિલકતોનો સંહાર નિપજાવતા વિશ્વવિગ્રહમાં જેમ
સ્વપક્ષના બલાબલની સર્વ પ્રકારની ગણતરી સતત કરી લેવાની
જરૂર રહે છે તેવી જ રીતે ઘર ગામ મનુષ્ય કે પક્ષની સાથ
વાગ્યુદ્ધ કે દીવાની ફોજદારી કોર્ટના ઝગડામાં ઉતરતા પહેલા
પ્રત્યેક સમજુ માણસે પોતાની અને સામાવાળાની શક્તિનો સાધ-
નોનો-લાભાલાભનો તથા તેના ગુણદોષનો અગાઉથી વિચાર
કરી લીધો હોય તો તેને પાછળથી પશ્ચાત્તાપ કે વિમાસણનો પ્રસંગ
ઉપસ્થિત થવા પામે નહિ બળીયા સાથે બાથ ભીડવા જતા આવી
બધી બાબતોનો વિચાર કરી લેવાની જરૂર છે આપણી શક્તિ
સામર્થ્ય કે સાધન સામગ્રી તેના ગુણદોષનો પૂરો ખ્યાલ કર્યા
સિવાય હદ ઉપરાંતનું મોટું સ્વરૂપ આપીએ અને સામાવાળાની
શક્તિ-સામર્થ્ય વગેરેની ઘણી ઓછી કીમત આંકીએ તો ખરી

કટોકટીના વખતે આપણે પાછા પડવાના પીછેહઠ કરવાના જ પ્રસંગો આવી પડે અને પરિણામ-દાગ ખામ બેસવો પડે પરંતુ જો તેથી ઉલટી રીતે પ્રથમથી જ ભવિષ્યના બનાવોના અગાઉથી ખ્યાલ કરી લીધો હોય અને જરૂર પૂરતી સાવચેતીપૂર્વક કામ લેવાની ટેવ પાડી દીધી હોય તો-ખાડી શક્તિમાં વધારો કરી લેવા પૂરતો વખત મળતી જોતી ઇચ્છિત અને સાધનસામગ્રીનો સંચય કરી લેવામાં વખતનો સદુપયોગ કરવામાં આવે તો આક્રમણ કે સામના માટે યોગ્ય તૈયારી કરી લેવાનું બની શકે અને બનતા સુધી પીછેહઠનો પ્રસંગ આવી પડે નહિ. કોઈ બાબતમાં દીર્ઘ દૃષ્ટિપૂર્વકની ગણતરી કરીને આગળ વધનારને ધારી ફતેહ કે વિજય મળી શકે છે. આ પરિણામ ગૃહસ્થ ધર્મમાં અનુરક્ત સજ્જન પોતાના માર્ગાનુસારીપણાને બરાબર ટકાવી શકે છે.

જે વ્રતધારી તથા જ્ઞાનવૃદ્ધોનો પૂજા-સેવા સન્માન કરનાર હોય (૩૪)

માર્ગાનુસારીના પાત્રીશ લક્ષણો પૈકી બીજા આઠમા, અગીઆરમા અને ચોવીસમા લક્ષણોનું વિવેચન કરતી વખતે આપણે ગુણ-પૂજક દૃષ્ટિથી માર્ગાનુસારીને શિષ્ટાચારપ્રશંસક, સદાચારી પુરુષોના સેવક કરનાર, અતિથિ સાધુ અને દીન જનોનો સત્કાર કરનાર અને ગુણો માટે પક્ષપાત ધરનાર તરીકે જાણી ગયા અને આ ચોત્રીસમા લક્ષણથી તેને વ્રતધારી તથા જ્ઞાનવૃદ્ધોનો સત્કાર કરનાર તરીકે આગળ ધરીએ છીએ.

જૈન શાસ્ત્ર મુજબ શુભ કાર્ય કરનાર કરાવનાર તેમજ તેનું અનુમોદન કરનાર પણ પુણ્ય ફળ પ્રાપ્ત કરનાર તરીકે ગણાવવામાં આવેલ છે અને તે ધોરણે વ્રતધારી તેમજ જ્ઞાનવૃદ્ધની પૂજા-સેવા સત્કાર કરનાર પણ પોતાના આત્માનું કલ્યાણ કરી શકે છે. વ્રત

ધારી તરફ પૂજ્ય દૃષ્ટિ ધરાવનાર અનુકૂળ સંયોગો ઉપસ્થિત થતાં પોતે જાતે વ્રત ધારણ કરવાની ભાવનાવાળો હોઈ વ્રત ધારણ કરવા ભાગ્યશાળી થાય છે તેવી જ રીતે જ્ઞાન-વૃદ્ધની પૂજા અને સેવા-સત્કાર કરનાર પુરૂષના જ્ઞાનમાં પણ ધીમે ધીમે વૃદ્ધિ જ થતી રહે છે અને પરિણામે જ્ઞાનસ્ય ફલં વિરતિ એ સૂત્ર અનુસાર તેની વિરતિ દશામાં પણ વધારો થતો રહે છે.

ગુણગ્રાહક વૃત્તિ સતેજ થતી જતી હોય, વિનય ગુણની કીમત છેક અંદરથી પણ સમજાતી હોય અને વિવેક-બુદ્ધિ બરાબર જાગૃત થઈ હોય તો જ વ્રતધારી અને જ્ઞાન-વૃદ્ધની પૂજા-સેવા સત્કાર કરવાની પ્રેરણા થાય છે અને જ્યારે જ્યારે તેવો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે તે પુરૂષ પોતાની પવિત્ર ફરજમાં કદી ચૂકતો પાછો પડતો નથી. માર્ગાનુસારીપણામાં આગળ વધતો પુરૂષ તદ્દન સરળ હોઈ-પોતાના યત્કિંચિત જ્ઞાન માટે કદી પણ અભિમાન ધારણ કરતો નથી તે હમેશાં યોગીશ્રી ભર્તૃહરિના શબ્દોનું જ પુનરાવર્તન-રટણ કરતો હોય છે કે—

> यदा किञ्चित् किञ्चित् बुधजनसकाशादवगतं ।
> तदा मूर्खोऽस्मीति ज्वर इव मदो मे व्यपगतः ॥

જૈનશાસ્ત્રમાં ગૃહસ્થ વર્ગની કોટીમાં વ્રતધારીને ઘણું ઉચ્ચ સ્થાને મૂકવામાં આવે છે સામાન્ય રીતે મોજ-શોખ અને વૈભવ-વિલાસમાં રાચી-માચી રહેતા જનસમાજનો મ્હોટો ભાગ- આ ભવ મીઠા અને પરભવ કોણે દીઠા એવી મનોભાવનામાં જ અટવાયેલો-ઘુંચવાયેલો રહી અનેકાનેક બ્હાનાઓ આગળ ધરી ખોટી રીતે મન મનાવી પોતાની શક્તિનો ઘણો હલકો ખ્યાલ બાંધી લઇ વ્રત ધારણ કરવા માટે આગળ આવતો નથી પરમ આર્હતભક્ત-શુદ્ધ સમકિતી શ્રી શ્રેણિક મહારાજા જેવા નીકટ ભવી જીવો ચરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામિના ઉપદેશામૃતનું પાન કરીને

પણ કઇપણ વ્રત ધારણ કરવા ભાગ્યશાળી થઇ શકેલ નહિ એટને સહેજે સમજી શકાય કે વ્રત ધારણ કઈક દુષ્કર વસ્તુ છે અને તેથી જ વ્રતધારીની મહત્તા વધી પડે છે પડિત શ્રી વીરવિજયજી પણ ચતુર્થ વ્રતની પૂજામા જણાવી ગયા છે કે —

"ત્રિ તિને પ્રણામ કરીને, ઈન્દ્ર સભામા બેસે ॥ મરે ૨ાગ

આ રીતે ઇન્દ્ર મહારાજ અને સ્વર્ગના દેવા પણ વ્રતધારીના પૂજક અને સન્માન કરનાર હોય છે તો પછી માર્ગાનુસારી સામાન્ય ગૃહસ્થને તો વ્રતધારીના પૂજક હોવાની વિશેષ આવશ્યકતા જણાય છે

વ્રતધારીઓ અને જ્ઞાનવૃદ્ધની પૂજા-સન્માન અને સત્કાર કરવામા આપણે કઇ પણ રીતે આપણી દોલતનુ કે ગુમાવવાનુ રહેતુ નથી પરતુ એ યા બીજી રીતે કઇ ને કઇ મેળવવાનુ રહે છે મ્હોટા મહાન પુરુષોની સેવા-ચાકરી કદી પણ નિષ્ફળ જતી નથી સત-મહાત્માની કૃપા માત્રથી ઘણી વખત આપણો બેડા તરી પાર પ્હોચી જાય છે અને સ્હેજે સાધ્યની સિદ્ધિ થઇ જાય છે તો પછી તેમા પાછી-પાની શા માટે કરવી ? જ્ઞાનવૃદ્ધની સાથે વરસોના-જુગજૂના પાક્ટ અનુભવ ધરાવનાર વયોવૃદ્ધોને પણ તેમની રક્ષામા ૨ હેક અંગે મૂળી શકાય

જે પોષ્યજન (કુટુમ્બ-પરિવાર) નુ યથાયોગ્ય પોષણ કરતો હોય

(૨૫)

કુટુમ્બવત્સલ પ્રત્યેક ગૃહસ્થની પ્રથમ દરજ્જાની આવશ્યક જવાબદારી અને પવિત્ર ફરજ હોય કે તેણે-પોતાના ઉપર આધાર રાખતા પોતાના કુટુમ્બી જનોનુ ભરણપોષણ કરવા માટે હમેશા પ્રયત્નશીલ રહેવુ જોઇએ. આ પ્રકારની જવાબદારીનુ યથાર્થ ભાન ન ધરાવનાર અને તે યથાર્થ રીતે અદા ન કરતા પુરુષને મનુષ્ય તરીકે ગણવો કે કેમ તે જ એક સવાલ થઇ પડે છે વિષયવાસ

નાની તૃપ્તિ ખાતર સંસારવ્યવહારમાં મશગુલ રહેવું–ભોગોપભોગ અને વિલાસવૃત્તિના સાધનો ઊભા કર્યે જઈ તેમાં રચ્યાપચ્યા રહેવું–મોજ–શોખમાં આનંદમગ્ન રહેવું–પિંડ–પોષણ વૃત્તિને નિરંકુશ રીતે બનાવવી અને પોતાના જ કુટુંબી જનોના ભરણ–પોષણ માટે તત્ન બેદરકાર રહેવું અગર તો તેમને નિરાધાર સ્થિતિમાં–જનસમાજની દયા ઉપર છોડી દેવા એ સમજુ અને વિવેકી પુરૂષો માટે મહાન્ કલંક અને પાપરૂપ ગણાવું જોઈએ

સંસાર વ્યવહારમાં પગ માંડતા પહેલા–પરિણીત જીવન શરૂ કરતા પહેલાં દરેક મનુષ્યે પોતાની કમાવાની શક્તિનો અવશ્ય ખ્યાલ કરી લેવો જોઈએ. મહામુશ્કેલી તે પણ પોતાનોજ જીવન–નીવાહ કરવાની પુરી તાકાત હોય નહિ છતાં ભવિષ્યનો વિચાર કર્યા સિવાય સંસાર–વ્યવહારમાં ઝંપલાવવું તેનો કંઈ અર્થજ નથી કેવળ ભિક્ષાવૃત્તિથી નિવાહ કરનાર મનુષ્યોને તો આશ્રમ–વ્યવસ્થાની દ્રષ્ટિથી કવચિત્ પોતાનો ભિક્ષાવૃત્તિનો ધંધો સારી રીતે ખીલવવાની અનુકૂળતા થઈ પડે છે પરંતુ જેમને આ સુંદર જીવન ગુજારવાની ભાવના હોય છે તેઓએ આ બાબતમાં પ્રથમથી જ પુખ્ત વિચાર કરી લેવાની જરૂર છે

નિરઘમી–આળસુ બેકાર–સાધનહીન કીશોરમાઓ ભાઈઓએ પરણીત જીવનનું સાહસ ખેડવું જાઈએ તેની ભવિષ્યનો વિચાર કર્યા સિવાય આવી પડતી જવાબદારીનો કંઈક ખ્યાલ કર્યા સિવાય તેમના તરફથી આવું સાહસ ખેડવામાં આવે તો તેઓ સમાજ ઉપરજ બોજારૂપ થઈ પડવાનો અને સામુદાયિક ગરીબાઈમા વૃદ્ધિ થવાનો ભય રહે છે કુટુમ્બના આગેવાનોને માથે પોતાના આશ્રમવ્યવસ્થાનો ભાર તેના ઉપર જ આધાર રાખતા અન્ય કુટુંબી જનોનો ભરણ–પોષણનો–જરૂર પુરતી તેમને કેળવણી આપવાનો–તેમનામાં સંસ્કારો રેડવાનો જે ભારે બોજો રહેલો હોય છે તે બરાબર વહન કરવા માટે તેણે પ્રયત્નશીલ રહેવું જોઈએ

અવિભક્ત કુટુંબ જીવનની પ્રથા (Joint family system) દેશ-કાળના પ્રભાવે પલટાતા સંયોગોના કારણે-અનેક અંગે ભિન્ન-ભિન્ન થતી જતી હોવાથી કરકસરપૂર્વકના જીવનના લાભ આપણે ગુમાવી બેઠા છીએ અને એક જ કુટુંબના અંગીભૂતો (members) ધંધા કે નોકરી અર્થે દૂર દૂર જુદા જુદા સ્થળે વસતા હોવાથી કુટુંબીજનો પ્રત્યેની વાત્સલ્ય વૃત્તિમાં કંઈક ઘટાડો થતો જાય છે પરંતુ તેવી સ્થિતિ અનિવાર્ય હોઈ નભાવી લીધા સિવાય બીજો કોઈ ઉપાય નથી. કેવળ સ્વાર્થ-પોષણવૃત્તિ ઉપર કંઈક નિયમપૂર્વકનો અંકુશ રાખવામાં આવે તો અમુક કુટુંબની એક વ્યક્તિની સારી કમાણીનો લાભ અન્ય કુટુંબીજનોને પણ મળી શકે અને જીવનનિર્વાહનો પ્રશ્ન સહેલાઈથી ઉકેલી શકાય. પોતાની સાધનસંપન્નતાના પ્રમાણમાં પરોપકાર પરાયણ વૃત્તિથી અન્ય ગરીબ સ્વધર્મીઓને યથાશક્તિ મદદ કરતા રહેવું તે તો તદ્દન અધિક બાબત છે અને તેથી ધાર્મિક નજરે પુણ્ય સંચયમાં વધારો થતાં સમાજમાં કીર્તિ અને પ્રશંસાનું કારણ થઈ પડે છે પરંતુ પોતાના કુટુંબીજનોની ચિંતા રાખી જીવનનિર્વાહનો પ્રબંધ કરતાં રહેવું તે એક વ્યક્તિની પરમ સામાજિક ફરજ થઈ પડે છે અને તેવી ફરજો ખાસ જવાબદારી વાળાએ ફરજરૂપ ગણવી જોઈએ. આવી જવાબદારી અદા કરવામાં ગાફેલ રહેનારને માર્ગાનુસારીની ગણનામાં કદીપણ મૂકી શકાય નહીં.

જે દીર્ઘદર્શી હોય

(૨૬)

ભૂતકાળના ઐતિહાસિક બનાવોનો બરાબર અભ્યાસ કરી તેમાંથી મેળવી લેવા જોઈતા બોધપાઠ નજર સમક્ષ રાખી, ભવિષ્યકાળનો પણ દીર્ઘદર્શી નજરથી યોગ્ય ખ્યાલ કરી, જરૂરી ગણતરીપૂર્વક જીવનવ્યવહાર ચલાવનાર પુરુષને બનતા

ુ ી કોઈપણ અખબારી મુલ્કેનીમાં ફરી ૫ ૧ નો નમ । ઉપસ્થિત
તો ૧ ો આ નવયુગના પ્રવૃત્તિમય જમાનાના-જન અને અવનવા
ફેરફારો પામતા સમયમાં પોતાના વમત-વાણી જમાનાના ચાર
ખૂણાની અંદર જ બનતા બનાવો તરફ નજર રાખ્યા વગોઈ
પ્રકારની પ્રવૃત્તિ શરૂ કરનાર પુરુષ તેની પ્રવૃત્તિમાં જોઈએ તેવી
ફતેહ કે સફળતા મેળવી શકતો નથી આધુનિક સમયમાં રેલ્વે-
મોટર-એરોપ્લેન-સ્ટીમર વગેરે પ્રગતિસૂચક વ્યાપાર-વાહન ના
સાધનોથી તેમજ ટપાલ વ્યવહાર ઉપરાંત, તાર-ટેલીફોન અને વાયર
લેસ તથા રેડીઓની મદદથી દરેકોઈ દેશનો દૂર-દૂ નો પ્રદેશ દુનિ
યાના દરેકોઈ અન્ય પ્રદેશો સાથે એટલો બધો મહાન અને સંપર્કમાં
રહેતો થયો છે અને વર્તમાન પત્રોની મદદથી તે સભ્યતા અને
સંપર્ક એટલો હદ સુધી વ્યાપકને માટે અસરકારક થાય પડે છે કે એક
દેશમાં બનતા બનાવો પડઘો આખી દુનિયાભરમાં ટૂંક સમય
માજ ગાજી ઉઠે છે અને અમુક પ્રદેશની અંદરમા નવર્ણના (ચા
અસર નીચા ભાવની અસર, તળાવમાં ફેંકવામાં આવેલ નાનો સરખો
પથ્થર નાના મોટા વર્તુળો નીપજાવતો તે વર્તુળો તળાવની પાળ
પર્યંત પ્હોંચાડી દે છે તેની માફક દુનીયાભરની બજારો ઉપર થઇ
રહે છે વ્યાપારઉદ્યોગની બાબતમાં તેમજ રાજકીય બાબતમા
અમુક દેશમાં બનતા ભય-સૂચક બનાવો સીધી કે આડકતરી
રીતે અન્ય દેશોમાં તેની વધતી-ઓછી અસર ઉપજાવ્યા સિવાય
રહેતા નથી અને તેથી ખાસ કરીને ચાલુ જમાનામાં કોઇ સારા
મ્હોટા ધંધામાં રોકાએલ કે ઉંચા હોદ્દાની નોકરી કરતી વ્યક્તિને
ચારે તરફ નજર રાખી દીર્ઘદ્રષ્ટિપણાથી કામ લેવાની જરૂર રહે છે

દીર્ઘ દ્રષ્ટિથી કામ કરનાર પુરુષ જ ધંધામાં રાજકીય
પ્રદેશમાં દેશહિતના કાર્યમાં, સામાજિક પ્રવૃત્તિમાં કે ધાર્મિકમાં
જોઈતી ફતેહ મેળવી શકે છે આજકાલ સંકુચિત દ્રષ્ટિવાળા માટે
તો કોઇપણ પ્રદેશમાં ગૌરવ સ્થાન જ નથી આ વિષયમાં લાગી

નજરે ચડતા લાભો ઉપયોગી થઈ પડે તેમ નથી પરંતુ દીર્ઘદ્રષ્ટિ-
ના ઉપયોગ માટે વિચાર વાતાવરણ અને પલટાના ગોતો પહોંચી
વળવા માટે, વિચારશક્તિ જેમ પૂરેપૂરી ખીલવવાની જરૂર છે અને
તેવી વિચારશક્તિ પીઢ અનુભવી પુરુષોના સંસર્ગથી અને
વિશાળ વાચન અને મનનથી જ કેળવવી સંભવ છે દીર્ઘદ્રષ્ટાને
પોતાની વ્યવહારશક્તિને અને મગજને તસ્દી આપવી પડે
પરંતુ તેવી તકલીફ પરિણામે ઘણી ભયંકર આફતોથી બચાવનાર થઈ
પડે છે દરેકોઈ મહાન કાર્યનો આરંભ કરતાં પહેલાં સુજ્ઞ-વિચારશીલ
વ્યક્તિએ દીર્ઘદ્રષ્ટિપૂર્વક તેના ગુણ-દોષ તેમાં સંભવિત રીતે ઉભી
થતી મુશ્કેલીઓ અને તેના નતીજા માટે ઉપર જણાવ્યા પ્રથમથી જ
વિચાર કરી લેવાની જરૂર છે તેમાં કોઈ પણ જાતના સૂક્ષ્મ
વિચાર વિના કોઈ પ્રવૃત્તિમાં ઝુકાવવામાં આવે તો પાછળથી ઘણી
વખત પસ્તાવાનો પ્રસંગ આવી પડે દીર્ઘદ્રષ્ટિથી સત્ય વિચાર
પૂર્વક કામ કરવાની ટેવવાળો મનુષ્ય સમાજને જેને માટે યોગ્ય
માર્ગદર્શન તેમજ સલાહ-સૂચના મેળવવા યોગ્ય આશ્રયસ્થાન થઈ
પડે છે આફતો-મુશ્કેલીઓના પ્રસંગે તેની શીખામણ ખરા માર્ગ-
દર્શક થવાનો દાવો રાખે છે

સમાજ-મંડળ કે સંસ્થાની ધુરા પણ આવા દીર્ઘદર્શી પુરુ-
ષોના હાથમાં મૂકવાનું જ સલાહભરેલું ગણાય છે આવા દીર્ઘદર્શીઓને
લીધે સમાજ સુધારો ગૃહસ્થોને પણ અનેક જાતના સાથે તો શકાપૂર્વક મનુ-
ષ્યજીવન ગુજારવાનું હોવાથી પોતાનો જીવનવ્યવહાર ચલાવતાથી સાર
પાડવા માટે દીર્ઘદર્શીપણાના ગુણની ખાસ આવશ્યકતા છે

વિશેષજ્ઞ-વિવેકી હોય
(૨૭)

દરેકોઈ વિષયનું સામાન્ય જ્ઞાન જોઈએ તેટલું ઉપયોગી થઈ
પડતું નથી ગૃહસ્થ તરીકે તો જીવન વ્યવહાર ચલાવવા માટે ઘણા

વવા માટે અને જામેની નતિષ્ઠા ટકાવી રાખવા માટે-જીવનને ઉપયોગી સર્વ વિષયોનું યથાશક્ય વિશેષ જ્ઞાન આવશ્યક છે, તે સિવાયનું જીવન નીરસ અને નિરર્થક થઈ પડે છે અને જીવનનો પુરેપુરો લ્હાવો લઈ શકાતો નથી

પોતાની પસંદગીના કોઈ વિષયનું અસાધારણ જ્ઞાન મેળવી તે વિષયના નિષ્ણાત (Expert) તરીકેની ખ્યાતિ મેળવવાનું ઘણુંજ મુશ્કેલ છે પરંતુ જો તે વિષયનું સામાન્ય જ્ઞાન કંઈક ઉંડા અભ્યાસ અને નિદિધ્યાસનથી મળવી જાય છે અને તે મેળવવાથી જીવન વ્યવહારના જુદા જુદા માર્ગો સ્પષ્ટ નહિ અને સુવ્યવસ્થિત બનાવી શકાય છે પૂરતી મ્હેનત અને તથા પ્રકારના પ્રયાસથી પ્રત્યેક વિષયનું વિશેષ જ્ઞાન સુસાધ્ય થઈ શકે છે અને આવી મ્હેનત કે પ્રયાસ કદીપણ તદન નિષ્ફળ જતા નથી દરેક મનુષ્ય જીવન સંગ્રામને ઉદ્દેશી મુકત થવા માટે આગળ અને પ્રમાણ તજી બુદ્ધિ જોઇને અપ્રમત્ત ભાવે પ્રયાસ કરતો રહેનાર મનુષ્ય જ જીવન ક્રમમાં આગળ અને આગળ વધી શકે છે અને વિશેષતા પ્રાપ્ત કરી શકે છે એટલુંજ નહિ પણ વિશેષજ્ઞતાના પ્રભાવથી તેની વીવેક શક્તિ જાગ્રત થતા તે વીરોની ગણનામાં આવી શકે છે

વિવેક શક્તિ ધરાવનાર મનુષ્ય હેય-ઉપાદેય-કર્તવ્ય-અકર્તવ્ય ભક્ષાભક્ષ્ય વચ્ચે ભેદ પાડી શકે છે અને ઘણી સરળતાથી પોતાના જીવન-ક્રમ માટેના સિદ્ધાંતો નક્કી કરી તે મુજબ આગળ વધવા પ્રયાસ કરતો રહે છે

વિવેકને નવ નિધિ ઉપરાંત દશમા નિધિ તરીકે ગણવામાં આવે છે કે તે રિદ્ધિ-સિદ્ધિ આપતા નિધિની ગરજ સારે છે એટલું જ નહિ પણ દરેક પ્રસંગે વિવેક પૂર્વક-તેના બરાબર ઉપયોગ પૂર્વક હાથ લેવામાં આવે તો લક્ષ્મી

ચચળ—ચળ ભાવનથી જે કાર્યસાધના થઇ શકે તેના કરતા
ધારે આશ પ્રમાણમાં વિવેકથી કાર્યસાધના થઇ શકે લક્ષ્મી
ઘણી વખત નિરર્થક કે નમામા થઇ પડવાનો સભવ છે
વિવેકબુદ્ધિ કોઈપણ વખ્ય કે અયશસ્ય થતી નથી જેથી
ધુ સાધી શમતી નથી તે વસ્તુ વિવેકથી સુસાધ્ય બની જાય
વેક ધર્મને ને પમને ઘણી રીતે મદદગાર અને ઉપકારક થઇ
સામાન્ય રીતે ધનિક મનુષ્ય કરતા વિવેકી મનુષ્યની ગણના
ગીમા થાય છે વિવેકી મનુષ્ય કદીપણ પોતાના દ્રવ્યનો
ધમ થવા દેતો નથી બીનજરૂરી અનુત્પાદક (Unproduc-
) કાર્યમાં કે કેવળ કીર્તિનામની તૃપ્તિ નિમિત્તે જ ખર્ચાતા
ખર્ચમાં પોતાના વારસદારો વૈભવના Cરોાક તા
તેને અગમ્ય છે અને જરૂરી—સમાજ હિતાર્થે કાયમા
ના દ્રવ્યનો સદ્વ્યય કરવા માટે વિવેકબુદ્ધિ હમેશા પ્રેરણા
કરે છે અને શ્રદ્ધા—દિગમ—બેરા કમાણ વાને ક—ાડ
વાતાવરણથી વિવેકી સમાજ સસ્થા ... ... રહે છે
—બુદ્ધિનો સદુપયોગ કરનાર મનુષ્ય ગનતા સુધી ... પણ
ાથી ઠગાતો નથી અમર તો નગર વિચાર કોઈ મા ... ર્યમા
ામીન તે કોઈપણ ગુમાવતા નથી કમા ... જીવનમમા
મ વસ્તુ તેનુ જીવનવૃત્ત અવ પુરો અનુભવ ... અો
ર્રૂપ થઇ પડે છે વિવેકી પુરુષ જ પોતાના જીવનને યથાર્થ
રે ભાવી શકે છે જીવનના ... તે કોઇપણ નિરકુશ રીતે
મુકતો નથી પોતાના જીવન—સ્વાતત્ર્યમા ને ... સ્વચ્છન્દતાને
આપતો નથી જીવનનુ ઘડતર જ તે એવી રીતે ઘાતો જતો
છે કે તો અવિચારી આવેશ મુર ... કે મુશીબતો સામનો
તો પ્રસગ આવી પડે. આ પ્રકારના ... યુક્ત મા હિસાબી,
ય જીવનની ખરી મોજ માણી શકે છે અને હીમતપૂર્વક
ો નજીક જઇ પહોંચે છે

જે કૃતજ્ઞ-પોતા પર કરેલા ઉપકારને જાણનાર હોય
(૨૮)

श्लोकार्धेन प्रवक्ष्यामि यदुक्तं ग्रन्थकोटिभिः ।
परोपकारः पुण्याय पापाय परपीडनम् ॥

ભાવાર્થ-જે કરોડો ગ્રંથોમાં કહ્યું છે તે હું અર્ધા શ્લોકમાં કહીશ-તે એ કે બીજા પર ઉપકાર કરવો એ પુણ્ય છે અને બીજાને પીડા કરવી એ પાપ છે

ઉપરના રહસ્ય પૂર્ણ શ્લોકથી આપણે સમજી શકીએ છીએ કે પરોપકારપરાયણ મહાનુભાવ પુરૂષો પોતાનું પુણ્ય ભંડોળ વધારવા માટે જ પોતાની પરોપકાર કરી છૂટવાની પ્રવૃત્તિમાં રચ્યા પચ્યા રહે છે જ્યારે દુર્જન અને ખલ પુરૂષો અન્ય જનોને હરકોઇ પ્રકારે પીડા ઉપજાવી પાપનો જ સંચય કરી રહેલા હોય છે પરોપકાર કરનાર સજ્જન પુરૂષ કોઇપણ પ્રકારના બદલાની અપેક્ષા રાખતો નથી જેના ઉપર કોઇપણ પ્રકારનો ઉપકાર કરવાને તત્પર થયેલ હોય છે તેની સાથે કોઇપણ જાતનું સાટું કે કરાર કરવાની માથા કૂટમાં તે પડતો નથી સાટા કે કરારપૂર્વક કોઇના લાભમાં કે હિતાર્થે કંઇ કૃત્ય કરવામાં આવે તો તેમાં ઉપકારની લેશ માત્ર ગંધ કે સુવાસ રહેતી નથી પરોપકાર માટે કદીપણ સોદા થતા નથી કે તેના બજાર-ભાવ બોલાતા નથી

અન્ય જનોનું ભલું કરવાની ભાવના પરમ ઉદાર ભાવથી પોતાની પરમાર્થ વૃત્તિમાંથી ઉદ્ભવે છે અને તેને અમલમાં મૂકનાર **परोपकाराय सतां विभूतयः** એ સંતજનો-મહાનુભાવોની વિભૂતિ પરોપકાર માટે જ હોય છે એ સૂત્રો બરાબર ધ્યાન રાખી-પરોપકારપરાયણ પુરૂષો પરોપકાર વૃત્તિને પરમ ધર્મ-પવિત્ર ફરજ સમજીને જ પોતાની પ્રવૃત્તિમાં આગળ ધપે જાય છે તેમનું તે એક પ્રકારનું વ્યસન જ થઇ પડે છે 'જય વીયરાય' સૂત્રમાં કરાતી યાચનામાં

પરસ્પર છુ ચ એગને પરોપકારવૃત્તિને ખાસ સ્થાન અપાયેલ છે આમ
છતા પણ જેમને કોઈપણ ઉપકાર કરવામા આવ્યો હોય તેમની
એક સામાન્ય મનુષ્ય તરીકે પણ પવિત્ર ફરજ છે કે ઉપકાર કર-
નાર સજ્જન તરફ તેમણે કૃતજ્ઞતા જાગતી રાખવી જોઈએ એટલે
કે પોતા પર કરવામા આવેલ ઉપકારો જીવનભર સ્મરણપટમા
કોતરી રાખી, ઉપકાર કરનાર તરફ આભારની વૃત્તિ દર્શાવતા રહી-
પ્રસંગ મળે તેનો યથાશક્તિ બદલો વાળવાની તત્પરતા બજાવવી
તેનુ જ નામ ખરી કૃતજ્ઞતા

ઉપકાર કરનારની પરમાર્થ વૃત્તિની–નિઃસ્વાર્થી સદ્ભાવની
ખરી કીમત નહિ આંકતાં–આ બિચારા જગતના મારગ આ[illegible]
ગી, તેમા તેણે શુ મોટો યશ કરી નાખ્યો–એ તો એની ફરજ
હતી અગર તો પ્રથમ તેના ઉપર હુ અનેક પ્રકારના ઉપકાર કરી
ચુકેલો છુ એટલે તેણે કંઈ વિશેષ કર્યુ નથી એવા આગા-ખોગા
આરોપોપૂર્વક ઉપકારની અવગણના કરવી–તેને નીચી કોટીમા મૂક
વો તે મોટો કૃતઘ્નતા દોષ છે અને તે દોષથી માર્ગાનુસારી સજ્જનો
હમેશાં મુક્ત રહેવુ જોઈએ. ભૂખ્યાને અન્ન, તરસ્યાને પાણી નિરાશ્રિત
ને આશ્રય અને નિરુદ્યમીને કંઈક ઉદ્યોગે ચડાવવારૂપ અનેક
પ્રકારના ઉપકાર કરનાર સજ્જનની પ્રતિષ્ઠા જનસમાજમા વધતી
જાય છે અને જેના ઉપર ઉપકાર કરવામા આવે તે નિર્ગુણી
પણાથી કૃતજ્ઞ થવામાં પાછો પડે તો તેની કૃતઘ્નીની કોટીમા જ
ગણના થાય છે (૧) અપકાર પ્રત્યે ઉપકાર (૨) ઉપકાર પ્રત્યે
ઉપકાર ( ) ઉપકાર પ્રત્યે અપકાર અને (૪ અપકાર પ્રત્યે અપ
કાર–એ ચૌભંગીમા પ્રથમનો ભાંગો શ્રેષ્ઠ અને ઉત્તમોત્તમ ગણાય
છે ત્યારે ત્રીજો ભાંગો અધમાધમ ગણાય છે એટલે ઉજ્જવળ ભાવિની
અભિલાષા સેવતા સજ્જને કૃતજ્ઞતાપૂર્વક પહેલા કે બીજા ભાંગાથી
નીચી કોટિમા આવી જવુ જોઈએ નહિ પોતા પર કરવામા આવેલ

ઉપકારના કેવળ જાણકારપણાથી સંતોષ નહિ માની લેતાં—તેનું, યથાતથ્ય મૂલ્યાંકન કરી તેની ખરી કદર કરવી જોઈએ અને તેનો કદી પણ વિસ્મૃતિ થવી જોઈએ નહિ તેની ખરી કદર તેનીમાં અને યાવત્ જીવ મરણમાં જ આપણી સજ્જનતા અને મહાનુભાવતા રહેલી છે

જે લોકપ્રિય—લોકવલ્લભ હોય

(૨૮)

જનસમુદાયનો પ્રેમ સંપાદન કરવા—લોકપ્રિય થવું—જનસમાજમાં યોગ્ય પ્રતિષ્ઠા—આબરૂ જાળવવી એ કંઈ રહેલી કે સામાન્ય વસ્તુ નથી જે ગરીબનો બેલી હોય, પરોપકાર પરાયણ વૃત્તિવાળો હોય પોતાના સ્વાર્થના ભોગે કેવળ નિસ્વાર્થ વૃત્તિથી અને સાચી સેવા કરવાની ભાવનાથી તન મન અને ધનથી પરમાર્થ કરવામાં તત્પર હોય—જેના સેવાભાવ અને ત્યાગવૃત્તિ જાણીતા હોય—રાજ્ય અને પ્રજાપક્ષ વચ્ચેના ઘર્ષણમાં હમેશાં પ્રજાપક્ષે જ ઊભો રહેનારો હોય—ખુશામતખોર વૃત્તિથી પર હોય—સસ્તી કીર્તિ ખાટી જવાની લાગણી ન ધરાવતો હોય—સમાજોત્કર્ષની પ્રત્યેક પ્રવૃત્તિમાં કડિઘા સહન કરવા તૈયાર રહી આગળ પડતો ભાગ લેતો હોય—પ્રજાદ્રોહ કે દેશદ્રોહના કાર્યમાં કદીપણ લેશમાત્ર ભાગ લેતો ન હોય—તેવો પુરુષ જ લોકપ્રિય અને લોકવલ્લભ થઈ પડે છે અને તેવા મહાનુભાવની આગેવાની સ્વીકારી તેનો પડતો બોલ ઝીલી લેવા તેના માટે પોતાના પ્રાણ પાથરવા જનસમાજ સદા તૈયાર અને તત્પર જ હોય છે

રાષ્ટ્રીય મહાસભા (National Congress)ની શરૂઆતથી આજસુધીનો તેનો ઇતિહાસ આપણને શું શીખવે છે? શું બોધ—પાઠ આપણી સન્મુખ રજુ કરે છે? આનો યથાયોગ્ય વિચાર અને દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો તરત જ સમજી શકાય એમ

છે કે આખા વરસભર પીકની કમાણી કરી ગઇ—નાતાનની ગ્જાના વિનોમા—મહાસભાના પ્લેટફોર્મ ઉપર આવી ઉશ્કેરાટભર્યા લુચ્ચા ર તેમજ અથપૂર્ણ અને પ્રચુર વિદ્વાના ભરપૂર લાંબા લાંબા ભાષણો કરવા તૈયાર રહેતા આગેવાનો દેશહિતના કાર્યમા સતત્ કાર્યશક્તિનો ભોગ માગની—પ્રવર્તીર યોજનાઓ પાર પાડવામા—સેવાભાવ ક ત્યાગવૃત્તિથી આત્મભોગ આપવા તગાર ન હોવાથી—તેઓ જુદા તરી આવ્યા અને પ્રજાનીય દૃષ્ટિએ પ્રજાની નજરમા તેમની કીમત ઘટી જતા—તેમને જુ સ ન ક ન ક ાના જરૂર પડી અને પરિણામે મહાસભાને જરૂર હત આત્મભાગ આપ આપનાર મહાત્મા ગાંધીજી અને ગ રગ દર્નાતિ પડિત જવાહરલાલજી જેવા આગેવાનોએ તેમની જગ્યા [illegible] તેમની પ્રતિષ્ઠા ગેટલી બધી જમાવી દીધી કે આ કાઇન તેમના પગમા લીંગ ઝુમાવવાનુ મન થયા જાય—તેમની આગેવાનીની કીમત આંકવાનુ આપણી જેવા પામર મનુષ્યને માટે ઘણુ જ મુશ્કેલ છે પણ મેળા કારણે યા તો ભેમી ભાવનાની પ્રબળતાથી આ રસ્તે દોરાઇ જનાર પુરુષો તેવા આ લાસાનો મટે ગમે તેમ કહે છતા પણ તેમની લોકપ્રિયતા અને નામનમ્રતા પરમ આદર્શરૂપ જ ગણી શકાય તેમ છે

આવા મહાન પુરુષોનુ સર્વાગે અનુકરણ કરવાનુ આપણા માટે કંઇ અશક્ય માની લઇએ તો પણ તેમનુ પરમ સેવાવ્રત અને ત્યાગભાવપૂર્વકનુ જીવનચરિત્ર સન્મુખ રાખી આપણે ના પ્રિયતા મેળવવામા તેમાં વધારો કરતા જવામા યથાશક્તિ પ્રયાસ કરતા રહેવુ જોઇએ હિંદ વિવેકી સમાજ મોટા ભાગે તરતજ જુદો પાડી દભ—આડંબર—ખાની [illegible] જન-મનરંજનવૃત્તિથી ધર્મપુમપુર્વક કામ [illegible] સ્વાર્થપણાથી, ખાની સસ્ની કીર્તિ ખાટી જવાની વૃત્તિથી સામાજિક કાર્યમા ભાગ

લેનાર વ્યક્તિની ખરી કીમત આ નવયુગનો સમાજ તરતજ આંકી લેશે અને તેની ખોટી ધમાલને સામી મુક્ત નાખી લેશે નહિ સમજ આ જાગ્રતિના જમાનામા હૃદયપૂર્વક્ની નિરપેક્ષતા પરોપકાર પરાયણવૃત્તિ સ્વાર્થ રહિત સેવાભાવ વગેરે સદ્ગુણોથી જ લોકપ્રિયતા મેળવી શકાય છે લોકપ્રવાહની સામે પુર ઝડપ મારવાથી તો જે કાઇ પ્રતિષ્ઠા જામી હોય તે પણ ગુમાવી બેસવાનુ થાય છે

આપણે ખુલ્લી નજરે જોઇ શકીએ એવી પ્રજાકીય પ્રવૃત્તિઓથી અલગ રહી પરદેશી રાજ્યકર્તાઓના પક્ષમા ભળી અમલદારોના હાથા બની ખુશામતખોરીથી કે બીજી રીતના પ્રયાસથી મ્હોટા મ્હોટા ટાઇટલો અને ખેતાબો મેળવનારાની કીમત આજ પ્રજાગણમાં પહેલા જેવી રહી નથી અને તેઓ પ્રજાકીય પ્રવૃત્તિમા ઘણા પ્રસંગે અતડા પડી જાય છે અને છેવટે તેમને દુકાન કે ઘરના ખુણે પડી રહીને જ મન મનાવવાનુ રહે છે આવા સજ્જનો દેશદ્રોહી કે પ્રજાદ્રોહી ની કક્ષા સુધી પહોંચી જતા અચકાતા નથી જન સમુદાયનો મ્હોટો વિભાગ–વિવેકબુદ્ધિથી–યોગ્ય કસોટીપૂર્વક ખરા ખોટા રૂપયાને કુનેહપુર્વક પારખી લેનારની માફક પ્રજાહિતાર્થે–શુદ્ધ હૃદયની ભાવનાથી કામ કરનારને અને કપટપુર્વક આડંબર અને ખોટી ધમાલ કરનારને તરત જ પારખી કાઢવાની શક્તિ ધરાવતો થઇ ગયેલો હોવાથી આ નવા યુગના જમાનામાં લોકપ્રિય થવાની અભિલાષા સેવનારને સારા પ્રમાણમાં વ્યક્તિગત શક્તિનો જાતમહેનતનો ભોગ આપવાને તૈયાર રહેવુ જોઇએ સસ્તી લોકપ્રિયતા (Cheap popularity) ખાટી જવાની વૃત્તિ ધારણ કરનારાઓ–દહીંદુધમા પગ રાખવાની રીતિથી સામાજિક કાર્યમા ભાગ લેનારાઓ પોતાનો ક્ષુલ્લક સ્વાર્થ સાધવાની ચતુરાઇથી પ્રજાને ઠગનારાઓ તરત જ ઉઘાડા પડી જાય છે અને પોતાની રહી–સહી લોકપ્રિયતા ગમાવી બેસે છે દેશની ઔદ્યોગિક–કેળવણી વિષ

ચક અને ગઝ્ટ્રિય પ્રગતિમા અવરોધ C પત્ર કરનારાઓને પ્રજાના હ્રદયમા કઈ પણ સ્થાન મળતુ નથી લીંમડીના દીવ્રરતીઓના સમાધાનના પ્રકરણમા આપણે ભલભલા આગેવાનોને પણ નગ્ન સ્વરૂપમા-ખુલ્લા પડી જતા જોઇ શકયા છીએ અને ગઈકાલના વિશ્વસનીય પ્રજાના આગેવાનો આજે પ્હેતાનો પ્રજા તરફનો બધા વિશ્વાસ ગુમાવી બેસી પ્રજાની નજરમા પોતાની ઈમત કરાવી રહ્યા છે આવા આગેવાનોથી પરમાત્મા જ પ્રજાને બચાવે એવી ભાવના આગળ કરવાની રહે છે આજીવન જન સમુદાયમા પોતાની લોકપ્રિયતા ટકી રહે એટલુ જ નહિ પણ તે વધતી જાય તદી C ાર ભાવનાથી માર્ગાનુસારી ગૃહસ્થે પોતાનો જીવનપથ નક્કી કરી લેવો જોઇએ અને તેમા કોઇ પણ પ્રકાર ત્રુટી આવવા દેવી જોઇએ નહી, ઉત્તમ ભાવનાશીલ સહૃદય આગેવાનો જ જનગણના હૃદયપ્રદેશમા ઉચ્ચ સ્થાન મેળવી શકે છે અને ખરા લોક-પ્રિય અને લોકવલ્લભ થઇ પડે છે મહાત્માજી પંડિતજી અને સરદારશ્રી વગેરેના ઉત્તમ કોટીના જ્વલંત દૃષ્ટાંતો દેશના ઇતિહાસમા સુવર્ણાક્ષરે લખાઇ ચૂકયા છે તે સૌ કોઇના ધ્યાનબહાર નથી

જે લાજ-મર્યાદાવાળો હોય

(૩૦)

કેટલાક સામાન્ય જણાતા દુર્ગુણો એટલા બધા આકર્ષક અને મુગ્ધ જનોને ફસાવી પાડનારા હોય છે કે જેમણે દૃઢ નિશ્ચયપૂર્વક પોતાનો જીવનમાર્ગ પ્રથમથી જ નિશ્ચિત જમીન ઉપર ઊભા રહી પુરતી સાવચેતી અને સાવધાનીપણાથી નક્કી કરી દીધેલો નથી હોતો તેમને માટે એવા મીઠા દુર્ગુણો એટલા બધા લપસાવી નાખનારા-સરકાવી પાડનારા થઈ પડે છે કે જો તેમને પોતાના ઉચ્ચ કુલના કુટુંબના ખાનદાનીપણા માટે જરાપણ અભિમાન કે ગૌરવ ન હોય-જન સમુદાયમાં પોતાની લાજ-મર્યાદા અને આબરૂ

જાગ્રતી રાખવાની ખરી ધગશ ન હોય તો તે માણસ દુર્ગુણની જાળમાં જેટલો બધો ફસાઈ પડે છે કે તેની સ્થિતિ વિવેક ભ્રષ્ટાના તુ વિનિપાતા શતમુખ જેવી થઈ પડે છે અને જુદા જુદા અનેક દુર્ગુણોની પરંપરામાં અટવાઈ જાય છે

સામાન્ય રીતે માનસિક વૃત્તિયો-અનેક પ્રકારના પાપોની અનિષ્ટ કામોની ભાવના કરતો મનુષ્ય તેવા પાપાચરણને-અધમ વિચારો દુષ્ટ વાસનાઓને મનથી તેમજ વચનથી અમલમાં મૂકતા વિચાર ન કરતાં તેમજ જન સમુદાયનો તીરસ્કાર વ્હોરી લેવો પડે તેવા ભયથીજ અટકી જાય છે આ રીતે-વચનથી અને શરીરથી પાપકર્મ કરતાં અટકી જનાર-દુર્ગુણથી લાજ-શરમ રાખીને પાપથી છેક દૂર રહેનાર-શાતાના પુણ્ય-ભાગમાં વધારો કરી લે છે અને ગુણ-આદરપૂર્વક પોતાના સદ્ગુણોમાં વધારો કરતો જાય છે વાણી અને શરીરથી સંયમ જાળવી રાખનાર-ધીમે ધીમે મનોબળમાં વૃદ્ધિ કરી વિચાર બુદ્ધિ કેળવી પોતાની વિચારશ્રેણી-મનોવૃત્તિમાં-વિચારણામાં-ક્રમેક્રમે પવિત્રતા લાવી એવી ઉચ્ચદશા ઉપજાવી શકે છે પોતાના હૃદયને પણ એવું ઉદાત્ત-ભાવનાશીલ બનાવી શકે છે કે તેની મનોવૃત્તિમાં-દુર્ગુણપાત્ર અધમ વિચારોની સ્ફુરણાજ થતી નથી અધમ રીતે મનુષ્યનું હૃદય અધમ વાસનાઓને કદીપણ અવકાશજ આપતું નથી

શરીર પુરતા માટે હજાર બહાદુર યોદ્ધાઓને જીતવું જેટલું સહેલું છે તેટલું સહેલું દુષ્ટ ભાવો અને અધમવૃત્તિઓ ઉપર જીત મેળવવાનું-મન ઉપર કાબુ મેળવવાનું સહેલું નથી અને તેથીજ અદ્ભુત યોગી શ્રી આનંદઘનજી કહી ગયા છે કે 'મન સાધ્યું તેણે સઘળું સાધ્યું' એ વાત નહિ ખોટી

જન સમુદાયમાં અમારી નિંદા થશે હું હલકા પડી જઈશ મારી કીમત ઘટી જશે ... [illegible]

આથી જ ઘણા પુરુષો પોતાનું સદ્વર્તન જાળવી રાખતા જણાય છે અને તેથી જ કહેવત પ્રચલિત થઈ છે કે 'જેને મૂકી લાજ તેને નાનું સરખું રાજ' લજ્જા કે લાજ-મર્યાદા રહિત મનુષ્ય નાના અગર મોટા રાજ્યના રાજ્યકર્તાની માફક તન ન સ્વતંત્ર હોઈ તેની સ્વતંત્રતા ઘણા ભાગે કેવળ સ્વચ્છંદતામાં જ પરિણમે છે અને સ્વચ્છંદી મનુષ્યનું જીવન ગુણગ્રાહકના ડોળી ફુગ્ગો ત ફેજ નાનુ થાય છે લજ્જાશીલ યુવાન કે યુવતી પોતાના ઉત્તમ ચરિત્રથી સમાજનું ભૂષણ રૂપ પડે છે તેને કદી પણ જનસમાજમાં પોતાની જમાવેલી આબરૂ-માન-પ્રતિષ્ઠા ગુમાવી બેસવાનું પાલવતું જ નથી ને હમેશા બીક ધરાવના હોય છે કે મારા અમુક કૃત્ય માટે જન સમાજ સદ્ભાવ બતાવશે કે અસદ્ભાવ બતાવશે જન સમાજ તો પ્રત્યેક મનુષ્યના કૃત્ય-અપકૃત્ય માટે એક નિર્મળ આરીસા છે એનું ત શુદ્ધ અને સ્પષ્ટ પ્રતિબિમ્બ પાડતા આરસાની ગરજ સારે છે

સારા ખોટા કૃત્યો માટે પાગરીશીનું કામ કરતા તે આપવા ની જેને કિંચિત્ પણ પરવા નથી, જન સમાજના સારા-ભૂંડા અભિપ્રાય તરફ જે મનુષ્ય બેદરકાર હોય છે તેને લાજ કે મર્યાદા જાળવવાની જરૂર જણાતી નથી પરંતુ મર્યાદાનુસારી ગૃહસ્થને માટે તો આવા સદ્ગુણની અનિવાર્ય આવશ્યકતા છે

જે લ્યાણુ હોય

(૭૨)

ભયંકર વિશ્વવિગ્રહના પરિણામે જ લાખો મનુષ્યનો સંહાર અને લાખોના જન-માનનો વિનાશ નોતરવામાં આવ્યો. જુદા યુદ્ધ સ્થળોના મોરચાઓનો વિચારપૂર્વક અભ્યાસ કરનારા જોઈ શક્યા છે કે રાજ્યસત્તાના અદમ્ય અને પ્રબળ લોભે ચારે બાજુ હિંસા અને સંહારનું જ વાતાવરણ ગાઢ-અંધકારની માફક ફેલાવી દીધેલ છે આવો ઘોર સંગ્રામ દુનિયાનો એટના બધા ઘોટક સ્વરૂપમાં

હિંસક યોજના રહેલ છે કે તેના આંકડાનો અભ્યાસ કરીએ ત્યારે જ ખ્યાલ આવે છે કે આવી રાક્ષસી સ્વરૂપની હિંસા સર્જન આ ભયંકર [illegible] પમાં નામ ઉપજાવી રહેલ છે અને તેના પ્રતિકાર માટે અહિંસાના સિદ્ધાંતોને જગતભરમાં પ્રચાર કરવા માટે કેટલા [illegible] અને [illegible] પ્રયત્નની જરૂર છે દુનિયાભરમાં હિંસાનું સામ્રાજ્ય પ્રવર્તી રહેલ છે કે અત્યારે અહીં સત ઉપદેશકોના ગમે તેટલા પ્રયાસ કે સ આગમ ભાગવત વાંચન [illegible] પણ ધર્મના પુસ્તકોકે સિદ્ધાંતો વાંચમાં આવતાં [illegible] હિંસાના કોઈપણ રીતે અટકાવ કરવા કે તેની તરફ [illegible] તેમ જણાતું નથી

[illegible] સામ [illegible] યુદ્ધમાં ઝંપલાવેલ પ્રજાના આગેવાનો રાજનીતિ અને ધર્મના પક્ષમાં જ પોતે લડી રહ્યા છે અને પરમ કૃપાળુ પરમાત્મા તેમને મદદ કરી રહેલ છે એમ માની [illegible] હિંસાનું [illegible] પરંતુ આવી અઘોર-રાક્ષસી હિંસાને કોઈપણ રીતે [illegible] કે જરૂરી ઠરાવી શકાય તેમ નથી આવી ભયંકર-સંહારક હિંસાના પરિણામો અને વિનાશકારક પરિણામોનો [illegible] તેનો ત્યારે જ હિંસા [illegible] ખરેખર મહત્વપૂર્ણ [illegible] સમજી શકાય તેમ છે

અહિંસા પરમો ધર્મ ના સૂત્રને દરેક ધર્મવાળાઓ [illegible] આપણા દેશ છતાં પણ તે સૂત્ર અનુસાર વર્તન કરવાને [illegible] તે સૂત્રનું [illegible] અને પરમાર્થ [illegible] આવે છે અને વિશ્વ પ્રેમને જનની બાબતમાં તો તેને [illegible] કરવાને [illegible] ગણવામાં આવે છે [illegible] [illegible] [illegible] વ્યાપારના સંબંધો કે વ્યાપાર [illegible] વધારે [illegible] કરવાની સ્વાર્થપૂર્ણ [illegible] પાપીઓ [illegible] ઉત્તરે છે અને પાપીઓ [illegible]

રાજ્યકારણ અને રાજ્યરમતના વિશારદો તેમા સાથ પુરે છે અને એક પક્ષ તરફથી આક્રમણ થતાં સામા પક્ષને પણ પોતાના બચાવ માટે અગર તો સબળ સામના માટે યુદ્ધમોરચા માવવાની જરૂર પડે છે ત્યારે અહિંસાનો સિદ્ધાંત કેવળ વમ પુસ્તકોની જ શોભારૂપ બની જાય છે અને ચારે બાજુ હિંસાનુ વાતાવરણ જ પ્રસરી રહે છે અને વિજ્ઞાન વૃદ્ધિના આ યુગમા વિજ્ઞાનનો ઉપયોગ પણ કેવળ સહારક શક્તિને અનેક પ્રકારના ભયકર અને વિનાશક શસ્ત્રો અને સાધનોની મદદથી સપૂર્ણ જેમ આપવામાંજ થતો હોવાનુ જણાય છે પરાધીન પ્રજા પોતાના સ્વાતંત્ર્ય માટે આવા કોઈ યુદ્ધમા ઉતરે તો તેને પણ આમને સામને ખુવારી નોતરવાની જ રહે છે

હિંસક યુદ્ધની આ પ્રકારની દુખદ પરિસ્થિતિ વચ્ચે અહિંસક રીતે કોઇ જુદા જ પ્રકારનુ યુદ્ધ સત્યાગ્રહજંગ કુનેહ અને કુશગતા દ્વારા તેમજ નીડરતાથી આત્મભોગ અને બલિદાન આપવાની તૈયારી સાથે લડી શકાય છે તે તો આપણને મહાત્મા ગાંધીજીએ જ બરાબર સમજાવ્યુ અને શીખવ્યુ અને અહિંસાના સિદ્ધાંતને કંઇક નવા જ સ્વરૂપનુ બળ અને જોમ આપ્યુ અને અહિંસાના સિદ્ધાંત ઉપર એટલુ બધુ વિદ્વત્તાપુર્ણ ગહન અને પ્રચુર સાહિત્ય વિશાળ અને સત્ય શોધક દૃષ્ટિથી નીપજાવ્યુ છે કે જેનુ અહીં વિવેચન કરવુ તે મારા જેવા અલ્પજ્ઞ માટે શક્તિ બહારનુ તેમજ કંઇક અપ્રાસંગિક જણાતા તેના તરફ અંગુલીનિર્દેશ કરીને જ સંતોષ માનવાનો રહે છે

જુદા જુદા ધાર્મિક સંપ્રદાયોના તુલનાત્મક અભ્યાસીઓની નજરે જૈન દૃષ્ટિ અહિંસાના સિદ્ધાંતને વધારે મહત્વ આપતી જણાય છે છતા તે દૃષ્ટિએ પણ જૈન સાધુ જ્યારે વીશ વસા દયા પાળી શકે છે ત્યારે જૈન ગૃહસ્થ તેના સોળમા ભાગની જ એટલે સવાવસો દયા પાળી શકે છે અનિવાર્ય ગણાતા ફરજીયાત રીતે આરંભ સમારંભના

કાર્ય હાથ ધરતા માર્ગાનુસારી ગૃહસ્થને સવા વસા કરતાં વધારે પ્રમાણમાં ... સિદ્ધાંતને અનુસરવાનો અવકાશ રહેતો નથી તત્ત્વાર્થ સૂત્ર પ્રમત્તયોગાત્ પ્રાણવ્યપરોપણં હિંસા એ રીતે હિંસાની વ્યાખ્યા કરે છે એટલે પ્રમાદ વશતાથી (જીવના) પ્રાણનો નાશ કરવો તેને હિંસા કહેવામાં આવે છે–આવી હિંસાથી તદ્દન મુક્ત રહેવા પૂર્ણ ઉચ્ચ કોટીની અહિંસા–સાધુ જીવન ગુજારનાર માટે જ શક્ય છે ગૃહસ્થ કઈક એવા પ્રયોગોમાં જ મુખ્યત્વે છે કે તેને માટે તેવી અહિંસા અશક્ય છે સૂક્ષ્મ અગર સ્થાવર એકેન્દ્રિય જીવોની અહિંસા ગૃહસ્થ માટે શક્ય નથી પરંતુ ત્રસ જીવોની (બે ઇન્દ્રિયવાળીથી પચેન્દ્રિય સુધીના જીવોના) જ અહિંસા શક્ય છે તેમાં પણ ત્રસ જીવોની સંકલ્પથી થતી હિંસા તજવાનું ગૃહસ્થ માટે શક્ય છે પરંતુ આરંભ–સમારંભના કાર્યને અંગે થતી હિંસા તજવાનું તેને માટે શક્ય નથી વળી સંકલ્પથી થતી હિંસાના બે ભેદ પાડવામાં આવે છે નિરપરાધી અને સાપરાધી પ્રાણીની હિંસા–તેમાંથી પ્રથમની તજી શકાય છે અને અપરાધીની તજી શકાતી નથી કારણ કે તેને પોતાનું તેમજ પોતાના સબંધીઓના માન માલનું આતતાયીઓથી રક્ષણ કરવાનું હોય છે પોતાના દેશને શત્રુઓના દુશ્મનાથી બચાવવાનો હોય છે ન્યાયની વ્યવસ્થા અને સુનેહ શાંતિ પણ જાળવવાના હોય છે આથી આગળ વધતા નિરપરાધ સંકલ્પની હિંસાના સાપેક્ષ અને નિરપેક્ષ એમ બે ભેદ પાડતાં ઉત્તરોત્તર–ગૃહસ્થની અહિંસા સાધુની અહિંસાના સોળમા ભાગની થઈ જાય છે–કે જે બતાવેલ બે ભેદમાંથી ગૃહસ્થ નિરપેક્ષ એટલે ... પક્ષથી કે લોલુપીપણાથી અગર મસ્ત–આમાદિ ... હિંસા સહેલાઈથી તજી શકે છે પરંતુ સાપેક્ષ હિંસા તે તજી શકતો નથી આ રીતે વીસ વસામાંથી સોળમા ભાગની–સવા વસો અહિંસા પાળનાર ગૃહસ્થ ત્યાગીપણાના

ગુણને બરાબર ખીલવીને તેમજ તેને ટકાવી રાખીને પોતાનું જીવન આબરૂભેર ઘણી સારી રીતે ગુજારી શકે છે અને અન્ય જીવો પ્રત્યે દયાભાવથી વર્તતો સજ્જન પોતાનું આત્મકલ્યાણ સાધી શકે છે.

વળી સજ્જનનું હૃદય દયાભાવનાનું એક મંદિર હોય છે તેની દૃષ્ટિ પણ ઘણી વિશાળ અને વિવેકશીલ હોય છે સર્વે જીવો પ્રત્યે સમાની નજરથી જોનારો જ ખરેખરો જોનાર કહેવામાં આવે છે आत्मवत् सर्वभूतेषु य: पश्यति स पश्यति-સર્વ ભૂત-પ્રાણીને પોતાના જ આત્મા તુલ્ય ગણનારા-જોનાર ખરો જોનાર છે शुभं भूयात् सर्वजन्तूनाम्-સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાઓ એની ઉદાર ભાવનાથી જ તેનું હૃદય પ્રફુલિત થયું જોવામાં આવે છે બીજાના દુઃખે દુઃખી અને બીજાના સુખે સુખી રહેનારા મનુષ્યો જ પોતાનું જીવન સાર્થક કરતા જણાય છે દયાળુ મનુષ્યો પુરૂષો મન, વચન અને કાયાથી કોઈપણ પ્રાણીને કિંચિત્ પણ નુકશાન કરવાની ભાવના રાખતા નથી आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्-પોતાના જ આત્માને જે જે ક્રિયાઓ પ્રતિકૂલ અને અનર્થકર્તા જણાતી હોય તેવો કોઈ પણ ક્રિયા અન્ય પ્રત્યે તેઓ કદાપિ આચરતા નથી વિવેકપૂર્વક જોતાં લ્યાન્નુપ મનુષ્યને ઘણી ઉચ્ચ કોટીમાં મૂકે છે દષ્ટિથી પવિત્ર થયેલ-શુદ્ધ થએલા જ્યાઓ પગ મૂકનાર મનુષ્ય નાના-નાના જીવજંતુઓની પણ રક્ષા કરતો દેખાય છે તેથી મનુષ્ય પ્રાણીને તો તે પોતાના આત્મબંધુ તરીકે જ સમજે છે અને તેના પ્રત્યે દયાની નજરથી જોતા રહે છે આવા દયાળુ સજ્જનો અન્ય પુરૂષોનું કલ્યાણ કરવા ઉપરાંત પોતાનું આત્મકલ્યાણ પણ સાથે સાથે સાધતા જાય છે ન્યાય કરનાર ન્યાયાધીશો પણ નિષ્પક્ષ બુદ્ધિથી બધી બાજુ તોળી તુલના કરી દયામિશ્રિત ન્યાય કરે છે ત્યારે તેમની કીમત જનસમાજમાં અંકાવી પડે છે

દયાહીન–નિર્દય–ઘાતકી મનુષ્યો પોતાના અપકૃત્યોથી દિન-પ્રતિદિન લોકપ્રિયતા ગુમાવતા જતા હોય છે ત્યારે ગુણસજ્જ-નોમાં ક્ષમા મૃદુતા આર્જવતા વગેરે સદ્ગુણો પણ ખીલતા જતા હોય છે અને સર્વ કોઈને તેમને માટે અપ્રતિમ માન અને સદ્ભાવ ઉત્પન્ન થાય છે ભક્ત કવિ તુલસીદાસજી પણ કહી ગયા છે કે–
દયા ધર્મકા મૂલ હૈ પાપ મૂલ અભિમાન તુલસી દયા ન છોડીયે જબ લગ ઘટમેં પ્રાણ
આથી સ્પષ્ટ સમજાય છે કે જીવનની સફળતા અને સાર્થકતા માટે પ્રત્યેક માર્ગાનુસારીએ દયાગુણને અને તેટલો વધારે ખીલવવાની જરૂર છે
અહિંસાની બાબતમાં જૈનશાસ્ત્રકારોએ તેનું પુરતું મહત્વ આપી ઘણી ઝીણવટભરી, મૌલિક અને વિચારપ્રેરક ચર્ચા કરી છે તેથી ફુલાઈ જઈ આધુનિક સમયના જૈનભાઈઓ અભિમાન અને ગૌરવ ધારણ કરે છે, પરંતુ લાંચ–રૂશ્વતખોરી–કાળા બજારોવાળી પ્રવૃત્તિઓ અને અજ્ઞાન–ગરીબ ભાઈઓનું લોહી ચુસવાની વૃત્તિઓથી ખદબદતા આ જમાનામાં શાસ્ત્રના ફરમાનને કેટલે રજગે આપણે અનુસરીએ છીએ તે એક વિચારણીય પ્રશ્ન થઈ પડે છે અળગણ પાણી પીનારાઓ સામે–ખાંડી–મંકોડીની પણ રક્ષા કરવાનો દાવો રાખનારા સામે વા કેવા આક્ષેપો થઈ રહ્યા છે તેનો આપણે કદી પણ શાંત ચિત્તે વિચાર કરો છો? સાધુદશા કરતાં બીજા ભાગની જ દયાના અધિકારી ગણાતા ગૃહસ્થની ચતુ જમાનામાં પ્રવર્તતી વા કેટલી નીચી કોટીમાં જઈ પહોંચી છે? નવયુગના વિચારશીલ અને વિવેકી યુવાનો માટે અહિંસાનું આખું નવું જ શાસ્ત્ર આપી અને ઉપદેશપુર્ણ સાહિત્ય પરમ કુશળતાથી રજૂ કરનાર અને તેને જીવનભર હીમતપુર્વક મન વચન અને કાયાથી આચરણમાં મૂકનાર મહાત્મા ગાંધીજીની અહિંસાને કઈ કોટીમાં મૂકી–કેવા વસાની ગણવી?

જે સૌમ્ય પ્રકૃતિવાળો હોય

(૩૨)

સૌમ્ય પ્રકૃતિ-શાંત સ્વભાવ-ગમે તેવા C જાગનુ મા ખ ઉપસ્થિત થવા છતા પણ સ્વસ્થ મનોવૃત્તિ-અડોલ ચિત્તવૃત્તિ જાળવી રાખનાર મનુષ્ય પોતાનુ હિત જાળવવા Cપ ત તેની સાથે સમ્પર્કમા આવનાર અન્ય પુરુષોનુ હિત પણ સારી રીતે સાધી શકે છે અને તેને જીવન વ્યવહારના કાર્યમા ક્ી પણ અણધારી મુશ્કે ી આવી પડતી નથી અને ક્વચિત્ કષ્ટ મુશ્કેલી આવી પડે છે તો તે તેનો સ્હેલાઇથી પ્રતિકાર કરી શકે છે

પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય એ કહેવતમા ...ડ તથ્યાંશ સમજાતો હોય તો દરેક મનુષ્યે પોતાની પ્રકૃતિ બચપણથી જ શાન્ત રાખવાની ટેવ પુખ્ત મનોબળ સાથે પાડવી જોઇએ અને તેવી ટેવને ચુસ્તપણે વળગી રહેવાથી પ્રકૃતિના સૌમ્યપણા ... થવાના પરિણામે જીવનમા કંઇ અવાળો પલટો અવશ્ય આવી જાય છે અને સ્વભાવમા શાન્તિની જમાવટ થતા અનેક સદ્ગુણોનો પણ આવિર્ભાવ અવશ્યમેવ થાય છે

સૌમ્ય પ્રકૃતિવાળાનુ જીવન પોતાની ચારે બાજુ સુખ શાન્તિનુ અને આનન્દનુ વાતાવરણ ખ... કરતુ હોય છે ત્યારે અસૌમ્ય પ્રકૃતિવાળાનુ જીવન ચારે બાજુ અશાન્તિ અને ક્લેશ્તિના જ્વાળા ફેલાવી રહેતુ હોય છે સૌમ્ય પ્રકૃતિ અને શાન્ત સ્વભાવવાળા મનુષ્યનુ મિત્રમડળ તેમજ પ્રશંસક મડળનુ વર્તુળ વધતુ જતુ હોય છે ત્યારે દુર્વાસાનુ ઉપનામ ધારણ કરતા મનુષ્યનુ મિત્ર મડળ ઘટી જતાં તેના વિરોધીઓનુ વર્તુળ વધતુ જતુ હોય છે

સૌમ્ય પ્રકૃતિવાળા સજ્જન શાન્તિપૂર્વક જીવનની મીઠાશ અનુભવતો હોય છે ત્યારે ઉગ્ર સ્વભાવવાળો મનુષ્ય જીવનભર અનેકાપદા ખા... અને રસહીન તેમજ ... જીવન પુરુ કરતો હોય છે

જલદ ઉગ્ર સ્વભાવવાળા મનુષ્યને ડગલે ડગલે અપશુકનજ થતાં જાય છે—તે કોઇ પણ કાર્યમાં ઇષ્ટ સિદ્ધિ મેળવી શકતો નથી—તેમ વિરોધીઓની સંખ્યા વધતી જાય છે અને તેની મુશ્કેલીના વખતે પણ તેને કોઇ સહાય કરવા બહાર પડતુ નથી જ્યારે શાંત સ્વભાવવાળા મનુષ્યની સ્થિતિ તેનાથી ઉલટી રીતની જ હોય છે તે શાંતિ અને ધીરજથી પોતાના દરેક કાર્યમાં આગળ વધતો જતો હોવાથી સહેલાઇથી ફતેહ મેળવી શકે છે ત્યારે જલ અને ઉગ્ર સ્વભાવવાળા મનુષ્યને પોતાનું કાર્ય પાર પાડવામાં અનેક મુશ્કેલીઓ ઉભી થતી હોય છે

સૌમ્ય પ્રકૃતિવાળા સજ્જનની માન-પ્રતિષ્ઠા અને આબરૂમાં વધારો જ થતો રહે છે—વખત જતાં તેનો કાનો દુશ્મન પણ તેને અનુકૂળ થઇ પડે છે અને તેની સાથેના વેર-વિરોધ આપોઆપ ઓગળી જાય છે સંસાર વ્યવહારના અનેક વ્યવસાયોમાં તેને જોઇતો સાથ મળી રહે છે એટલુ જ નહિ પણ તેની સાથે કામ પાડવામાં સૌ કોઇને આનંદ અને મજા પડે છે તે પોતાનું જીવન સારી રીતે વ્યતીત કરી શકે છે તેને કદી પણ ઉજાગરા વેઠવા પડતા નથી અગર તો ચિંતાગ્રસ્ત સ્થિતિ ભોગવવી પડતી નથી આપત્તિકાળ પણ તે શાંતિથી પસાર કરી શકે છે તેને ઉંચા નીચા થવાનું કે ભિખારી બની જવાનું કારણ ઉપસ્થિત થતુ નથી ઉલટું અન્ય પુરૂષોને તે આશ્વાસન અને હીંમત આપનારા થઇ પડે છે સુખ-સમૃદ્ધિના કાળમાં પણ તે ગાંડા-ઘેલો કે ઘેલો થઇ જતો નથી આવા અનેક સદ્ગુણોથી વિભુષિત માર્ગાનુસારી જન પોતાનો જીવન વિકાસ સાધતો આગળ વધ્યે જાય છે અને સદ્ભાગ્યે તેને સાધુ જીવનમાં પ્રવેશ કરવાનું બને છે તો તે સાધુ જીવન પણ પૂર્ણ સફળતાથી પાર પાડી શકે છે અને તેને આદર્શ રૂપ બનાવી શકે છે

જે પરોપકારપરાયણ હોય

(૩૩)

परोपकाराय सतां विभूतयः -સંત જનોની-મહાનુભાવ પુરૂષોની વિભૂતિ વૈભવ-સાધન સંપત્તિ પરોપકાર માટે જ હોય છે લક્ષ્મી ચંચળ છે-ત ેના વાસો એક જ ઠેકાણે સ્થિર રહેતો નથી એટલે અમીર અને કંજુસ પુરૂષો પોતા પાસેના દ્રવ્યનો પોતાને માટે સદુપયોગ કરતા નથી અગર તો દાન દેવામાં તેનો ઉપયોગ કરતા નથી, તો પછી આખરે તેનો નાશ જ થાય છે જ [illegible] ન, ભોગ અને નાશ એ ત્રણ રસ્તા જ લક્ષ્મી કે દ્રવ્ય અને સાંસારિક સંપત્તિ માટે નિર્મિત થયેલા છે

પરોપકાર પરાયણ સજ્જનો હમેશાં કોઈપણ જાતના બદલાની અપેક્ષા રાખ્યા સિવાય અન્ય પુરૂષોને હરકોઈ પ્રકારે ઉપયોગી થઈ પડવાની-ઉપકાર કરી છૂટવાની ભાવના રાખનારા હોય છે અને તેવી તક મળતાં કદીપણ પાછી પાની કરતા નથી કોઈપણ પ્રકારની જરૂરીઆત ધરાવતા પુરૂષો માટે તેમના દ્વાર હમેશાને માટે ખુલ્લા-અભંગ જ હોય છે, કવચિત દ્રવ્ય કે સાધન સંપત્તિની વિપુલતાથી જે મદદ થઈ શકતુ [illegible] થી તે સેવાભાવી-પુરૂષોની આશ્વાસન અને હાર્દિક આશ્વાસનથી થઈ શકે છે અને ખરી જરૂરીઆત વખતે આર્થિક મદદ કરતાં પણ શુદ્ધ હૃદયના સેવાભાવપૂર્વકની આશ્વાસન અને આશ્વાસન વ્યાધિગ્રસ્ત પુરૂષોને ઘણી ઘણી રીતે ઉપકારક અને પ્રેરણાદાયી થઈ પડે છે આમ સમજી શકાય છે કે ધનેશ્વરો લક્ષ્મીનંદનની પરોપકારપરાયણતા કરતા સેવાભાવી સજ્જનોની [illegible] કવચિત્ ચઢી જાય છે ઘણા આપણા અનુભવનો વિષય છે કે લક્ષ્મીનંદનો સ્વલક્ષ્મી મદ્યને તરફ કંઈક બેદરકારી અને ઉપેક્ષાભાવ સેવતા હોય છે ત્યારે

સહદયી સજ્જન પુરુષો પોતાના સ્વધર્મી બંધુઓ તરફ તેમજ તેથી આગળ વધીને સમસ્ત જનસમાજ તરફ પણ ઉપકાર કરી છૂટવાની તક શોધતા હોય છે.

વિપુલ સાધન સંપત્તિમાં રાચ્યા માચ્યા હેતા લક્ષ્મીનંદનો અભિમાનમાં ખેંચાઇ પોતાના કુટુંબની જ સીમામાં જ દાન અને ઉપકાર કરવાનું ક્ષેત્ર સંકુચિત થઈ જતું હોય એમ માની લે છે ત્યારે, સેવાધર્મો પરમગહનો એ સૂત્રનું પ્રતિદિન અનુકરણ કરનારા સહાનુભૂતિ પુરુષ-उदारचरितानां तु वसुधैव कुटुम्बकम् સૂત્રની ભાવના હૃદયમાં કોતરી રાખી સમસ્ત જન સમાજને પોતાનું કુટુંબ માની સર્વ જન કલ્યાણ માટે કંઇ ને કંઇ યોજનાઓ ઘડતા અને તેને અમલમાં મૂકતા દષ્ટિગત થાય છે. સમાજવાદના આ જમાનામાં તેવા પુરુષોનું જીવન જ સફળ અને સાર્થક થતું જણાય છે. સમાજની જરાપણ પડી નથી તે કદી પણ પોતાના માન-આબરૂમાં વધારો કરવા ભાગ્યશાળી થઇ શકતો નથી" પરોપકાર પરાયણતા એ પોતાના પુણ્યબળમાં પરમ વૃદ્ધિ કરવાનું મુખ્ય સાધન છે અને માર્ગાનુસારીના સાધ્ય તરફ લઇ જવામાં તે ઘણું ઉપયોગી થઇ પડે છે.

પોતાના અનુભવ અને જ્ઞાન-વૈભવ તેમજ અસાધારણ વ્યવહારકુશળતા આપણને ઉપકાર કરવામાં ઘણી રીતે ઉપયોગી અને મદદગાર થઈ પડે છે. માર્ગાનુસારીના અડત્રીસમા ગુણની ચર્ચા પ્રસંગે આ વિષયમાં કેટલુંક કહેવાઇ ગયું છે એટલે અહીં વધારે ચર્ચાથી પુનરુક્તિ દોષનો ભય રહે છે છતાં પણ વિષય એવો બધો સમાજને ઉપયોગી છે કે તેના ઉપર જેટલું લખીએ તેટલું પૂરતું ગણી શકાય નહિ.

"મહાન પુરુષોના જીવનચરિત્રો અને ઇતિહાસના અભ્યાસથી આપણને તરતજ જણાઇ આવે કે પરોપકારપરાયણ પુરુષો સ્વદેહ

देहमुक्त थई गया, छतां पण तेमनी कीर्ति–नामना अने सुगंधोआथायी दुनियामा तेओ अमर ज गणाय छे कोईपण प्रकारना बदलानी के लाभ मेळववानी अपेक्षा राख्या सिवाय करवामां आवेल परोप मगनी सुवास कदी पण भुलाई जती नथी

परोपकारी सज्जननु जीवनतत्व ज उत्तरोत्तर परोपकारनी श्रेणीथी विभूषित थयेलु होय छे अने परोपकार माटे नानी–मोटी तक मळता तने तओ कदी पण निरर्थक जवा देता नथी अने तेथी ज तेमनु मार्गानुसारीपणु झळकी ऊठे छे.

जे छ अतरग शत्रुओनो नाश करवामा तत्पर होय

(३४)

जैन दृष्टिए काम–क्रोध–लोभ–मान–मद अने मत्सर ए छ प्रकारना दुर्गुणोने अतरग शत्रुओनी कोटीमां मूके छे अने जीवन व्यवहारमा सफळता मेळववानी अपेक्षा राखता पुरुषोथी माडीने ते छेवट मुमुक्षु जनोनी कोटीमां गणाता सज्जनो माटे आ छ प्रकारना अतरग शत्रुओनो सर्वथा नाश करवा परिहार करवानी अत्यत आवश्यकता जणाय छे आ छये प्रकारना अतरग शत्रुओनी दुनियाभरमा एटली बधी प्रबळता अने विपुल सत्ता जामेली जणाय छे अने ध्येयनी सिद्धि माटे ते दरेकमा एवा बधा नडतररूप अने नुकशानकर्ता जणाय छे तेमज उत्तमोत्तम सद्गुणोने तेओ एवा बधा नीची कक्षामां लावी मूके छे के दरेकने माटे विस्तृत निबंध लखी शकाय तेम छे परतु अतिशय लखाण थई जवाना भयथी सक्षिप्त चर्चा करवानु ज योग्य धारवामा आवे छे

बाह्य शत्रुओने शस्त्र–साधननी विपुलता अने सख्याबध सुसज्ज अने बहादुर तेमज मरणीआ सैनिकोनी मदथी जीती शकाय छे अने तेवा शत्रुना लोहीओनी नामावळी घणी लांबी थवा सभव छे, परतु उपर जणा या मुजबना अतरग शत्रुओने

સર્વાંશે હતના । વિરલા સુભગ જ નજર પડે છે આવા સુભટોએ આ માનોની મ કરતાં પોતાના અંતરંગ બળ ઉપર જ વધારે ઝૂઝવાનુ હોય છે ઉત્તમોત્તમ સદ્ગુણોથી જમા થતુ પુણ્ય બળ–અધમ વાસનાઓ ઉપરતો નખર કાબુ–ઇન્દ્રિયોને દમન કરી તેને સ્વવશ રાખવાની શકિત અને પૂરતુ મનોબળ ધરાવતા સજ્જનો સહેલાઇથી ઓછા–વત્તા અંશે અંતરંગ શત્રુઓ ઉપર જીત મેળવી શકે છે અને તેમનો નાશ કરવામાં સફળતા પ્રાપ્ત કરી શકે છે

આ ૭ શત્રુઓ ઉપર જીત મેળવવા માટે કેટલીક પ્રાથમિક તૈયારીની જરૂર જણાય છે આવી તૈયારીથી સાધન–સામગ્રીનો યોગ્ય સંચય કરી–પોતાના બળાબળનો પુખ્ત વિચાર કરીને જ આવા દુર્દમ અંતરંગ શત્રુઓ સામે ખુલ્લા યુદ્ધમા ઉતરવુ જોઇએ આવા યુદ્ધમાં સભાનપૂર્વકની–કુનેહભરી પીઠેહઠ પણ ઘણીજ નુકશાનકારક છે એટને તેને માટે સ્થાન રહેવા દેવુ જોઈએ નહિ ઉપમિતિભવપ્રપચાકથામા ઉપરોક્ત ૭ પ્રકારના અંતરંગ શત્રુઓ અનિષ્ટ દુર્ગુણો–અધમવાસનાઓ અને સદ્ગુણો અને શુભ વાસનાઓ વચ્ચેના ભીષણ સંગ્રામનુ ઘણુ જ તલસ્પર્શી અને બોધદાયક તેમજ રસભરપૂર વર્ણન ઘણા જ વિસ્તારપૂર્વક આપવામા આવેલુ છે બને પક્ષના સુભટો અને શૂરવીર યોદ્ધાઓને પોતપોતાના પક્ષના અન્ય સૈનિકો અને સરદારોની મદદ કઇરીતે કેવા સ્વરૂપમાં મળી રહે છે તેમજ હવાતમા ઉપર તેઓ બધા કેવા પ્રકારની જુદી જુદી અસર નીપજાવે છે તેમજ જીવ વિકાસ ક્રમેક્રમે કઇરીતે સાધી શકાય છે તે બહુ જ ચતુરતાથી સમજાવવામા આવેલ છે

યન કરીને ઊગતાં જન્તે પોતાનુ બળ નતાગર બતાવી શકે તે પહેલાજ નાબી દેવા જોઇએ કે જેથી પાછળથી વધારે તકલીફ કે મુશ્કેલીમા ઉતરવુ પડે નહિ તેવી જ રીતે ઉપરોક્ત અંતરંગ

શત્રુઓને પણ તેમનો પ્રાદુર્ભાવ થતાં જ તેમને દાબી દેવા જોઇએ આ બાબતમાં જરાપણ પ્રમાદ કે બેદરકારી રાખવી જોઇએ નહિ

વિષયાભિલાષીપણાને ઉત્તેજન આપવાથી–વિષયાસક્તિમાં તલ્લીન થઇ જવાથી, કામની અને ઇચ્છાઓની વૃદ્ધિ થતી જાય છે કામથી ક્રોધની, ક્રોધથી સંમોહની સંમોહથી સ્મૃતિવિભ્રમની અને સ્મૃતિભ્રંશથી બુદ્ધિનાશ, અને બુદ્ધિનાશથી જીવાત્માની બધી શક્તિઓ હણાઇ જાય છે (જુઓ ભગવદ્ગીતા અધ્યાય ૨, શ્લોક ૬૨–૬૩)

આ કારણે વિષયાસક્તિ ઉપર અને તેટલો કાપ મૂકવાની અંકુશ રાખવાની જરૂર છે વિષયાસક્તિ અનેક પ્રકારની અધમ વાસનાઓને જન્મ આપી તેમની વૃદ્ધિ કર્યે જાય છે અને તેમને તાબે થવાનું થતાં દુષ્કૃત્યો અને અનિષ્ટ આચરણોમાં ફસી જવાય છે દુષ્ટવૃત્તિ અને અધમ વાસનાઓની તૃપ્તિ માટે અનેક પ્રકારના જોખમ અને સાહસ ખેડવાની પ્રવૃત્તિ વધી પડે છે તેવી પ્રવૃત્તિ વધી જતાં પાપ કર્મનો પુંજ અણધારી રીતે વધી જાય છે અને જીવાત્માને દુર્ગતિ તરફ ખેંચી જાય છે કામની તૃપ્તિ માટે ન કરવા યોગ્ય કૃત્યો કરવાની ઇચ્છા થયા કરે છે ક્રોધને અવકાશ મળતાં જીવાત્મા પોતાનું બધું પુણ્ય હારી જાય છે ક્રોધથી વિવશ થયેલ આત્મા પોતે બળી બળી રાખ થઇ રહે છે અને બીજાને પણ બાળી મૂકે છે તેને કૃત્યાકૃત્યનો કંઇ વિવેક રહેતો નથી મિત્રો કે સંબંધીઓની પ્રીતિ અને સદ્ભાવ તે ગુમાવી બેસે છે એટલું જ નહિ પરંતુ શત્રુઓની સંખ્યામાં વૃદ્ધિ કરતો જાય છે મળેલો લાભ જતો કરીને પણ તેના બદલામાં અવશ્ય કોઇ પરિણામ તો નથી તેવી જ રીતે લોભ પણ એક દુર્ગુણ પૈકીનો એક મહાન દુર્ગુણ છે લોભને થોભ નથી એટલે કે લોભી પુરુષને જેમ જેમ લાભ મળતો જાય છે તેમ તેમ તેનો

લોભમાં યેન કેન પ્રકારેણ લાભ મેળવવાની વૃત્તિમાં વૃદ્ધિ થતી જાય છે અને તે કયાં જઈ અટકશે તે કલ્પી શકાતું નથી તેના પ્રતિકાર માટે સંતોષવૃત્તિનું અનુસરણ જ પરમ સુખરૂપ થઈ પડે છે લોભી મનુષ્ય અર્નિશ વધારે લાભ મેળવવાની ઝંખનામાં પ્રવૃત્ત રહેતો હોવાથી શાંતિ સુખ કે આરામની ખરી મજાહથી તે બેનસીબ રહે છે જ્યારે સંતોષી પુરુષ હમેશાં આનંદની છોળો ઉડાડતા રહી, સુખ-શાંતિની મોજ માણુતા હોય છે લોભવશાત્ મનુષ્ય ગમે તેવું જોખમ અને સાહસ ખેડવા તૈયાર થઈ જાય છે અને આખરે ખુવાર થાય છે, છતાં પણ લોભનો ત્યાગ કરી શકતો નથી એટલું જ નહિ પણ સંચિત પુણ્યમૂડી હારી જતાં અનેક દુઃખનું કારણ થઈ પડે છે માન-મદ અને મત્સર આપસઆપસમાં એક બીજા દુર્ગુણોની વૃદ્ધિના કારણભૂત થઈ પડે છે અભિમાની પુરુષ પોતાનામાં અછતા ગુણોનો પણ સદ્ભાવ હોવાનું માની લઈ જે તે ગુણોના આવિર્ભાવ માટે કોઈપણ પ્રકારનો પ્રયાસ કરવા માટે બેદરકાર રહેતો હોવાથી, જીવનભર જે તે ગુણોથી તદ્દન બેનસીબ જ રહે છે અને અભિમાનમાં બડાઈ-દંભ-આડંબર ખાલી દેખાવ કરવાની પ્રવૃત્તિમાં જ રચ્યોપચ્યો રહે છે અને, કવચિત્ પોતાનું પોકળ ખુલ્લું થઈ જવાનો પ્રસંગ આવી પડે છે, તો તે પોતાની ભૂલ સુધારી નહીં લેતાં પોતે માની બેઠેલા તેના કારણભૂત મનુષ્યો તરફ નાહકની દુશ્મનાવટ ઊભી કરે છે અને અમર્યાદ દુઃખ અને સંતાપની પરંપરા હોરી લે છે

ગર્વ અને અભિમાનમાં તણાતો પુરુષ પોતાના બળ અને શક્તિની ખરી કીમત આંકવાની કદી પણ દરકાર કરતો નથી વાસ્તવિક કીમત કરતાં ઘણી વધારે કીમત જ માની બેસે, છે જ્યારે પોતાના સામાવાળાના બળ અને શક્તિની ખરી કીમત કરતાં ઓછી કીમત આંકવા તૈયાર થઈ જાય છે અને પરિણામે

જ્યારે સઘર્ષણનો પ્રસગ આવી પડે છે ત્યારે શરમજનક રીતે પાછો પડે છે છતા પણ પોતાની ભૂલ સુધારી લેવા તૈયાર થતો નથી. આવા આવા અનેક કારણોને લીધે અભિમાની પુરુષ પોતાની મુરાદમાં કદી પણ સફળતા મેળવવા ભાગ્યશાળી થઈ શકતો નથી અને પોતાની નિષ્ફળતાના ખરા કારણોની અવગણના કરી, તેને માટે બીજાના માથે દોષ ઢોળવા ફાંફાં મારતો જણાય છે આવા અભિમાની અને ગર્વિષ્ઠ પુરુષો પરિણામે પોતે પાગવાર નુકશાનીમાં ઉતરે છે અને પોતાના સહાયકોને પણ નુકશાનીમા ઉતારે છે પોતાના બળ-રૂપ-કુળ જ્ઞાન વગેરે માટે મદ ધરાવતા પુરુષોની સ્થિતિ પણ અભિમાની પુરુષોની સ્થિતિ માફક શોચનીય જ જણાય છે તેવી જ રીતે મત્સર ધરાવતો પુરુષ પણ પોતાની ગુણહીનતાનો વિચાર કરવાની પરવા કરતો નથી અને અન્યના સદ્ગુણોની ઇર્ષ્યા કરતો રહી સદૈવ ઇર્ષ્યાગ્નિથી બળ્યો ઝળ્યો જ રહે છે કોઈ દુબળે કેયુ કે સારે શહેરની ફીકર-ની કહેવતને અનુસરતો રહી મત્સરપૂર્વક અન્ય જનો ઉપર આક્ષેપ કરવા તૈયાર થઈ જાય છે, પરંતુ પોતાની પરિસ્થિતિ તરફ આંખમીચામણાં જ કરતો રહે છે કાગડો જેમ ચાંદુ શોધી કાઢે તેની માફક આવા ઇર્ષ્યાળુ દુર્જનો, સજ્જનોની નબળી બાજુ તરફ જ મીટ માંડી રહેલા હોય છે તેમની વૃત્તિ મુખ્યત્વે દૂધમાંથી પુરા ખોળી કાઢવા તરફ જ ઢળેલી હોય છે સાર વસ્તુની તેમને ખરી કીમત કદી પણ, સમજાતી નથી આ રીતે આપણે જોઈ શક્યા એ પ્રકારના અંતરંગ શત્રુઓ આપણા પવિત્ર આત્માને ઘણી રીતે નુકશાન અને હાનિ કરનારા જ છે એક શત્રુ સ્વતંત્ર રીતે આપણું ઘણું જ નુકશાન કરી શકે છે તો પછી એ શત્રુઓ એકી સાથે કેટલું બધું નુકશાન પહોંચાડે તે કલ્પી શકાય તેમ છે અને તેથી જ શાસ્ત્રકારો માર્ગાનુસારી સજ્જનને તેનો નાશ કરવા માટે તત્પર રહેવા ફરમાવે છે આવી તત્પરતા જ જીવન

વિમસ સાધી શકે છે અને આત્મકલ્યાણનો માર્ગ સરળ અને જળા–જાખરાથી મુક્ત કરી શકે છે

જેણે ઇન્દ્રીયોને વશ કરી હોય

(૩૫)

સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય એ પાચે પ્રકારની ઇન્દ્રિયોને વશ કરવાની જરૂર જણાવવામાં આવેલ છે એકેક ઇન્દ્રિયના વિવશપણાથી જીવ પોતાના સહાગે નોતરે છે તો પછી પાચે ઇન્દ્રિયોનુ વિવશપણુ કેટલુ બધુ નુકશાનકારક ગણવુ જોઇએ તેની કલ્પના સહેજે થઈ શકે તેમ છે

હાથી મત્સ્ય ભ્રમર, પતગ અને હરણ અનુક્રમે ઉપર જણાવેલ જુદી જુદી ઇન્દ્રિયોના વિવશપણાથી, પોતાનુ ભાન ભૂલી પોતાનો જાન ગુમાવી બેમે છે તે દરેક પ્રાણીનો જ્વલત દાખલો આગળ ધરી આપણને ભારપૂર્વક સમજાવવામાં આવે છે કે પચેન્દ્રિયધારક મનુષ્ય પ્રાણી સ્પર્શ, રસના (જિહ્વા) ઘ્રાણ ચક્ષુ અને શ્રોત્ર એ પાચ પ્રકારની ઇન્દ્રિયોથી થતા વિષયસુખમા તલ્લીન બની વિષયાસક્ત બની જાય અને તે દરેક ઇન્દ્રિય ઉપર સપૂર્ણ કાબૂ રાખવા પૂરતુ વિજય મેળવવા પૂરતુ આત્મવીર્ય ન ફોરવે–આત્મબળ ન કેળવે તો તેના જીવાત્માને બધુ આત્મધન–આત્માની અનત શક્તિઓ હારી જવાનો–ગુમાવી બેસવાનો જ પ્રસગ આવી પડે

વિષયવાસનાની તૃપ્તિ ખાતર–જુદી જુદી ઇન્દ્રિયોદ્વારા જે કઈ સુખ મેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે તે સુખ સાચુ સુખ નથી પણ સુખાભાસ જ છે અને તે સચ્ચિદાનદ–આત્માના નિજાનદ–જ્ઞાનાનદથી થતા પારમાર્થિક સુખ આગળ કઈ વીસાતમાં જ નથી દિપતપ્રદ્ય ની બરાબર રતા કહેવામા આવે છે કે–જ્યારે

મનુષ્ય મનમાં રહેલી સઘળી કામનાઓનો ત્યાગ કરે છે અને આત્મા
દ્વારા જ આત્મામાં સંતુષ્ટ રહે છે ત્યારે તે સ્થિત-પ્રજ્ઞ કહેવાય છે
મન ઈ બધી કામનાઓ-વિષય વાસનાઓની તૃપ્તિ ઇન્દ્રિયો દ્વારા
કરી શકાય છે પરંતુ શરીર આત્મા ઇન્દ્રિયો ઉપર
જીત મેળવી સંપૂર્ણ મનોયોગપૂર્વક ઇન્દ્રિયોને કાબૂમાં
લઈ મનમાં ઉઠતી વાસનાનો ત્યાગ કરવા શક્તિમાન થાય
છે ત્યારે તેને આત્માનંદમાં જ તલ્લીનતા જામે છે અને આત્માનંદ
સિવાય તેને બીજા કોઈ પણ પ્રકારના સુખ કે આનંદની ઝંખના
રહેતી નથી બાહ્ય શત્રુઓ ઉપર વિજય મેળવવાનું સુલભ છે પરંતુ
ઇન્દ્રિયોના સમૂહ ઉપર વિજય મેળવવાનું ઘણું જ દુર્લભ છે અને
તે દુર્લભ છે તેથી જ તેના ક્રમના વિજયનું મૂલ્ય પણ ઘણું જ ઊંચું છે
અને સાધનાર તેથી થતા લાભ પણ અગણિત જ છે

ઇંદ્રિયોને તેના વિષયોમાંથી સમેટી લઈ—પાછી વાળી, વિષયો
સંબંધી એમ ઓઠી કરી નાખવી આ મગજ કેળવી મનને કાબૂમાં
લાવવું અને આત્માને વશ થયેલા મનની શુદ્ધિથી ઇન્દ્રિયો ઉપર
વિજય મેળવવામાં આવે તો જ યમ-નિયમની કષ્ટ સાર્થકતા છે
તે સિવાય યમ-નિયમ પણ રોગના કાય-ક્લેશરૂપ થઈ પડે છે

મનની ચંચળતા-ચપળતા દૂર કરી શકાય તો જ ઇંદ્રિય જય
થઈ શકે છે ઇન્દ્રિયોના જયથી મનની શુદ્ધિ ક્રમે ક્રમે વધતી જાય
છે અને મનની શુદ્ધિથી મોક્ષપ્રાપ્તિ સુલભ બની શકે છે તપ-
જપ વ્રત-નિયમ તેમજ દેહ દમનના અન્ય સર્વ ઉપાયો મનની
શુદ્ધિ વિના નિરર્થક જ છે ઇન્દ્રિયો ઉપર જીત મેળવ્યા સિવાય
ક્રોધ માન-માયા અને લોભરૂપી કષાયો જીતી શકાતા નથી ઉપર
જણાવેલ કષાયો ઉપર જીત મેળવવા માટે ક્ષમા, મૃદુતા, સરળતા
અને સંતોષરૂપ સદ્ગુણોને પૂર્ણ સ્વરૂપમાં ખીલવવાની જરૂર છે

અને તે માટે ઇન્દ્રિયો ઉપરનો વિજય ઘણો મદદગાર થઈ પડે છે એમાં કોઈ ઉત્તમ ગુણને ખાતર ચુસ્તપણે વળગી રહેવામાં આવે તો તેથી અનેક સદ્‌ગુણોનો આકર્ષક થઈ પડે છે અને વખત જતાં સદ્‌ગુણોની શ્રેણી–પરંપરાને નીપજાવી શકાય છે આવા સદ્‌ગુણોને ટકાવી રાખવા માટે તેમને સારા પ્રમાણમા ખીલવવા માટે મન ઉપરનો કાબૂ અને ઇન્દ્રિય ઉપરનો વિજય આવશ્યક જણાય છે (અને) માર્ગાનુસારી સજ્જન એ તે લક્ષ્યની સાધના માટે ઇન્દ્રિયોને વશ રાખવા માટે સાવધાન રહેવુ જોઈએ ઇન્દ્રિયોનુ દમન મનોનિગ્રહ સિવાય તદ્દન અશક્ય છે અને મનોનિગ્રહ અષ્ટાંગ યોગની સાધનાથી જ સરલ અને સુતર બની શકે છે એ જોતાં યોગનો અભ્યાસ અને અભ્યાસ આવશ્યક થઈ પડે છે શ્રીમદ્ આનંદઘનજીકૃત સત્તરમા શ્રી કુંથુનાથજીનુ સ્તવન આ વિષયમા–મનોનિગ્રહની બાબતમાં આપણુ ખાસ ધ્યાન ખેંચે છે 'મનડુ કીમહી ન બાઝે–હો કુંથુજિન મનડુ કીમહી ન બાઝે' એ પદથી શરૂ થતુ સ્તવન ખાસ વિચારણા માગી લે છે શ્રીમદ્ ચિદાનંદજીકૃત મનની સ્થિરતા ઉપરનુ પદ પણ સાઘંત વિચારણીય થઈ પડે છે

જબ લગ આવે નહિ મન ઠામ,

તબલગ કષ્ટ–ક્રિયા સવિ નિષ્ફળ, જ્યો ગગને ચિત્રામ જબ લગ ૧

ઉપરોક્ત સ્તવન અને પદના અભ્યાસથી મનને કાબૂમાં લાવવાનો પ્રયાસ કરવાથી ઇન્દ્રિય નિગ્રહ ને ઇન્દ્રિયોને વશ રાખવાનુ સુસાધ્ય છે

અન્તિમ નિવેદન

શ્રીમદ્ હેમચંદ્રાચાર્યપ્રણીત યોગશાસ્ત્રના વાંચન દરમીયાન માર્ગાનુસારીના ગુણો તરફ લક્ષ્ય જતાં ચાતુર્માસવિશ્રવનામા પહેલા ગુણ ઉપર જ લેખ લખવાની પ્રેરણા થઈ અને તે લેખ

પૂર્ણ થતા અ પ ગુણો C ાર વિવેચનપૂર્વક લખવાનું મન થતાં પાત્રીસ ગુણો ઉપરનું વિવેચન ક ઇક મન ાપૂર્વક લખવાની જરૂર જણાઇ અને તે પાર પાડતા અત્ર કહેવું જોઇએ કે—ઉપરના વિવેચનમાં સહૃદય વાચકને કોઇ પણ પ્રમારની ક્ષતિ—ત્રુટી કે ભૂલ થોલી જણાય તો તે તર્ફ ધ્યાન ખેચવામા આવ્યેથી તે સુધારી લેવા જરૂર તજવીજ કરવામા આવશે.

પાંત્રીશે ગુણો ઉપરના વિવેચનથી સહજ સમજી શકાય તેમ છે કે તેમાંના ઘણા ખરા ગુણો માર્ગાનુસારી ગૃહસ્થ ઉપરાંત સામાન્ય રીતે સદ્ગૃહસ્થ ની ગણનાની કોટીમા ગણાવાની અપેક્ષા રાખનાર માટે પણ ખાસ ઉપયોગી છે અને સુયોગ્ય સદ્વર્તનના બધારણ માટે (Character building માટે) તે ઘણા જ જરૂરના અને ઉપકારક છે ચાલુ જમાનામાં ધર્મપરાયણ અને ધર્મીઠ ગણાતા અનેક સજ્જનોનુ જીવન હાથીના દાંતો જેમ દેખાડવાના જુદા અને ચાવવાના જુદા હોય છે તેની માફક ધર્મસ્થાનોમાં અને જીવનવ્યવહારના કાર્યોમા કઈક કમનસીબ—નીરનિરાળુ જણાતુ હોવાથી અને સદ્વતનના બધારણ સબધમા કઈક આક્ષેપ થતો હોવાથી, તેના પ્રતિકાર માટે યોગ્ય પ્રયાસની આવશ્યકતા સ્વીકારવામાં આવે, તે ગણતરીથી વિવેચનનુ કામ હાથ ધરેલ છે એટલે તેના વાચનનો લાભ લઇ સદ્વર્તનના બધારણ માટે આપણે યથાશક્તિ પ્રયાસ કરવા થઇ જઇએ અને આપણી તમામ શકિતને તે દિશામા જ વાળી લઇએ તો આ પ્રયાસ સફળ અને સાર્થક થયાનો સંતોષ લેવાનુ બની શકે સદ્ગૃહસ્થ તરીકેનુ સદ્વર્તન-ઉચ્ચ કોટીનુ જીવન રાષ્ટ્રીય બાબતમા વ્યાપાર-ઉદ્યોગના વ્યવહારોમા સામાજિક કાર્યોમા દેશોદ્ધાર માટેના પ્રયત્નોમા તેમજ ધાર્મિક કાર્યોમા પણ અનેરો ભાગ પાડનારુ થઇ પડે તેમ છે એટલુ જ નહિ પણ ઇષ્ટસિદ્ધિમા પણ તે ઘણુ જ મદદગાર થઈ પડવા સભવ છે

વર્તમાન પરિસ્થિતિનું દીર્ઘદષ્ટિથી નિરીક્ષણ કરતા ચ
ચારિત્ર્યશીલ-સદ્દર્શનશાળી મનુષ્યોની સમાજો દેશોદ્ધારના
આગળ ધપાવવા માટે-આઝાદીને પૂર્ણરીતે પચાવવા માટે
મોટામાં સમયમાં જેટલી જરૂર છે તેટલી જ જરૂર પ્રથમના
હેતુની ખરી કર્મયોગીના સર્વોત્તમ નીતિમત્તાની ઉચ્ચ
ઉપરથી આપણી સમાજનો મોટો ભાગ, એટલો બધો નીચે
પડયો છે, ઉપરોક્ત પાનીયો ગુણોના મક્કમ પાયારૂપ
માનવતાના મુખ્ય ગુણો-મા વિધર્મરૂપ આવશ્યક સદ્ગુણો
બાવ વંચિત રહેલો દષ્ટિગત થાય છે કે અત્યારે ચારે
સમાજો ઊંચી લાવવા માટેના તનતોડ પ્રયાસો થઈ રહ્યા
સાચા માનવ ધર્મને તેના યોગ્ય સ્થાને સ્થાપિત કરી
બહારથી ખીલવવા માટે ભડકીર દેશનાઓ અને સમાજ
ભાની આગેવાનો સાચા હૃદયપૂર્વકના ઉદ્ગારો અને પ્રવચ
સમગ્ર સજ્જનોને તેમની ફરજ અને જવાબદારીઓનું ભા
થાય છે તેઓ તેમના અવિરત પ્રયાસમાં સફળતા
ઓ જ અભ્યર્થના

વકીલ ન્યાલચંદ લખમીચ
બી એ એલએલ

સાચો જૈન

જૈન ધર્મ મળ્યો નર પણ મગુર જૈન કર્મ કર્યો હોવે
ગુરૂ ઉપદેશ [...] જ્ઞાન જેવો વો
પરમ ગુરૂ જેવો કહ્યો ક્યાં હોવે?
અહંત રૂચિ શમ-જલ ઝીલે, કામ-ક્રોધ ને
ભજુલ પાપમન ભગન ધાર શુદ્ધ સ્વરૂપ નિજ લેવે

સ્યાદ્વાદ પૂરન જો જાને, નય ગર્ભિત જસ વાચા
ગુન પર્યાય દ્રવ્ય જો બુઝે સોઇ જૈન હૈ સાચા પરમ ૩

ક્રિયા મૂઢમતિ જો અજ્ઞાની, ચાલત ચાલ અપૂરી,
જૈન દશા ઉનમેંહી નાહી, કહે સો સબહી જૂઠી પરમ ૪

પરપરિણતિ અપની કરી માને ક્રિયા ગર્વ ગહેલો
ઉનકું જૈન કહો ક્યું કહીએ સો મૂરખમેં પહેલો પરમ ૫

જૈન ભાવ-જ્ઞાને સબમાંહી શિવસાધન સદ્દહીએ
નામ વેષ સું કામ ન સીઝે, ભાવ ઉદાસે રહિયે પરમ, ૬

જ્ઞાન સકલ નય સાધન સાધો, ક્રિયા જ્ઞાનકી દાસી
ક્રિયા કરત ધરતુ હે મમતા યાહી ગલેમેં ફાંસી પરમ ૭

ક્રિયા બીન જ્ઞાન નહી કબહુ ક્રિયા જ્ઞાન બીનુ નાહિ
ક્રિયા જ્ઞાન દોઉ મીલત રહતુ હે, જ્યોં જલરસ જલમાંહી પરમ ૮

ક્રિયા મગનતા બાહિર દીસત જ્ઞાન શક્તિ જસ ભાંજે,
સદ્ગુરુ શીખ સુને નહિ કબહુ સો જન જનતે લાજે પરમ ૯

તત્ત્વ બુદ્ધિ જીનકી પરિણતિ હે સકલ સૂત્ર કી કુંચી
જગ જસ વાદ વદે ઉનહીકા જૈન દશા જસ ઉંચી પરમ ૧૦

---

૧ સરખાવો — મહાત્માજીને અત્યંતપ્રિય સુપ્રસિદ્ધ ભજન
'વૈષ્ણવજન તો તેને કહીયે જે પીડ પરાઇ જાણે રે
પર દુખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે'
ઉપરોક્ત ભજન એટલું બધું રસિક ધર્મના બોધક સર્વ
માન્ય અને સર્વધર્મસંમત થઇ પડ્યું કે હરકોઇ ધર્મનો અનુયાયી
'વૈષ્ણવ' શબ્દની જગાએ પોતાના સંપ્રદાયનો શબ્દ રાખી
ગાતાં રોકી શકતો નથી

૨ જ્ઞાન ક્રિયાભ્યામ મોક્ષ ।

માનવધર્મને પલ્લવિત કરતાં વચનામૃતો

૧ માનવધર્મને પલ્લવિત કરતા વચનામૃતો વિશ્વવાત્સલ્યનો પાયો માનવતા છે માણસાઈ કે માનવધર્મ ન હોય ત્યા લગી માણસ મનુષ્યનુ શરીર ભલે પામ્યો હોય, છતાં પણ તે સાચો મનુષ્ય ન ગણાય (તે સાચો મનુષ્ય ન બને ત્યાં લગી એ ગમે તેવો પોતાની જાતને ધર્મનિષ્ઠ માનતો હોય, પરતુ એની એકેએક ધર્મ ક્રિયા એકડા વગરના મિડા જેવી છે પછી એ ભલેને તે જન સેવક ગણાતો હોય અથવા તો મુમુક્ષુ ગણાતો કે તપસ્યા કરતો હોય કે માળા ફેરવતો હોય, તીર્થાટન કરતો હોય કે મંદિરમા વસતો હોય.

આટલા માટે જ એકેએક ધર્મશાસ્ત્રમાં માનવતા વિષેની માગણી પ્રથમ મુકવામા આવી છે)

૨ મિત્તિ મે સવ્વ ભૂએસુ વેર મજ્ઝ ન કેણઈ–વદીતાસૂત્ર

૩ યજ્ઞ એટલે હરકોઈ પરોપકારી કામ તેને સારૂ નથી ધનની જરૂર, નથી બુદ્ધિની જરૂર કે નથી ભણતરની જરૂર. જેનુ જીવન આખુ યજ્ઞમય હોય તેને માટે કહી શકાય કે તે ચોરીનુ અન્ન ખાતો નથી તે પોતાનુ શરીર મન, બુદ્ધિ જે કઇ હોય તે પરમાર્થને સારૂજ વાપરે છે

૪ સાચની પ્રતિજ્ઞા બીજી તમામ પ્રતિજ્ઞાઓ કરતા ચડી જાય છે

૫ વ્યવહાર અને ધર્મ જુદી જુદી વસ્તુ નથી વ્યવહારમાં ધર્મ નકામો નીવડે તો તે ધર્મની કશી કીમત નથી

૬ સાચુ માનવ દૃષ્ટિ બિંદુ એજ છે કે એક માણસ પોતાનુ કામ બીજા પાસેથી ન લે, ને બીજા પાસે પોતાની ગુલામી ન કરાવે પોતાના લાભ ખાતર બીજાને ચુસે નિચોવે નહી

૭ આત્મશુદ્ધિ ને માટે અક્ષરજ્ઞાન આવશ્યક નથી અક્ષરજ્ઞાન વિનાના અનેક સાધુઓ આત્મશુદ્ધિ સાધીને જગતની પરમ સેવા કરી ગયા છે પણ અક્ષરજ્ઞાન લેવુજ હોય, વિદ્યા પ્રાપ્ત કરવી જ હોય તો તે વિદ્યાને આત્મશુદ્ધિને પોષે તેવી રીતે બનાવવાની છે

सा विद्या या विमुक्तये

શુદ્ધિ પત્રક



પૃ ૫ લીટી ૧૦ શરણે ને બદલે કારણે
પૃ ૭ લીટી ૨૨ તો ,, નો
પૃ ૮ લીટી ૨૦ તો ,, નો
પૃ ૮ લીટી ૨૬ શીખ્વમાં ,, શીસામાં
પૃ ૧૧ લીટી ૯ નો ,, તો
પૃ ૧૪ લીટી ૧૩ જો , નો
પૃ ૧૫ લીટી ૧૭ મા , ના
પૃ ૧૭ લીટી ૧૭ તણી ,, ફાની
પૃ ૨૧ લીટી ૩ તેમ , તો
પૃ ૨૪ લીટી ૨૬ પ્રજા , પણ
પૃ ૩૧ લીટી ૧૧ છે , કે
પૃ ૩૮ લીટી ૧૨ પમદગી ને પછીથી ઉમેરો અપાઉ
પૃ ૪૦ લીટી ૫ ખેની ને બદલે ખોળા
પૃ ૪૧ લીટી ૨૪ ધરીજે થઈજે
પૃ ૪૧ લીટી ૨૫ વેન ,, વેદની
પૃ ૪૩ લીટી ૭ વૃતિ , વ્હેતી
પૃ ૪૩ લીટી ૮ ’ારી ,, ઠારી
પૃ ૪૩ લીટી ૨૧ નેનો ,, ને તો ।
પૃ ૪૫ લીટી ૧૮ ન ,, ત
પૃ ૪૭ લીટી ૨ જૈન ,, જૈનને

૪૭ લીટી ૧૩ આપના , અપા
૪૭ લીટી ૧૯ ' „ ને
૪૮ લીટી ૧૪ તી પ્હેનાં ઉમેરો વતન
૫૦ લીટી ૧૮ જતા પછી ઉમેરો અનૂ
૫૨ લીટી ૫ વખતમા ને બદલે હેતુમાં
૫૫ લીટી ૫ એકાની ને બદલે એમારી
૫૫ લીટી ૨૦ ઈચ્છ્યાં કરતાં સુધીનો ભાગ ચેકી નાખો
૫૭ લીટી ૫ જાણી ને બદલે ગણી
૫૮ લીટી ૬ પના ને બદલે ના
૬૧ લીટી ૧૪ તમજસત ને તેમનાજ
૬૨ લીટી ૩ ચાને ને મને ચાવા
૬૩ લીટી ૮ તેઓ તેમનો
૬૫ લીટી ૨૨ પ્રાન પછી ઉમેરો રાણી નિર્ણય
૭૯ લીટી ૧૪ બરાબર પછી ઉમેરો સાથ
૮૬ લીટી ૧ નાગ ને બદલે ખોટા
૧૦૧ લીટી ૨૫ તો
૧૦૯ લીટી ૧૫ યમમા , મચયમાં
૧૧૧ લીટી ૧૪ જો , જનોને
૧૧૨ લીટી છેકી રાખ , કામ
૧૧૭ લીટી ૩ વિાના , વિદ્વત્તા
૧૨૨ લીટી ૬ સામાન્ય પછી ઉમેરો એવું